શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી : 6



# સિદ્ધાંતસારનું અવલોકન

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

સંપાદક :
ડૉ. ધીરુભાઈ ઠાકર



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 7

શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી : 6

# સિદ્ધાંતસારનું અવલોકન

**મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)**

સંપાદક

**ડૉ. ધીરુભાઈ ઠાકર**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક

https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

અમદાવાદ 2004

Sidhhantsarnun Avlokan
By Manishanker Ratnaji Bhatt (Kant)
Ed. by Dhirubhai Thaker

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રકાશક

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380 013.
ફોન : 2755 1703

Email : vishvakoshad1@gmail.com
website : www.vishwakosh.org

પહેલી આવૃત્તિ : 2005 દ્વિતીય આવૃત્તિ : 2005

કિંમત : 70

મુદ્રક
**ચંદ્રિકા પ્રિન્ટરી**
મિરઝાપુર, અમદાવાદ 380 001

મુખ્ય વિક્રેતા

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

## અર્પણપત્ર

# રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ

### બી.એ., એલએલ.બી., અમદાવાદ

પ્રિય ભાઈ

આ પત્રો કેવે વખતે અને શા હેતુથી લખાયા હતા, તે તમે સૌથી વધારે સારી રીતે જાણો છો. હાલ પુસ્તકના આકારમાં પ્રગટ થતાં તેની સાથે તમારું નામ જોડવાનું જ યોગ્ય લાગ્યું છે; અને તેના સ્વીકાર માટે આભારી છું.

તમારો સ્નેહાધીન,<br>
**મણિશંકર**

# અનુક્રમ

પત્ર-1 : ........ 21
પત્ર-2 : ........ 25
પત્ર-3 : ........ 31
પત્ર-4 : ........ 35
પત્ર-5 : ........ 42
પત્ર-6 : ........ 50
પત્ર-7 : ........ 58
પત્ર-8 : ........ 64
પત્ર-9 : ........ 70
પત્ર-10 : ........ 74
પત્ર-11 : ........ 79
પત્ર-12 : ........ 83
પત્ર-13 : ........ 88
પત્ર-14 : ........ 91
પત્ર-15 : ........ 96

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ (encyclopaedia) તૈયાર કરવાનો સંકલ્પ કર્યો તેના મૂર્ત પરિણામ રૂપે વિશ્વકોશના ભૂમિકાખંડ સહિત 19 ગ્રંથો છેલ્લાં 19 વર્ષ દરમિયાન પ્રગટ કર્યા છે. સાથે સાથે વિશ્વકોશમાં સમાવેશ પામેલા કે તેના આનુષંગિક વિષયોની સામગ્રીને સંવર્ધિત સ્વરૂપે અલગ પુસ્તક રૂપે પ્રગટ કરવાનું પણ ચાલુ રહેલ છે. તે અનુસાર 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી'માં 'ગાંધીચરિત', 'કૅન્સર', 'ગુજરાત', 'નાટક દેશવિદેશ-માં', 'ભારત : પ્રતિભા અને પરિદર્શન' – એમ પાંચ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. હવે છઠ્ઠું પુસ્તક 'સિદ્ધાન્તસારનું અવલોકન' (સાહિત્ય) અહીં પ્રગટ થાય છે, જે છેલ્લા છસાત દાયકાથી દુષ્પ્રાપ્ય હતું. તેનું સંપાદન ડૉ. ધીરુભાઈ ઠાકરે કરી આપ્યું છે તે બદલ ટ્રસ્ટ તરફથી તેમનો આભાર માનું છું.

આ ઉપરાંત 'કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી'માં 'ગુ-જરાતના સ્વાતંત્ર્યસૈનિકો : માહિતીકોશ', 'ભૂકંપ : માહિતી અને ઘટના', 'વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ', 'મેઘાણીચરિત', 'ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક' તેમજ 'લોકશાહી' (રાજ્યશાસ્ત્ર) ગ્રંથો પ્રગટ થયા છે. આ બંને શ્રેણીઓને જિજ્ઞાસુઓનો ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે.

હવે ત્રીજી 'શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી' શરૂ થાય છે. તેમાં વિવિધ ક્ષેત્રોનાં અભ્યાસ, સમજ અને ખેડાણમાં વિવિધ સ્તરના જિજ્ઞાસુઓને રસ પડે અને ઉપયોગી નીવડે તેવા વિષયોનો પરિચય આપતાં પુસ્તકો પ્રગટ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. તેમાં પ્રથમ તબક્કે 'જનીનવિજ્ઞાન' (વિજ્ઞાન), 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો' (ઇતિહાસ), 'લિપિ' (પુરાતત્ત્વ) અને 'લોકવિદ્યા-પરિચય' (સંસ્કૃતિ) એમ ચાર વિભિન્ન વિષયોનાં પુસ્તકોનો સમાવેશ કર્યો છે. આશા છે કે સાહિત્યરસિકો અને અભ્યાસીઓને આ પ્રકાશનો ગમશે અને ઉપયોગી થશે.

તા. 2-10-2004

**કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિની)

પચીસેક વર્ષ પહેલાં ‘જ્ઞાનસુધા’માં પ્રગટ થયેલા આ પત્રોને પુસ્તકના રૂપમાં પ્રગટ કરવાનો વિચાર થયો, અને છાપવાનું કામ શરૂ કરવામાં આવ્યું, ત્યારે એવી ધારણા હતી, કે સિંહાવલોકન કરીને લેખને વધારે ઉપયોગી બનાવી શકાશે. અનેક અનિવાર્ય અડચણોને લીધે એ ધારણા પાર પાડી શકાઈ નથી; અને પત્રો અગાઉના રૂપમાં જ બહાર પડે છે. એ રૂપમાં પણ અત્યારના ગુજરાતી વાંચનારાઓને તેઓ અમુક અંશે ઉપયોગી થશે, એવી આશા છે.

**મણિશંકર રત્નજી ભટ્ટ**

# ભૂમિકા

'સિદ્ધાન્તસાર' મણિલાલ નભુભાઈ દ્વિવેદીની દાર્શનિક વિચારણાનો પ્રમાણભૂત આકરગ્રંથ છે. તેમાં લેખકે જગતનાં તમામ ધર્મવિષયક દર્શનો કરતાં પ્રાચીન અદ્વૈતદર્શનની શ્રેષ્ઠતા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. દુનિયાના ધર્મોના સર્વસાધારણ ઊગમનું પગેરું ભારતમાં મળે છે એવું પ્રતિપાદન કરવા તેઓ ઉદ્યુક્ત હતા. તેથી બધા ધર્મોમાં મૂલગત રીતે એક યા બીજા સ્વરૂપે અદ્વૈતદર્શનનું હાર્દ રહેલું છે એવું સમજાવવાનો તેમણે પુરુષાર્થ કર્યો છે. દુનિયાના પ્રત્યેક ધર્મનો અભ્યાસ કરીને, તેની લાક્ષણિકતાઓ સમજાવીને, દરેકની તુલના આર્યધર્મ સાથે કરીને છેવટે સર્વશ્રેષ્ઠ અને સર્વસ્વીકાર્ય ધર્મ આર્યધર્મ છે એમ સાબિત કરવાનો તેમણે આ ગ્રંથમાં પ્રયત્ન કર્યો છે. એ દૃષ્ટિએ 'સિદ્ધાન્તસાર'નું પ્રકાશન (1889) એક મહત્ત્વની ઘટના ગણાય.

'સિદ્ધાન્તસાર'ના પહેલા પ્રકરણમાં તેઓ સર્વમાન્ય એક ધર્મભાવના નક્કી કરવાની આવશ્યકતા પર ભાર મૂકે છે અને છેલ્લાં બે પ્રકરણોમાં ભારતીય અને પાશ્ચાત્ય તત્વદૃષ્ટિની તુલના કરીને જગતની સર્વમાન્ય ધર્મભાવના થવાને લાયક કોઈ પણ ધર્મ હોય તો તે અદ્વૈતમૂલક આર્યધર્મ જ છે એમ સિદ્ધ કરવાનો તેમણે પ્રયાસ કર્યો છે. વચ્ચેનાં પ્રકરણોમાં વેદ, ઉપનિષદ, સૂત્ર, સ્મૃતિ, ષડ્દર્શનો, બૌદ્ધ, જૈન અને ચાર્વાક મતો, પુરાણો, તંત્રો અને વિવિધ પંથ-સંપ્રદાયોનો પરિચય આપ્યો છે.

પુરાણોમાં અતિશયોક્તિ રૂપક ઇત્યાદિ સહેતુક છે એવું બતાવીને તેમણે પ્રાચીન રીતરિવાજોનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. મૅક્સમૂ-

લરે પુરાણો વિશે કરેલી ટીકાનો જવાબ તેઓ ‘વિષ્ણુ’ અને ‘દશાવતાર’નું અર્થઘટન કરીને આપે છે. આ રીતે પુરાણોની ખરી કદર કરવા માટે મણિલા-લની વિચારશ્રેણીની અન્યથા આકરી ટીકા કરનાર ‘કાન્ત’ ‘સિદ્ધાન્તસાર’નું અવલોકન કરતી વખતે પ્રો. મણિલાલની પદ્ધતિને ‘પરમ સ્તુતિપાત્ર’ ગણે છે.

1889માં સ્ટૉકહોમ ખાતે ભરાયેલી ઓરીએન્ટલ કૉંગ્રેસમાં તેમણે ‘The Puranas (philology versus symbology)’ એ શીર્ષકનો લેખ લખીને મોકલ્યો હતો. તેમાં મૅક્સમૂલર આદિ વિદ્વાનોના મતનું ખંડન કરેલું હોવાથી સારી પેઠે ઊહાપોહ થયેલો. મણિલાલના પુરાણવિવેચને પાશ્ચાત્યોને હિન્દુ પુરાણોનું ખરું રહસ્ય સમજાવીને વિદેશમાં આર્યધર્મ વિશે રસ જગાડવા-માં અને ગુજરાત ખાતે ભણેલા માણસોની પુરાણોને ગપ માનવાની વૃત્તિને બાલિશ ઠેરવવામાં ઘણો ફાળો આપ્યો છે.

સિદ્ધાંતસારમાં રજૂ થયેલી આ વિચારશ્રેણીએ પશ્ચિમના વિદ્વાનોમાં ઊહાપોહ જગાડ્યો તેની સાથે ગુજરાતના સુધારક ગણાતા વિચારક-વર્ગમાં પણ કંઈક સંક્ષોભ ઊભો કર્યો હતો. ધર્મ અને સાહિત્યનાં ક્ષેત્રોમાં મણિલાલ જોડે પ્રામાણિક મતભેદ ધરાવનાર અમુક વિદ્વાનો હતા. તેમાં ‘જ્ઞાનસુધા’ના તંત્રી રમણભાઈ નીલકંઠ (1868-1928) મુખ્ય હતા. મણિલાલના માસિક પત્ર ‘સુદર્શન’ અને રમણભાઈના ‘જ્ઞાનસુધા’ વચ્ચે દ્વૈત અને અદ્વૈતસિદ્ધાન્તને અવલંબીને બ્રાહ્મ ધર્મ અને ક્રિશ્ચિયાનિટી, સનાતન હિંદુ ધર્મ, મોક્ષવિચાર, અધિકાર વગેરે અનેક વિષયો અંગે ઉગ્ર વિવાદ ચાલ્યો હતો. એકપક્ષે મણિલાલ અને આનંદશંકર અને સામે પક્ષે રમણભાઈ, નરસિંહરાવ અને કાન્ત હતા એમ કહી શકાય. આ વિવાદની ફલશ્રુતિ રૂપે હોય તેમ, રમણભા-ઈએ મણિલાલ, મનઃસુખરામ અને તેમના સનાતની અનુયાયીઓ સામે કટાક્ષ ફેંકતી ‘ભદ્રંભદ્ર’ની વાર્તા 1892ના એપ્રિલથી ‘જ્ઞાનસુધા’માં પ્રગટ કરવા માંડેલી. ‘ભદ્રંભદ્ર’ પુસ્તક રૂપે પ્રગટ થયા પછી તેનું આનંદશંકરે, પોતાના સ્વભાવથી ઉપરવટ જઈને, કંઈક ઉગ્ર ભાષામાં અવલોકન લખીને ભદ્રંભદ્ર પર આરોપેલાં લક્ષણો સુધારાવાદીઓને લાગુ પાડીને રમણભાઈ અને તેમના સમર્થક વર્ગને જવાબ આપ્યો હતો.

✵

‘સિદ્ધાન્તસાર’ના અવલોકનની વાત જરા જુદી હતી. ગુજરાતના પ્રથમ પંક્તિના કવિ ‘કાન્ત’ એટલે કે મણિશંકર રત્નજી ભટ્ટ (1867-1923)

રમણભાઈના મિત્ર હતા. તેઓ ઉદારમતવાદી હોવા છતાં તેમણે સુધારક તરીકેની કંઠી બાંધી નહોતી. બીજાઓ કરતાં તેમનું મન ખુલ્લું હતું. એટલે મણિલાલની ટીકા કર્યા પછી પણ તેમના વક્તવ્યનું સ્વારસ્ય પકડીને તેને ન્યાય કરવાની ઉદારતા તેઓ દર્શાવે છે. અહીં પત્ર રૂપે મૂકેલા અવલોકન પરથી આ વસ્તુ સ્પષ્ટ થશે. આ ઘટના ગુજરાતી સાહિત્યનું એક રસિક પ્ર-કરણ બની રહેલ છે એટલે તેની થોડીક વિગતે વાત કરીએ.

મણિલાલ અને રમણભાઈ વચ્ચે વિવાદ શરૂ થયો તે અરસામાં રમણ-ભાઈએ મિત્ર મણિશંકરને મણિલાલ વિરુદ્ધ કંઈક લખવાનું સૂચન કર્યું હશે એમ 'કાન્તમાળા'માં પ્રગટ થયેલા કાન્તના વડોદરાથી તા. 21-12-1890ના પત્રમાંના નીચેના ઉદ્‌ગારો પરથી સમજાય છે :

> But is there any necessity of condemning him i.e. Manilal ? I do not think many care for his opinions. Can we not do better to let him and everybody else alone, and devote ourselves to the cultivation of our literature ?
>
> ('કાન્તમાળા', પૃ. 327)

કાન્તના આ જવાબ પછી પણ બે મિત્રો વચ્ચે સુધારાવાળા અને સના-તનીઓ વચ્ચે ચાલતા સંઘર્ષની ચર્ચા થાય છે; પણ કાન્ત તેમાં પડવા માગતા નથી. તા. 29-1-1891ના વડોદરેથી લખેલા પત્રમાં તેઓ કહે છે :

> Truth must have pity for the erring, no hatred. If the opposite party be consciously mischevous, we are justified in despising them. But if otherwise, we can only be sorry for the perverted minds.
>
> ('કાન્તમાળા', પૃ. 328)

એ રીતે રમણભાઈએ મણિલાલ સામે મોરચો માંડ્યો ત્યારે મણિશંકરે મણિલાલનાં મંતવ્યોની ઉપેક્ષા કરી હતી.

✵

1893ના સપ્ટેમ્બરમાં કાન્ત 'શિક્ષણશાસ્ત્રનો ઇતિહાસ' પૂરો લખી રહે છે. તેનો થાક એમને એટલો ચઢે છે કે કવિતા વાંચવા કે લખવા જેટલી માનસિક શક્તિ પોતે મેળવી શકતા નથી એ મતલબના ઉદ્‌ગારો તા. 14-

9-1893ના રમણભાઈ પર લખેલા પત્રમાં તેઓ કાઢે છે. સાથે વેદાંત વિરુદ્ધ લખવાની ઇચ્છા પણ પ્રગટ કરે છે. તેઓ કહે છે :

> For some months past I have been constantly thinking of writing a vigorous attack on Vedanta... I wish to write either in the form of a review of સિદ્ધાન્તસાર or in the form of letter or in some other form where humour also can come in.
>
> ('કાન્તમાળા', પૃ. 332)

*આ પ્રમાણે 'સિદ્ધાન્તસાર'નું અવલોકન લખવાની ઇચ્છા દર્શાવ્યા પછી મણિલાલ અને તેમની વેદાન્તી વિચારશ્રેણી પર હળવી શૈલીમાં માર્મિક પ્રહાર કરતા, કાન્તના આઠ પત્રો 1894ના માર્ચ-એપ્રિલથી ડિસેમ્બર સુધીમાં 'જ્ઞાન-સુધા'માં પ્રસિદ્ધ થાય છે. તે પછી, ઘણું કરીને 1895ના જૂનની આસપાસમાં, મણિલાલ અને મણિશંકરનો વડોદરામાં પહેલવહેલો મેળાપ થાય છે. પ્રો. બ. ક. ઠાકોરના કહેવા મુજબ, બૉમ્બે થિયૉસૉફિકલ સોસાયટીના એક અગ્રગણ્ય શ્રીમંત સભ્ય તુકારામ તાત્યા (જેમણે પાછળથી મણિલાલનાં કેટલાંક પુસ્તકો પણ પ્રગટ કર્યાં હતાં) વડોદરામાં રહેતા હતા. તે પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરના મિત્ર હોવાથી મણિલાલ અને મણિશંકરનું મિલન ગજ્જર દ્વારા તુકારામ તાત્યાને ત્યાં ગોઠવાયું હતું. કાન્તને સ્વીડનબૉર્ગનું પુસ્તક પ્રથમ વાંચવા આપનાર આ સજ્જન હતા. પરિચય વધતાં મણિલાલના વ્યક્તિત્વ અને વિચારોનો મણિશંકર પર એવો પ્રભાવ પડે છે કે મણિશંકરનું મણિલાલવિરોધી વલણ ઓગળી જાય છે અને મણિલાલ તથા વેદાન્ત વિશે તેમના ઋજુ હૃદયમાં સદભાવ જાગે છે. તે અંગે મણિલાલ તા. 22-8-1895ના રોજ પોતાની રોજનીશીમાં નીચે મુજબ નોંધ કરે છે :*

*વડોદરા કલાભવનમાં મણિશંકર રત્નજી કરીને ગ્રેજ્યુએટ નોકર છે. તેના વિચાર વેદાન્તની વિરુદ્ધ હતા. જ્ઞાનસુધામાં સિદ્ધાન્તસારનું અવલોકન તે લખે છે. તેનો મારી સાથે સમાગમ વધતાં તેના વિચાર બહુ જ બદલાઈ ગયા, જેનું ફલ જુલાઈના 'જ્ઞાનસુધા'માં તેણે જણાવ્યું છે.*

(*મ. ન. દ્વિ.નું* આત્મવૃત્તાંત, તા. 22-8-95ની નોંધ, આવૃત્તિ બીજી, પૃ. 183)

'જ્ઞાનસુધા'માં કાન્તાએ લખેલા પ્રત્યુત્તર રૂપે પોતાનું મણિલાલતરફી

વલણ દર્શાવીને કાન્તે આ વિચારપરિવર્તનનો નિખાલસ એકરાર કર્યો છે.[1] ('જ્ઞાનસુધા', પુ. 9 અં. 7, પૃ. 161). આ પત્રની અંદર કાન્તા કાન્તને મણિલાલનો એટલે કે પ્રાચીન હિન્દુ ધર્મ, વેદાન્ત અને બ્રાહ્મણોનો પક્ષ લઈને સ્વધર્મ ભણી વળવાનું સૂચન કરે છે. નમૂના દાખલ નીચેના ઉદ્‌ગારો જોઈએ :

*સત્ય એ છે કે કંઈક મારા પરના મોહને લીધે અને કંઈક તમારી ઇંગ્લિશ કેળવણીને લીધે તમારી આંખની આગળ અંધારી આવી ગઈ છે... પ્રો. મણિલાલમાં કંઈક એવું સામર્થ્ય છે કે તેનું બીજા કોઈ પણ સમકાલીન લેખકમાં દર્શન થતું નથી. જેમને તેમના નિકટ સમાગમનું સુખ મળ્યું છે, તે બધા બેધડક કહે છે કે દેશનો ખરો ઉત્કર્ષ કંઈક એમના જેવી દૃષ્ટિએ દેશની ભૂત અને વર્તમાન સ્થિતિને જોયા વગર થવાનો નથી. મને પોતાને તેમનો જે અનુભવ થયો છે તેનું તો મેં તમારા હૃદય પાસે એક વાર પ્રકાશન પણ કીધેલું છે."*

*(પત્ર 9મો, પૃ. 50)*

કાન્તાનો આ પત્ર 'જ્ઞાનસુધા'ના તંત્રી રમણભાઈ છાપે તો છે, પણ તેમાંના વિચારોથી તેઓ તત્કાળ એવા અસ્વસ્થ બની જાય છે કે કાન્તના પ્રત્યુત્તરની રાહ જોયા વિના પોતે ત્યાં ને ત્યાં જ કાન્તાના મતનું એકેએક મુદ્દો લઈને ખંડન કરવા પ્રવૃત્ત થાય છે. કાન્તાના પત્રથી તેમને થયેલો સંક્ષોભ તેમના વક્તવ્યના આરંભના શબ્દો દર્શાવે છે :

*આ પત્રનો* કાન્ત *તરફથી લખાયેલો ઉત્તર હજી અમારા વાંચવામાં આવ્યો નથી. તેણે* કાન્તને *યોગ્ય ઉત્તર આપ્યો હશે જ. પરંતુ તે પ્રસિદ્ધ થયો*

---

1 આ પત્ર છાપવા મોકલતી વખતે 'જ્ઞાનસુધા'ના તંત્રીને ઉદ્દેશીને કાન્ત નીચેની વિલક્ષણ નોંધ મોકલાવે છે તે પણ પત્રની સાથે પાદટીપ રૂપે છપાયેલી માલૂમ પડે છે :

"મહેરબાન 'જ્ઞાનસુધા'ના તંત્રીની સેવામાં,

આજે વળી કાન્તાનો જ પત્ર આપને મોકલી આપવાની હિંમત કરું છું. એ પત્રમાં 'પેલા સાહેબ' પર જરા ઠીક આક્ષેપ છે, તેથી મને રુચે છે. એ આપને નહીં ગમે, અને સ્ત્રીઓના કાગળો એવી રીતે પ્રકટ કરવા એ આપને અયોગ્ય લાગશે તો હું જે ભૂલ કરતો હતો તે જ ભૂલ કર્યા કરવાને સજ્જ છું. જોકે એટલું મારે કબૂલ કરવું જોઈએ કે આપને માટે નકલ કરવામાં આપના વિવેકી વાંચનારાઓને ન ગમે તેવાં સ્નેહ કે ભવિષ્યસુખની આશાઓનાં વચનો કાઢી જ નાખ્યાં છે.

વિ. આપનો જૂનો ઓળખીતો

પોસ્ટમાસ્તર

*નથી ત્યાં સુધી આ પત્રમાંની કેટલીક બાબતો વિવેચન વિના રહેવા દેવી એ યોગ્ય લાગતું નથી. તેથી તે વિશે ટૂંકમાં ચર્ચા અહીં અમે જ કરીશું. અલબત્ત, જે સ્નિગ્ધ છતાં દૃઢ આગ્રહથી कान्त कान्ताने સત્ય સમજાવી શકે છે તે વૃત્તિ અને શૈલી તેનાથી ઇતરથી ધારણ કરી શકાય તેમ નથી, પણ તેના બદલામાં વખતે કંઈ વધારે સખ્તાઈથી અમે દોષ બતાવી શકીશું. પ્રથમ તો એ જ કહીશું કે कान्तना આટલા બધા પત્રો વાંચ્યા છતાં कान्ताने આવી રીતે લખતી જોઈ અમને કંઈક નિરાશા થઈ છે.'*

('જ્ઞાનસુધા', જુલાઈ 1895, પૃ. 164)

બીજે મહિને કાન્ત કાન્તાના પત્રનો વળતો જવાબ આપે છે; પણ તેનાથી રમણભાઈને સંતોષ થતો નથી. તેમને કાન્તનો જવાબ કંઈક મોળો લાગે છે. એટલે કાન્તના પત્ર 10માની નીચે તેઓ પુનઃ પોતાની ટીકા મૂકે છે.

(જુઓ 'જ્ઞાનસુધા, ઑગસ્ટ 1895, પૃ. 190-192 અને પાછળનું પૂંઠું)

❋

બીજી તરફ આ જ સમયગાળામાં અંગત પત્રવ્યવહારની અંદર પણ કાન્ત અને રમણભાઈ વચ્ચે મણિલાલ અને તેમના વિચારો અંગે ટપાટપી શરૂ થઈ હતી એમ 'કાન્તમાળા'માંના કાન્તના પત્રોની સામગ્રી જોતાં જણાય છે. રમણભાઈએ પત્ર દ્વારા કાન્તને તેમના મતપરિવર્તન વિશે ફરિયાદ કરી હશે તેનો જવાબ કાન્ત નીચે પ્રમાણે આપે છે :

વડોદરા, તા. 26-6-1895

> ... I have undergone no change of views. It is only the attitude that has changed. I for one can't kill my intellect and believe in અભેદ. But I have certainly come to look with respect upon a school of philosophy of very old traditions numbering in its train who can't be summarily dismissed as so many dunces. This is all the change and it means that from being a hostile and partisan critic, I have ascended the platform of historical criticism and sympathetic appreciation of doctrines sincerely believed. None the less I believe the doctrines as wrong, nay even pernicious. But my tone has lost all bitterness.

('કાન્તમાળા', પત્ર નં. 26, પૃ. 336)

આગળ જતાં તા. 22-7-1895ના રોજ કાન્ત રમણભાઈને પોતે મણિલાલથી પ્રભાવિત થયા તેનું કારણ સમજાવતાં લખે છે :

> I don't defend Manilal because he charms me, but he charms me because he too speaks of God in worthy words. There is a bridge between our hearts, and I recognise a brother even in him.
>
> ('કાન્તમાળા', પત્ર નં. 27, પૃ. 337)

મણિલાલના સંપર્કથી શાંકર વેદાન્તને સહૃદયપણે સમજવા તત્પર બનેલ કાન્ત પોતાના પ્રાર્થનાસમાજી મિત્રને જ્ઞાનાધિકાર પરત્વે પ્રતીત થતું શંકરનું ઉદ્દામ દૃષ્ટિબિન્દુ સચોટતાથી સમજાવે છે. પ્રાચીન હિન્દુ ધર્મ તરફના કાન્તના વધતા જતા મનોવલણથી રમણભાઈને ઘણું દુઃખ થયું હશે અને તે એમણે કાન્ત પર પત્ર દ્વારા વ્યક્ત કર્યું હશે. કાન્તના આ વિચારો પ્રાર્થનાસમાજ પર ટીકારૂપ છે એમ રમણભાઈએ માની લીધું હશે. તેનો જવાબ સરલહૃદયી કાન્ત તા. 16-8-1895ના રોજ નીચે પ્રમાણે આપે છે :

> It is very painful to me to see that I pain you so often. But indeed I am misunderstood. I only wanted to condemn myself. I never wanted to cast any opprobrium on the પ્રાર્થનાસમાજ. I mentioned પ્રાર્થના simply because I am not a વેદાન્તી but a monotheist.... I am only conscious of my own want of piety. The સમાજ might well refuse to recognise such a sinful creature as I am as a brother. I am only conscious of the truth of two simple lines I learnt long ago :
>
> *બુરા દેખન મૈં ગયો બુરો ન મિલિયો કોય*
> *જો દેખું દિલ ખોજ કે મોંસે બુરો ન કોય.*
>
> ('કાન્તમાળા', પત્ર નં. 29, પૃ. 339)

આમ, તા. 26-6-1895થી તા. 16-9-1895 સુધીના કાન્તના રમણભાઈ ઉપર લખેલા પત્રો તેમના પલટાતા માનસનું ક્રમિક વિકસન સૂચવે છે. 'સિદ્ધાન્તસાર'નું અવલોકન લખતી વખતે પહેલા પત્રમાં જ કાન્તે કાન્તાને ચેતવણી આપતાં કહ્યું છે :

*"તમે સિદ્ધાન્તસાર શા માટે વાંચો છો ? નહીં કે તમે તેમાંના ખોટા વિચારોથી ભૂલમાં પડશો એવી મને ભીતિ છે. તમને વિવેક છે. પરીક્ષા છે.*

*પણ પ્રો. મણિલાલના લેખોમાં અમુક મોહની છે. ભલભલા આદમી પણ તેના ભક્ત થઈ પડ્યા છે. મને ભીતિ નથી, એમ મેં કહ્યું, પણ કાન્તે, ખરું બોલાવો તો ભીતિ કેમ ન હોય ?* (પત્ર 1, પૃ 1)

કાન્તની આ ભીતિ પોતાને માટે ખરેખર સાચી પડે છે. તેઓ મણિલા-લના લેખોથી નહીં તેટલા, ઉપર જોયું તેમ, પ્રત્યક્ષ મુલાકાત થતાં, તેમના વ્ય-ક્તિત્વથી અંજાઈ ગયા ! કાન્તના ચિત્ત પર તેના ચિરકાલીન સંસ્કાર પડે છે. પ્રત્યક્ષ મુલાકાત પછી પણ 'જ્ઞાનસુધા'માં 'સિદ્ધાન્તસાર'નું અવલોકન ચાલુ રહે છે. તેમાં મણિલાલના વિચારોની પરીક્ષા કરતાં કાન્ત ક્વચિત્ તેમની ભૂલો બતાવીને વિરોધ કરે છે; પણ એકંદરે તેમાં મણિલાલના દૃષ્ટિબિન્દુને સમભાવપૂર્વક સમજવાનો તેમનો પ્રયત્ન સ્પષ્ટ વરતાઈ આવે છે. 1896ના ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં 'સિદ્ધાન્તસારના અવલોકન'નું સમાપન કરતી વખતે કાન્ત મણિલાલ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં કહે છે :

''અનેક વિરોધો, પુષ્કળ એકપક્ષી સમર્થન અને બીજા એ પ્રકારના દોષો હોવા છતાં એકંદરે હું પ્રો. મણિલાલના પ્રસ્તુત લેખને આદરણીય ગણું છું... મારી જાતને માટે બોલું, તો હું પ્રો. મણિલાલને આપણા પ્રાચીન ધર્મના આદરણીય અંશ તરફ ધ્યાન ખેંચવાને ગુરુ ગણું છું.''[2] (પત્ર 15, પૃ. 79)

---

2 છેલ્લા પત્રને અંતે 'જ્ઞાનસુધા'ના તંત્રીને ઉદ્દેશીને મૂકેલો પેલા 'પોસ્ટમાસ્તર'નો લાક્ષણિક પત્ર વાંચવા જેવો છે : ''મહેરબાન 'જ્ઞાનસુધા'ના તંત્રીની સેવામાં, આપને મારા પુરોગામીએ ચોરીને રાખી મૂકેલા પત્રો મોકલવાનું મેં બે વર્ષ પહેલાં શરૂ કરેલું : અને તે થોડા હોવા છતાં છેલ્લો પત્ર આ વખત જ મોકલી શકું છું તે માટે ક્ષમા આપશો. આપે અને આપના વાચકોએ એ પત્રો ધ્યાનથી વાંચ્યા હશે. મને પોતાને એમાં બહુ પાંડિત્ય દેખાયું નથી, એમ હું આપને પ્રથમથી જ લખી ચૂક્યો છું. પણ એક સ્ત્રીને લખેલા કાગળોમાં વધારે પાંડિત્ય લાવી પણ કેમ શકાય ? બેશક કાન્તાને હું તેના lover (આનો ગુજરાતી સમાનાર્થ શબ્દ જણાવશો ?)ની જ માફક સુજ્ઞ ગણું છું; પણ છતાં પ્રો. મણિલાલની સાથે સ્ત્રી માત્રને જરા અવિશ્વસ્ય ગણું છું. અસ્તુ.

'' છેવટે હું માત્ર એટલું સૂચવવાની રજા માગું છું કે સુધારાવાળાઓએ પણ પ્રાચીન પક્ષની માફક પોતાના સિદ્ધાન્તના પ્રતિપાદન માટે ગંભીર ગ્રંથો લખવા ઘટે છે. એવું નહીં થાય ત્યાં સુધી માત્ર ભાષણોથી કે ન્હાના નિબંધોથી બહુ ફળ થવાનું નથી. આપણા લોકો હજી નવીન વિચારોવાળા પ્રાચીન કરતાં વધારે ધર્માગ્રહી હોઈ શકે એટલું સમજતા નથી. આપણામાં માર્ટિન લૂથર જેવા થોડા જ ધર્મવીરો પ્રકટ થયા છે. હવે જોકે ધર્મવીર થવું એ તો કોઈના હાથમાં નથી; તોપણ ધર્મની ખાતર વધારે ગંભીર પ્રયત્ન કરવાની તો દરેક ધાર્મિક મનુષ્યની ફરજ છે એમ સેવક સમજે છે. તસ્દી માફ કરશો.

વિ. તમારા ઓળખીતા પોસ્ટમાસ્તરની

સલામ.''

મણિલાલે કાન્ત જેવા અદ્વૈત વેદાન્ત તરફ દૃઢ અનાસ્થા ધરાવનાર વિદ્વાનને હિંદુ ધર્મ ભણી વાળીને વિરોધી મટાડી સ્વધર્મ પ્રતિ વાજબી સહાનુભૂતિ ધરાવતા કર્યા, તે એમના વિચારોની સંગીનતા અને તેમના વ્યક્તિત્વના પ્રભાવનું નિદર્શન કરે છે. સિદ્ધાન્તસાર એ રીતે બે જુદા માર્ગના પ્રવાસીઓ મણિલાલ અને મણિશંકરને નજીક લાવવામાં નિમિત્ત બને છે.

✵

મણિલાલ પ્રત્યે મણિશંકરનું આકર્ષણ તીવ્ર હતું. 'સિદ્ધાન્તસારનું અવલોકન' કર્યા પછી પણ બંને વચ્ચે પત્રવ્યવહાર ચાલુ રહ્યો હશે એમ સ્વ. અંબુભાઈ પુરાણીએ 'બુદ્ધિપ્રકાશ' (ત્રૈમાસિક) એપ્રિલ-જૂન 1942ના અંકમાં પ્રગટ કરેલા મણિલાલ પર લખેલા ત્રણ પત્રો વાંચતાં સમજાય છે. આ પત્રો આરંભમાં વૃદ્ધિંગત થઈને અંતે ઘટેલા ગુરુશિષ્યસંબંધનો ખ્યાલ આપે છે.

પહેલો પત્ર વડોદરેથી તા. 13-4-1897ના રોજ લખેલો છે. તેમાં કાન્ત મણિલાલને 'તમે ગુરુ (master) અને મિત્ર (friend) ઉભયની ફરજ બજાવીને મને સુખ અને સામર્થ્ય આપેલાં છે' એમ કહીને અદ્વૈત-સાધનામાં પોતાના ગુરુ બનવાની વિનંતી કરે છે. મણિલાલ પાસે તેઓ તેમની રોજનીશી વાંચવા માગે છે. કેટલીક કાવ્યકૃતિઓ જોવા મોકલે છે અને રમણભાઈને પોતે મણિલાલના વિચારોથી રંગી દેવાની (convert) આશા દર્શાવે છે.

મણિલાલે તેનો જવાબ તા. 23-4-1897ના રોજ આપ્યો હતો. તેના અનુસંધાને બીજો પત્ર કાન્ત 19-5-1897ના રોજ લખે છે. તે પરથી સમજાય છે કે મણિલાલે આત્મકથા બતાવવાની ના પાડેલી; કાવ્યકૃતિઓમાં સ્તોત્રો મણિલાલને ગમેલાં, પણ પોતે તેને કાવ્યદૃષ્ટિએ નબળી કૃતિઓ ગણે છે એમ કાન્તે જણાવેલું. આ પત્રમાં 'વ્હાલાંઓને પ્રાર્થના' એ અંજની-ગીત પણ મોકલે છે અને મરાઠી અંજની-ગીતના રાગમાં ગાઈ જવાનું સૂચવે છે.

બીજા અને ત્રીજા પત્ર વચ્ચે નવ માસનો ગાળો છે. ત્રીજો પત્ર વડોદરાથી લખેલો છે. તેમાં મણિલાલને 'Professor' સંબોધન કરેલું છે. આ પત્ર કાન્ત મણિલાલના લેખનકાર્યને ''સ્વધર્મના પ્રકાશથી દ્વેષપૂર્વક વિમુખ રહેલા દેશબંધુઓનું તેમના સાન્નિધ્યમાં જ રહેલ પ્રકાશ ભણી ધ્યાન દોરવાની પહેલ કરનારી મહાન પ્રવૃત્તિ'' તરીકે ઓળખાવીને અંજલિ આપે છે. તે વિશે પોતાનું વલણ સમજાવતાં તેઓ કહે છે :

“મેં પણ તમારા ગંભીર ચેતવણીના સૂર સાંભળ્યા હતા અને કેટલોક વખત તેની અવગણના પણ કરી હતી. પણ પછી મેં મારી આસપાસ નજર ફેરવી તો મને પ્રકાશ દેખાયો. એટલે હું તમારા વિચારો સાથે સંમત થયો. એ અનંત અને દિવ્ય પ્રવૃત્તિની ભીતર ઊંડે સુધી હું જોઈ શકતો નથી. પણ મને તેની શક્તિમાં પૂર્ણ શ્રદ્ધા છે.”

મણિલાલે ફેબ્રુઆરી, 1898માં કાન્તે સ્વીડનબૉર્ગના અંગ્રેજી પુસ્તક-ના કરેલ અનુવાદ ‘લગ્નસ્નેહ અને તેનાં વિશુદ્ધ સુખો’નું અવલોકન કરેલ તેનો ઉલ્લેખ એ પત્રમાં છે. છેલ્લે સ્વીડનબૉર્ગની પોતાની ઉપર વધતી જતી અસરનું વર્ણન કરતાં કાન્ત ઉદગાર કાઢે છે કે,

“સ્વીડનબર્ગ મને ઉત્તરોત્તર માર્ગદર્શન આપે છે. ખરેખર તે સ્વર્ગનો ફિરસ્તો છે. તેણે મારી સમક્ષ સત્યનો એટલો વિશાળ મહાસાગર ખુલ્લો કર્યો છે કે મારો તાવ પણ જતો રહ્યો... ઊર્ધ્વપંથ હવે મારાથી અદશ્ય રહ્યો નથી.”

આ ઉદગારો સૂચવે છે તેમ, કાન્તના જીવનમાં મણિલાલ અને વે-દાન્તનું સ્થાન હવે સ્વીડનબૉર્ગ અને ખ્રિસ્તી ધર્મ લે છે. આ પત્ર લખાયા પછી આઠ મહિને – ઑક્ટોબર, 1898માં – મણિલાલનું અવસાન થાય છે. 1900માં કાન્ત ખ્રિસ્તી ધર્મ સ્વીકારે છે. તેને પરિણામે કુટુંબ, સ્નેહી, મિત્રો અને સમાજથી બહિષ્કૃત થાય છે, જે ન વેઠાતાં, 1904માં તે પ્રાયશ્ચિત્ત કરીને આર્ય સમાજવિધિથી હિંદુ ધર્મમાં પુનઃ દાખલ થાય છે. પણ ખ્રિસ્તી ધર્મ અને સ્વીડનબૉર્ગ વિશે શ્રદ્ધા છેવટ સુધી રહેલી. 1905માં પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં મણિલાલને માટે ‘બ્રહ્મનિષ્ઠ’ વિશેષણ મૂકવા સામે તેમણે વાંધો લીધેલો.

✵

છેક 1919માં કાન્ત ‘સિદ્ધાન્તસારનું અવલોકન’ને પુસ્તકાકારે પ્રગટ કરવા તૈયાર થાય છે. ભાવનગરથી તા 24-4-1919ના રોજ લખેલા પત્રમાં તેઓ રમણભાઈને નીચે મુજબ જણાવે છે :

> I am reprinting my ‘સિદ્ધાંતસારનું અવલોકન’. I am adding some of my ચર્ચાપત્ર’s in the જ્ઞાનસુધા as appendices. I wish to dedicate the whole volume to you. It is a product of the spring time of our life, of which I need not be ashamed. My dedication will be a rather long


letter reviewing that and the subsequent portion of our life. I shall of course send you my draft for approval. And I wish to print your reply also, which also, is sure to be rather long. Do you agree ?

('કાન્તમાળા', પત્ર નં 130, પૃ. 378)

આ પત્રનો જવાબ રમણભાઈએ શો આપ્યો તે જાણવા મળતું નથી; પરંતુ 'સિદ્ધાન્તસારનું અવલોકન' એ નામથી આ પત્રોનો સંગ્રહ મુંબઈના હિંદ સેવક સમાજ તરફથી 1920માં પ્રગટ થયેલો ઉપલબ્ધ છે. પણ તેમાં ઉપર નિર્દેશેલો લાંબો અર્પણ-લેખ નથી. રમણભાઈને ઉદ્દેશીને લખેલી ટૂંકી અર્પણ-નોંધ જ છે. વળી એમાં કોઈ ચર્ચાપત્રનો પણ સમાવેશ થયેલો નથી. આનું કારણ તા. 24-10-1920ના પત્રમાં કાન્તે નિર્દેશેલી પોતાની માંદગી છે એમ પ્રો. બળવંતરાય ઠાકોર ઉપર્યુક્ત પત્ર 'કાન્તમાળા'માં પ્રગટ કરતી વખતે નોંધે છે. (જુઓ 'કાન્તમાળા', પૃ. 378)

ગુજરાતી પત્રસાહિત્ય તેમજ ચિન્તનાત્મક સાહિત્યમાં આ ઘટના અપૂર્વ અને અનન્ય છે. હળવા રસળતા રોમૅન્ટિક મિજાજમાં ધર્મચિન્તન જેવા ગંભીર વિષયની ચર્ચા કરતા આ પત્રોમાં કાન્તની બહુશ્રુતતા અને રસિકતાને પ્રતિબિંબિત કરતું તેમનું ગદ્ય પણ અનોખો ઉન્મેષ દર્શાવે છે. દુર્ભાગ્યે કાન્તની કવિતાના તેજપુંજની નીચે આ પત્રો દબાઈ ગયા. અથવા અન્ય કોઈ કારણે આ પત્રોની યોગ્ય કદર થઈ નથી કે નોંધ લેવાઈ નથી. ઉપર દર્શાવેલ હિંદ સેવક સમાજે પ્રગટ કરેલ પ્રત મારી પાસે ઘણાં વર્ષોથી સચવાઈ રહેલી. તે પરથી અહીં આ પત્રોનો સંગ્રહ જરૂરી પશ્ચાદભૂમિકા ઉમેરીને મૂકવાનું વિચાર્યું જેથી એક સદીથીયે વધુ સમય પર લખાયેલા આ પત્રોનું સાડા આઠ દાયકા બાદ પુનઃપ્રકાશન થતાં ગુજરાતી સાહિત્યનું એક રસપ્રદ પ્રકરણ કશીયે નોંધ પામ્યા વગર સમયના પ્રવાહમાં તણાઈ જાય તે પહેલાં સાહિત્યરસિકોની નવી પેઢી માટે સુલભ બને. તેનો આસ્વાદ અને અભ્યાસ આનંદપ્રદ અને ઉપયોગી નીવડશે એવી આશા છે.

23-9-2004



# સિદ્ધાંતસારનું અવલોકન

✵

## મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| 1. | ગુજરાતી વિશ્વકોશ (ખંડ 1થી 18  ભૂમિકાખંડ સાથે) | રૂ. | 12,710 |
| 2. | ગાંધીચરિત (દ્વિતીય આવૃત્તિ) | રૂ. | 50 |
| 3. | કૅન્સર (તૃતીય આવૃત્તિ) | રૂ. | 80 |
| 4. | ગુજરાત (નવું સંસ્કરણ) | રૂ. | 300 |
| 5. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ) | રૂ. | 200 |
| 6. | ભૂકંપ : માહિતી અને ઘટના | રૂ. | 60 |
| 7. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ | રૂ. | 60 |
| 8. | વિશ્વકોશવિમર્શ | રૂ. | 120 |
| 9. | નાટક દેશવિદેશમાં | રૂ. | 130 |
| 10. | મેઘાણીચરિત | રૂ. | 80 |
| 11. | ભારત : પ્રતિભા અને પરિદર્શન | રૂ. | 500 |
| 12. | ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક | રૂ. | 450 |
| 13. | સિદ્ધાન્તસારનું અવલોકન | રૂ. | 70 |
| 14. | લોકશાહી | રૂ. | 60 |
| 15. | જનીનવિજ્ઞાન (Genetics) | રૂ. | 60 |
| 16 | લોકવિદ્યા-પરિચય | રૂ. | 100 |
| 17. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો | રૂ. | 80 |
| 18. | લિપિ | રૂ. | 70 |

# પત્ર-1

**મારી વહાલી કાન્તા,**

તમારાં બંને પત્રો મળ્યાં. પહેલાનો ઉત્તર મેં લખેલો જ છે. તમારા પર આવી પડેલી આપત્તિની એકાએક ખબર થતાં મને જે જે લાગણીઓ થઈ આવી, તે મેં બિલકુલ સંકોચ વગર લખી જણાવી છે. તમારા માનનીય પતિના સ્વર્ગવાસને પ્રસંગે આપણા પૂર્વ સંબંધનું સ્મરણ મારાથી અપાઈ ગયું, તે માટે તમને મારા સંબંધી જરા ખેદ પણ થયો હશે. પણ હું નિરુપાય હતો. મને શાસન થયેલું છે. મારો અને તમારો સંબંધ-સ્નેહ-સાધારણ નથી. મારા મનમાં જે થયું, તે તમને લખી જણાવવામાં મને ભીતિ તો નહીં જ લાગેલી. પણ તમે સર્વ જાણો છો. મારા દોષ પણ જાણો છો. મારાથી લખાઈ ગયું. ક્ષમા માગવાનું પ્રયોજન નથી.

પણ તમારું બીજું પત્ર વાંચી હું જરા આશ્ચર્ય પામું છું. તમે પ્રો. મણિલા_લનાં પુસ્તકો વાંચવાનો નિશ્ચય કર્યો છે, અને સિદ્ધાંતસારનું અધ્યયન કરવા માંડ્યું છે ! હું ક્ષમા માગું છું. પ્રો. મણિલાલના તરફ મારી માનની લાગણી છે. પ્રો. મણિલાલ પરમ સમર્થ સાક્ષર છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રશંસ-નીય સંવૃદ્ધિ કરી છે. પણ તમે સિદ્ધાંતસાર શા માટે વાંચો છો ? નહીં કે તમે તેમાંના ખોટા વિચારોથી ભૂલમાં પડશો, એવી મને ભીતિ છે. તમને વિવેક છે, પરીક્ષા છે. પણ પ્રો. મણિલાલના લેખોમાં અમુક મોહની છે. ભલભલા આદમી પણ તેના ભક્ત થઈ પડ્યા છે. મને ભીતિ નથી, એમ મેં કહ્યું; પણ

કાન્તે, ખરું બોલાવો, તો ભીતિ કેમ ન હોય ?

તમે લખો છો, કે મારે પણ મારા વિચારો જણાવવા. એથી જોખમ જરા ઓછું થાય છે. પણ પ્રો. મણિલાલ જેવા કુશળ વીરની આગળ મારું શું ગજું ? હું શી રીતે ફતેહ પામીશ ? વારુ, એક મોટી આશાના બળથી હું પ્રયત્ન કરી શકીશ. ફતેહમંદ થાઉં, તો પારિતોષિક શું આપવું, એ તમે સારી રીતે સમજો છો.

તમે લખો છો, કે ''સર્વમાન્ય એક ધર્મનાં તત્ત્વ સૂચવવાનો પ્રયત્ન,'' એટલા ઉલ્લેખથી જ તમારા હૈયામાં કંઈક ચમક થાય છે. બધાને માન્ય કરવો જ પડે, એવો કોઈ પણ ધર્મ હાલ છે કે નહીં, અથવા હાલના વખતમાં થઈ શકે એમ પણ છે કે નહીં, તે બાબત મને તો બહુ શંકા છે. હાલ હું એ સંબંધી વધારે લખી શકું તેમ નથી. કારણ કે 'ધર્મ' શબ્દ ઉપર જ વિસ્તાર કરવાની જરૂર છે, અને તે આગળ જતાં થઈ રહેશે. પણ તમે તો सत्यं परं धीमहि, એ સૂત્રથી પણ મોહિત થઈ જાઓ છો. પ્રિયે ! सत्यं धीमहि, એમ કહેનારા બધા તમને સત્ય જ આપશે, એવું તમે શા ઉપરથી માની લ્યો છો ? હું પ્રો. મણિલાલની ઈર્ષ્યાથી આમ લખતો નથી; જોકે મારા જેવી સ્થિતિના માણસને ઈર્ષ્યા થાય, તે પણ સ્વાભાવિક છે. હું માત્ર તમને સાવધાન રહેવાને સૂચવું છું, કારણ કે સિદ્ધાંતસાર વાંચતાં બને તેટલાં સાવધાન રહેવાની આવશ્યકતા જ છે.

કાન્તે, 'વાચકને સંબોધન' વાંચતાં જ પ્રથમ તો સાવચેત રહેવાનું છે. ''એવો જ સંપ્રદાય પડ્યો છે, કે કંઈ પણ ન માનવું, એ જ ડહાપણનું લક્ષણ છે,'' એ અને એવાં વાક્યોમાં જે અમુક વર્ગનું સૂચન થાય છે, તે અનિર્દિ-ષ્ટ હોવાને લીધે ભૂલ ખવરાવે છે. આક્ષેપ વ્યર્થ છે, કારણ કે કંઈ પણ ન માનવામાં જ ડહાપણ છે, એવો સંપ્રદાય હાલ કોઈ ધ્યાનમાં લેવાલાયક સ્થળે છે જ નહીં. તમારો પણ ફિલસૂફીનો એટલો અભ્યાસ તો છે જ, કે ઉપલા વાક્યમાં પણ અમુક વાત નહીં માનવાનો નહીં, પણ માનવાનો પ્રયત્ન છે, એટલું તમે જોઈ શકો.

આગળ જતાં પ્રો. મણિલાલ કહે છે, ''સત્યનું સ્વરૂપ જ એવું છે, કે તેને મૂર્તિમાન કરીએ, તેને અમુક સીમા બાંધી પરિચ્છેદવાળું કરીએ, કે તુરત તે અસત્ય થઈ જાય છે.'' કાન્તે, તમને આ વાક્ય સુંદર લાગ્યું છે. સુંદર

લાગે તેમાં નવાઈ નહીં; તમે સ્ત્રી છો. પણ દુનિયામાં એના કરતાં વધારે ખોટું વાક્ય ભાગ્યે જ લખાયેલું હશે. તમે એટલો પણ વિચાર કરી શકતાં નથી, કે સત્યના અસ્તિત્વને માટે જ તેને અમુક સીમાની—અમુક રૂપની—જરૂર છે ? શું સત્ય સ્પષ્ટ થાય, કે તે અસત્ય જ થઈ ચૂક્યું ? હાઇડ્રોજન અને ઑક્સિજન મળી પાણી થાય છે, એ સત્યને સીમા બાંધી પરિચ્છેદવાળું કરેલું છે, તેટલા માટે શું તે તરત અસત્ય થઈ જાય છે ? શું સીમા બાંધવાથી સત્ય હોય તે અસત્ય થઈ શકે ? શું એમ નથી, કે સીમા બંધાય, ત્યારે જ અમુક વિચારને સત્ય કહી શકાય ? પ્રો. મણિલાલનું આ ન્યાયશાસ્ત્ર ક્યાંથી આવ્યું ?

એથી આગળ ચાલતાં પ્રો. મણિલાલ કહે છે તેમ, ‘‘જે અતુલ ખળ-ભળાટ ચારે પાસા પ્રવર્તી રહ્યો છે, તે ધર્મ માત્રના પ્રાણાન્તનો ઉગ્ર પ્રશ્વસ છે,’’ કે કેમ, અને તે ‘‘છતાં તે જ એક ભવ્ય જન્મના પૂર્વની વેદના છે,’’ કે કેમ; એ મારાથી કહી શકાતું નથી. મારી સ્થૂલ બુદ્ધિને તો એવા કશા અતુલ ખળભળાટનો અનુભવ થયો નથી; અને મારી નિર્બળ કલ્પનાશક્તિને કોઈ પણ ભવ્ય જન્મનું પુરોદર્શન થયું નથી. ‘‘વળી ધર્મ, ભાષા અને શોધ ત્રણે જ્યારે એક થશે, ત્યારે ત્રણેનું રહસ્ય એક જ સમજાશે.’’ એમાં પહેલું વાક્ય સ્વીકારવામાં આવે, તો પાછળના અનુમાનને માટે મારો વાંધો નથી; પણ મને તો આ સ્થળે પ્રમા અને પ્રમાણ બંને એક જ થઈ ગયેલાં દેખાય છે.

કાન્તે, પ્રો. મણિલાલ એમ માને છે, કે વિશ્વમાં જે અનેક વિચારસંગ-તિઓ ચાલે છે, તે બધી એક અનાદિ પરમ રહસ્યનું રૂપાંતર છે. તમે એમને પુછાવશો, કે રહસ્યનું અસ્તિત્વ મનુષ્યોની બુદ્ધિમાં હોય, કે બહાર; અને બુદ્ધિમાં હોય તો કોઈ પણ રહસ્યને અનાદિ કેમ કહી શકાય ? શું કોઈ પણ રહસ્યનું સ્વતંત્ર અસ્તિત્વ હોઈ શકે ? અને શું વિશ્વની બધી વિચારસંગતિઓ એક જ રહસ્યનું રૂપાંતર છે ? રૂપાંતર એટલે શું ? શું અંકગણિત, ભૂગોળ, રસાયન, અર્થશાસ્ત્ર, વગેરે ભિન્ન ભિન્ન શાસ્ત્રોનાં સત્યો એક જ અનાદિ પરમ રહસ્યનાં માત્ર રૂપાંતરો છે ? મારાથી તો મનાતું નથી; મને તો એમ બોલવું છેક અર્થરહિત લાગે છે. પણ પ્રસ્તાવનાનાં છેવટનાં વાક્યો વાંચીને તો મારું હૃદય પણ આર્દ્ર થાય છે. તમને આંસુ પડ્યાં હોય, એમ હું માની શકું છું. પ્રો. મણિલાલ દેશહિતૈષી છે. પણ કાન્તે, મારી અલ્પ શક્તિ પ્રમાણે મારો

પણ ઉદ્દેશ ભિન્ન નથી. પ્રો. મણિલાલના વિચારો દૂષિત ઠરે, તો પ્રો. મણિલાલ પણ દૂષિત ઠરે, એવી અયોગ્ય અને બેવકૂફીભરેલી ભૂલ તો તમે નહીં જ કરો એવી આશા છે. મારો ઉદ્દેશ પટંતરે સત્યને વિલોકવાનો નથી. મારો આગ્રહ કલ્પનાને સત્ય ઠરાવવાનો નથી. મારો વિચાર પ્રો. મણિલાલના લેખનું ખંડન કરવાનો બિલકુલ નથી. હું માત્ર, સિદ્ધાંતસારમાં મને જે ખરું કે ખોટું લાગે, તે તમને લખી જણાવવાનો છું.

આશા છે, કે આવતા પત્રમાં પહેલા પ્રકરણનું અવલોકન કરી શકીશ.

લિ. તમારો સ્નેહાકાંક્ષી,

**કાન્ત**

□

# પત્ર-2

**પ્રિયે કાન્તે,**

તમારું પત્ર મળ્યું. મારા લખવાથી તમને કશું ખોટું લાગ્યું નથી, એમ જાણી સંતોષ થાય છે; અને હાલ થોડા વખત સુધી સ્નેહની વાર્તાના કરતાં ફિલસૂફીની વાર્તા તમને વધારે રુચશે, એમ જાણી ખેદ થાય છે. ખેદ એટલા માટે, કે ફિલસૂફીની વાર્તા હું રસિક કરી શકીશ કે નહીં, તે સંબંધી મને શંકા છે.

તમે ભામિનીભૂષણની ચોપડી હાથમાં લઈ, થોડું વાંચી ફેંકી દીધી, એ જાણી મને આનંદ થાય છે; છતાં એમાંથી માત્ર ગાલિપ્રદાનની કળા જ શીખી શકાય તેમ છે, એમ કહેવામાં અતિશયોક્તિ છે. વારુ, તમે મને ભામિનીભૂષણ અને નૃસિંહાચાર્યનાં બીજાં પુસ્તકોનું નિકંદન કરવાની સૂચના કરો છો, તે મને યોગ્ય લાગતી નથી. પ્રથમ તો એટલું જ મારે તમને કહેવું જોઈએ, કે હું કંઈ પુસ્તકોનું નિકંદન કરવાનું કામ લઈ બેઠો નથી. બીજું એ, કે ભામિનીભૂષણ જેવા ક્ષુલ્લક લેખોમાં ઉપદિષ્ટ થતાં થોડાંઘણાં અસત્યોથી ગુજરાતના મોટા ભાગને કશી હાનિ થવાની નથી. જો કોઈ પણ દિવસ હું ટીકાકાર તરીકે બહાર પડીશ, (એટલું યાદ રાખજો, કે ટીકાકાર થવાના કરતાં સ્વતંત્ર લેખક થવું, મને ઘણું વધારે પસંદ છે,) તો હું પ્રો. મણિલાલ જેવા સમર્થ લેખકનાં પુસ્તકોની જ ટીકા કરીશ. સમર્થ લેખકોનાં અસત્યોથી જ વાચકવૃંદને હાનિ છે; સાધારણ લખનારાઓની ચોપડીઓથી નહીં.

હવે, સિદ્ધાંતસારના પહેલા પ્રકરણને ઉઘાડતા પહેલાં બે વાત મારે તમને કહેવાની છે. પહેલી તો એ, કે જેમ ભ્રમને દૂર કરવાનું કામ સહેલું

છે, પણ સંદેહને દૂર કરવાનું સહેલું નથી; તેમ ખોટા વિચારનું ખંડન કરવું સહેલું છે, પણ અસ્પષ્ટ વિચારનું ખંડન કરવું સહેલું નથી. બીજી એ, કે સિદ્ધાંતસારના દરેક પાનાની નીચે ટીપમાં જે પુસ્તકોનાં નામ આપેલાં છે, તે વાંચી ગભરાતાં નહીં; અને એ વાંચ્યા વગર આપેલા મારા વિચાર ખરા કેમ હોઈ શકે, એવી શંકા કરતાં નહીં. ખરા હોઈ શકે કે નહીં, એ વિચારવાને બદલે ખરા છે કે નહીં, તે વિચારજો; કારણ કે ઘણા વિષયોમાં વાંચનની નહીં, પણ વિચારની વધારે જરૂર છે.

પહેલું પ્રકરણ ધ્યાનથી વાંચતાં તમને જણાશે, કે પ્રો. મણિલાલ લાંબા કાલને અનાદિ એવું નામ આપી દે છે, અને પછી લખે છે કે, ‘‘આ વિશ્વ અનાદિ છે, એટલું આ પ્રમાણે સિદ્ધ થાય છે.’’ છતાં ‘‘અનાદિ’’ એ શબ્દનો આગળ જતાં ખોટો ઉપયોગ કરવાનો ન હોય, તો આ સ્થળે એ વાપરવામાં હરકત નથી. પણ આર્ય શાસ્ત્રના કલ્પ અને યુગની વ્યવસ્થા ખરી પડવા જાય તેથી, અમુક કલ્પ કે અમુક યુગમાં અમુક થઈ ગયા, એ વાત શી રીતે ખરી પડે ? પ્રો. મણિલાલના મત પ્રમાણે એ વાત ગપ જેવી માનવાનું કારણ રહેતું નથી; પણ એ જવા દઈએ.

આગળ જતાં પ્રો. મણિલાલ લખે છે, કે મિસર અને આર્યાવર્ત એ બધી દુનિયાના ધર્મવિચારનાં ઉત્પત્તિસ્થાન છે. મહમ્મદ અને ક્રાઇસ્ટ મિસર કે આર્યાવર્તમાં જન્મ્યા હતા ? કે તેમને પોતાના વિચારો એ દેશોમાંથી પ્રાપ્ત થયા હતા ? શું ધર્મ એ તે વ્યાપાર છે, અને એવો, કે ક્રાઇસ્ટ અને મહમ્મદ જેવા તે એક દેશમાંથી લઈ જઈને બીજા દેશમાં નફો મેળવે ? એવો ધર્મ હોય તે ચાલી શકે ? ત્યારે થીઓસોફી કેમ ચાલતી નથી ? કાન્તે, આ બધી ન્હાની વાતો છે; પણ ન્હાની વાતો ખોટી હોય, અને એકઠી થાય, તો તે ભયંકર થઈ પડે છે. ઉદાહરણ તરીકે, કોઈ શોધકો એવી કલ્પના કરે છે, કે મિસરમાં પણ આર્યાવર્તમાંથી જ મૂળ લોકો ગયા હશે, તે ઉપરથી પ્રો. મણિલાલ ઠરાવી બેસાડે છે, કે આર્યાવર્ત જ મનુષ્યજાતિનું મૂળ વતન છે ! વળી, મિસર અને આર્યાવર્તનો પ્રાચીન ઇતિહાસ મળે છે, એ બંને દેશનો સુધારો સર્વથી પહેલો હતો, એમ લાગે છે, તેટલા માટે શું એ બે દેશો સર્વથી પ્રાચીન છે, એમ સિદ્ધ થઈ ગયું ?

કાન્તે, એ આશ્ચર્ય જેવું છે, કે તમે જેથી પ્રસન્ન થાઓ છો, તેથી હું હમેશાં સખેદ થાઉં છું. ‘‘જો મનુષ્યનાં મન અને આત્માનું આવું અનાદિસિ-

દ્ધ સરખાપણું સાર્વત્રિક ન હોત, અને ઇતિહાસ દ્વારા અનંત કાલના જુદા વિભાગ એક એક સાથે જોડાયેલા ન હોત, તો સર્વ ધર્મનું મૂળ એક જ હોવું જોઈએ, એવી કલ્પના સ્વપ્ને પણ પેદા ન થાત, અને આજે પંડિતો સર્વસામાન્ય એક ધર્મ કરવા મથે છે, તે કદાપિ મથતા ન હોત.'' આમાં તમે શું જુઓ છો ? ''અનાદિસિદ્ધ'' જવા દેતાં, બેશક બધા મનુષ્યોનાં મન અને આત્મા બધે સ્થળે ઘણે અંશે સરખાં જ છે, કારણ કે બધાં મનુષ્યો છે; અને લખેલા ઇતિહાસ તો જોઈએ તેવા નથી, પણ બનેલા ઇતિહાસ દ્વારા અનંત કાલના જુદા જુદા વિભાગ સંબદ્ધ હોવા જ જોઈએ. તેમ ન હોત એ કલ્પના કરવી મિથ્યા છે, કારણ કે મનુષ્યો સરખાં ન હોત, તો મનુષ્યો જ ન હોત. પણ તેમ ન હોત, તો સર્વ ધર્મના એક મૂળની કલ્પના અને પંડિતોનો સર્વસામાન્ય એક ધર્મ કરવાનો પ્રયત્ન નહીં હોવામાં જ શું દુનિયાને હાનિ થાત તેની પરિસમાપ્તિ થઈ ગઈ ? વળી, બધા ધર્મનું એક મૂળ મળી શકે, તોપણ શું એ મૂલગ્રાહી સર્વસામાન્ય ધર્મ શ્રેષ્ઠ થઈ શકે ? બીજ શ્રેષ્ઠ છે, કે તેમાંથી પ્રસ્ફુટિત થયેલ વૃક્ષ ? પ્રો. મણિલાલ બીજને શ્રેષ્ઠ ગણે છે. વળી, તેઓ એક જ મૂળમાંથી ઉત્પન્ન થયેલા ભિન્ન ભિન્ન ધર્મોનો ભેદ વિચારતા નથી. પણ અત્યાર સુધી મારું તો માનવું એવું હતું, કે સામ્યની સાથે ભેદ ઉપર પણ દૃષ્ટિ રાખવાની જરૂર છે, કારણની સાથે પરિણામ ઉપર, સામાન્ય જીવનતત્ત્વની સાથે જુદા જુદા પ્રકારનાં પ્રાણીઓ ઉપર, વર્ગની સાથે વ્યક્તિ ઉપર, એકની સાથે અનેક ઉપર. મારા કહેવાનો અર્થ ખોટી રીતે સમજશો નહીં. મારો આશય એ જ છે, કે એક જ વસ્તુમાંથી ઘણી ભિન્ન ભિન્ન વસ્તુઓ ઉત્પન્ન થાય છે; અને એ પહેલી અને પાછળની જેમ એક નથી; તેમ એ પાછળની બધી પણ એક નથી. વિચાર કરવામાં સામાન્ય અને વિશેષ બંને ઉપયોગી છે; બંને ઉપર ધ્યાન આપવાની જરૂર છે; વિશેષ ઉપર ઊલટું વધારે ધ્યાન આપવાની જરૂર છે; કારણ કે વિશેષની અંદર સામાન્ય છે, પણ સામાન્યની અંદર વિશેષ નથી. પણ અદ્વૈતસિદ્ધાંત એ, અદ્વૈતવાદીઓ પોતે જ કબૂલ કરે છે તે પ્રમાણે, અજ્ઞાનનો સિદ્ધાંત છે. આપણે સર્વ ભિન્ન ભિન્ન પદાર્થો વચ્ચે સામ્ય અને ભેદ બંને જોઈ શકીએ છીએ; અદ્વૈતવાદી માત્ર સામ્ય જ જોઈ શકે છે. અદ્વૈતવાદીને બધા સંગીતના સ્વર, બધા પ્રકાશના રંગ, બધા પદાર્થોનાં રૂપ અને ગુરુત્વ, અને બધા વિચારોનું સત્ય એક જ છે. 'બધું એક જ અનાદિસિદ્ધ રહસ્યનું રૂપાંતર છે.'

પણ કાન્તે, તમને એ બધા પંડિતો મૂર્ખ છે, એમ લાગતું નથી ? જુદાં

જુદાં મનુષ્યોમાં સર્વસામાન્ય શું છે, કે ધર્મ સર્વસામાન્ય હોઈ શકે ? એક જ દેશનાં અને એક જ ધર્મનાં કહેવાતાં મનુષ્યોમાં પણ આંતર ધર્મવૃત્તિ એક હોતી નથી; ધર્મ એ પુસ્તકોનો કે મતોનો પણ સમૂહ નથી, કે જેથી તે એક થઈ શકે. ત્યારે જુદા જુદા દેશનાં અને જુદી જુદી સંસ્થિતિનાં મનુષ્યોમાં એક ધર્મ કેમ થઈ શકશે ? આ સ્થળે હું શાસ્ત્ર ને ધર્મની વચ્ચે ભેદ કરું છું. શાસ્ત્રનો હું બુદ્ધિની સાથે સંબંધ ગણું છું; અને ધર્મનો હૃદયની સાથે. હું ધારું છું, કે એ ભેદ તમે સ્વીકારશો. એ ભેદ આવશ્યક છે. ધર્મ એ શાસ્ત્રના જેવો નહીં, પણ સાહિત્યના જેવો વિષય છે. તેને પ્રકૃતિની એકતાની સાથે નહીં, પણ મનુષ્યોની અનેકતાની સાથે સંબંધ છે. તમે મારું કહેવું માન્ય કરો છો, સમજી શકો છો ? આગળ ઉપર વધારે વિસ્તારથી સમજાવી શકીશ.

એ પંડિતોને હું મૂર્ખ કહું છું, તેથી ગભરાતાં નહીં. હું જે કહું છું, તે પૂર્ણ વિચાર કરીને કહું છું. શાસ્ત્રની માફક સિદ્ધ કરી શકાય એવાં જ સત્યોથી જો ધર્મ થતો હોય, તો એ પંડિતો સફળ થઈ શકે. પણ જોકે દરેક ધર્મમાં એવાં સત્યો હોઈ શકે, તોપણ એ સત્યોમાં ધર્મનું તત્વ રહેલું નથી. યાહુદીઓ, ક્રિશ્ચિયનો, મુસલમાનો, બધા એક ઈશ્વરને માને છે. એક ઈશ્વરનું અસ્તિત્વ, એ સત્ય તમને પણ સર્વથી વધારે મહત્ત્વનું લાગશે; અને તે છતાં તમારે જાણવું જોઈએ, કે એ દરેક ધર્મનું તત્ત્વ એ સત્યમાં નહીં, પણ ઈશ્વર તરફની વૃત્તિમાં રહેલું છે. સર્વસામાન્ય ધર્મ ! જો કોઈ પણ મનુષ્યમાં સર્વસામાન્ય ધર્મ કરવાની શક્તિ હોઈ શકે, તો ખાતરીથી માનજો, કે એ પુસ્તકો લખનારા અને બધા ધર્મોને સરખાવી તેમનું મૂળ શોધનારા (ખોદનારા ?) દાંભિક પંડિતોમાં તો નહીં જ. સર્વસામાન્ય ધર્મ કરવાને માટે તો બુદ્ધ, અને મહંમદના કરતાં પણ કોઈ વધારે સમર્થ અને દેવાંશી ધર્મવીર પૃથ્વી પર પ્રગટ થવો જોઈએ. ધર્મ દલીલોથી થતો નથી, પણ દર્શનથી થાય છે; સ્વેચ્છાથી ગ્રહણ થતો નથી, પણ ધર્મમૂર્તિ દૃષ્ટિ આગળ હોય, તેના પ્રભાવથી જ દ્રષ્ટાઓના અંતઃકરણમાં સંચરે છે. કાન્તે, સર્વસામાન્ય એક ધર્મ કરવાને મથનારાઓને હું શું કહું ? ''મહા પંડિતો, મથો નહીં. મંથનથી તમને વિષ માત્ર મળશે. અમૃત મળવાનું નથી.''

કાન્તે, મારી ફિલસૂફીની વાર્તાથી કાયર નથી થતાં ? મને શા માટે ફરજ પાડો છો ? હું શુદ્ધ અંતઃકરણથી કહું છું, કે મને આવું લખવું ગમતું નથી. મને સ્નેહની વાત કરવા દ્યો. એકાદ કવિતા લખવા દ્યો. સાહિત્ય અને ફિલસૂફીમાં કેટલો બધો તફાવત ! કાન્તે, સિદ્ધાંતસાર છોડી દ્યો, અને તમારે નામે નામનું

પુસ્તક હાથમાં લ્યો. પ્રેમ-જીવન વાંચો. ''દિલતખ્તે જગો ત્હારી કોઈએ પૂરી નહીં.'' એ, કે ''આંસુડાં મ્હારાં લુવે એ મૂરતી કો' કોણ છે,'' એ બોલનારની સદય હૃદયથી કલ્પના કરો પણ મારે પહેલું પ્રકરણ પૂરું કરવું જ ? અસ્તુ. प्रारब्धमपरित्याज्यमेव.

પ્રો. મણિલાલ ધર્મનું લક્ષણ એમ બાંધે છે, કે ''અનંત, અવિકૃત, પરમાનંદ પામવા માટે મનુષ્યબુદ્ધિમાં જે સ્વાભાવિક પ્રેરણા છે, તેને સંતોષ પમાડવાનો માર્ગ.'' હું ધારું છું, કે આ સ્થળે પ્રેરણાનો અર્થ પ્રેરિત વૃત્તિ નહીં, પણ વૃત્તિ માત્ર છે. તો પહેલવહેલું એ જ કહેવાનું છે, કે અનંત, અવિકૃત, પરમાનંદ પામવા માટે મનુષ્યબુદ્ધિમાં સ્વાભાવિક વૃત્તિ છે જ નહીં. શી રીતે હોઈ શકે ? મનુષ્ય-બુદ્ધિમાં એટલું ડહાપણ કે એટલી ઉત્કૃષ્ટતા હોય, તો શું જોઈએ ? પણ એવી વૃત્તિ હોય, અને તેને ધર્મથી સંતોષ મળતો હોય, તોપણ ધર્મ એ વૃત્તિને સંતોષ પમાડવાનો માર્ગ છે, એમ કહેવાથી ધર્મની અધોગતિ થાય છે. ધર્મની ઉત્પત્તિ કોઈના સંતોષને માટે નથી; જો તેમ જ હોય, તો ''અમને અનંત, અવિકૃત પરમાનંદની અપેક્ષા નથી,'' એમ કહીને કોઈ ધર્મની અવગણના કરી શકે. હું ધારું છું, કે પરમાનંદ એ ધર્મનું પરિણામ છે, કારણ નથી. હું ધારું છું, કે પરમાનંદ પ્રાપ્ત થાય છે, તેટલા માટે સાધુઓ ધાર્મિક નથી; પણ સાધુઓ ધાર્મિક છે, તેટલા માટે તેમને પરમાનંદ પ્રાપ્ત થાય છે. આર્ય વિચારમાં પરમાનંદ ધર્મનો પિતા હોય, તો એ આર્ય વિચારનું મોટું દૂષણ છે. ધર્મની ખરી કલ્પના હોય, તો સંબંધ ઊલટો મનાવો જોઈએ.

મારું પત્ર અતિ વિસ્તૃત થઈ જાય, એ ભયથી પ્રો. મણિલાલ એક ઈશ્વરની કલ્પના સંબંધી જે કહે છે, તે પર વિચાર આપવા હાલ મુલતવી રાખું છું. આગળ જતાં પ્રસંગ આવવાનો જ છે, ત્યારે જે કહેવાનું છે તે બધું કહી શકાશે.

પણ અહીં એકાએક મનુષ્યોત્પત્તિ, ધર્મોત્પત્તિ, એ સર્વ અનાદિ છે, એમ પ્રો. મણિલાલ બોલી ઊઠે છે; અને એ વાક્યમાં જે વદતોવ્યાઘાત થાય છે, તે તરફ જોતા નથી. આગળ પોતે જ કહેલું છે, કે અનાદિ વિશ્વમાં મનુષ્યની ઉત્પત્તિ થવાને અમુક વર્ષો થયાં હોય, એમ લાગે છે; અને આ સ્થળે એથી વિરુદ્ધ જ વિચાર આપે છે. પણ વધારે વિચિત્ર એ છે, કે મનુષ્યો જ નહીં પણ ધર્મ સુધ્ધાં અનાદિ છે ! અને પોતે આવું લખે છે, તે છતાં મનુષ્યોત્પત્તિ સંબંધી વિચાર કરનારને પ્રો. મણિલાલ મૂર્ખ કહે છે ! ઇંગ્લિશમાં ગ્રંથ લખીને

ડાર્વિનને મૂર્ખ કહ્યો હોત, તો તેમની શી વલે થાત, એ મારાથી કલ્પી શકાતું નથી. ગુજરાતમાં જ આવા નિરર્ગલ આક્ષેપોનું યોગ્ય શાસન કરી શકે તેટલી શક્તિવાળો કોઈ પણ શિષ્ટ લેખક નથી. કમનસીબ ગુજરાતનાં !

કાન્તે, પત્ર પૂરું કરતાં એક પ્રશ્ન કરું છું. આ બધા પંડિતો 'રહસ્ય' 'રહસ્ય' એમ બોલ્યા કરે છે, તેથી તમને ત્રાસ નથી થતો ? મહાપુરુષો, ધર્મની અંદર ગંભીર અને સૂક્ષ્મ બાબતો હોઈ શકે, એટલું તો અમારાથી સમજાય છે; પણ ધર્મને અને રહસ્યોને શો સંબંધ છે ? શું ધર્મ એ નિશાચરોની કે કારભારીઓની વિદ્યા છે ? રહસ્યનો અર્થ જો ગંભીર સત્ય માત્ર હોય, તો એવો અયોગ્ય શબ્દ શા માટે વાપરો છો ? હાલ એ જ.

લિ. તમારો સ્નેહાકાંક્ષી,

**કાન્ત**

તાજે કલમ :– મેં કેટલાએક દાંભિકોને એમ કહેતા સાંભળ્યા છે, કે અદ્વૈતવિચારનું પૂરેપૂરું અધ્યયન કરો, એટલે બધી શંકાઓ એની મેળે દૂર થઈ જશે. પણ શંકાઓ ક્યાં સુધી ન કરવી ? છેક છેલ્લા પાના સુધી ? કઠિન વિષયોમાં, જે પહેલાં ન સમજાતું હોય, તે પાછળથી સમજાય, એટલું માન્ય છે; પણ પહેલાં જે ખોટું લાગતું હોય, તે પાછળથી ખરું કેમ લાગી શકે ? એટલું તો સહુ કોઈએ કબૂલ કરવું જ જોઈએ, કે જ્યારે અમુક વાત ખોટી છે, એમ સાબિત કરવાને દલીલો આપવામાં આવી હોય, ત્યારે તે વાત ખરી છે, એમ એ દલીલોનું ખંડન કર્યા પછી જ કહી શકાય; એ દલીલોનું એની મેળે સમાધાન થઈ જશે, એમ કહેવાથી વાત ખરી ઠરી શકે નહીં.

□

# પત્ર-3

**પ્રિયે કાન્તે,**

તમારું આ વખતનું પત્ર વાંચતાં કંઈક અપૂર્વ આનંદ થાય છે. તમે મને ઇસપની વાર્તાનું સ્મરણ આપો છો, અને કહો છો, કે જેમ એક એક લાકડી છૂટી કરીને તોડી શકાય, પણ ભારી આખી ન તોડી શકાય; તેમ પ્રો. મણિલાલના છૂટા છૂટા વિચારો તોડી શકાય, પણ બધા સાથે ન તોડી શકાય. તમે લખો છો, કે વિચારોને છૂટા કરવાથી તેઓ પરસ્પર જે આધાર આપતા હોય તે દૂર થાય છે; અને ટીકાકારની પહેલી ફરજ, જે આખી વિચારમાળાનું અવલોકન કરવાની છે, તે અદા થતી નથી. તમને આ પ્રમાણે લખતાં કંઈક અનુત્તર આક્ષેપનો આનંદ થતો દેખાય છે; અને તમે બેધડક લખો છો, કે આથી કરીને મારું મ્હોડું બંધ થશે.

મારું મ્હોડું ઘણે પ્રકારે બંધ કરવાની તમારામાં શક્તિ છે, એ વાતની હું ના પાડતો નથી. પણ તમારી ઉપલી દલીલ વાંચીને તો મને જરા હસવું આવે છે. એ હસવું અનાદરનું નથી. હૃદયદેવતાનો અનાદર કેમ થાય ? પણ પ્રિયે, એ તમારી સરલતા જોતાં ઉત્પન્ન થયેલું છે. કાન્તે, ઇસપની વાર્તા ગુજરાતી વાંચનમાળામાં જે સ્થળે આપેલી છે, ત્યાં તેનો અભિપ્રાય એવી સ્પષ્ટ રીતે બતાવેલો છે, કે તમારે ભૂલ કરવી જોઈતી ન હતી. ઇસપનો આશય એ જ છે, કે નિર્બળ વસ્તુઓ પણ, જો સાથે રહે, તો સબળ થાય છે. ઇસપ માત્ર રક્ષણનો એક સહેલો ઉપાય બતાવે છે. પણ વિચારોની નિર્બળતા તો ભારીની લાકડીઓ કે અપૂર્ણાંકોના સરવાળાના કરતાં અપૂર્ણાંકોના ગુણાકારને વધારે

મળતી છે : 1 + 1 = 1, એને નહીં, પણ 1 × 1 = 3, એને. કાન્તે, જે વિચારો છૂટા છૂટા તપાસતાં ખોટા માલૂમ પડે, તે એકઠા થવાથી ઓછા નહીં, પણ વધારે ખોટા થાય છે. બેશક, જે વિચારો છૂટા પાડવા ન જોઈએ, અને છૂટા પાડી ન શકાય, તેને માટે આ મારું કહેવાનું નથી; પણ જે વિચારો પૂર્ણ હોઈને છૂટા પાડી શકાય, તેને માટે છે. વળી, એમ તમને નથી લાગતું, કે વિચારોને તપાસવા હોય, તો તેને છૂટા કર્યા વગર તપાસાય જ નહીં ? બેશક છૂટા છૂટા ભાગનું અવલોકન કર્યા પછી સમગ્ર અવલોકન કરવું ઉપયોગી અને આવશ્યક છે; પણ છૂટા છૂટા ભાગનું અવલોકન કરવાની મના થાય, ત્યારે તો અવલોકનની જ મના થઈ, એમ સમજાય.

પણ अलमतिविस्तरेण. સિદ્ધાંતસારના બીજા પ્રકરણમાં સ્થળે સ્થળે એવા ગર્ત્ત આવે છે, કે તેમાં મારાથી તલસ્પર્શ નથી થતો. ''સર્વજ્ઞતાનું સ્વરૂપ જ વેદ, માટે ઈશ્વરપ્રણીત.'' કાન્તે, જોન મિલના કહેવા પ્રમાણે સ્ત્રીઓની બુદ્ધિ સૂક્ષ્મતામાં પુરુષના કરતાં ચડિયાતી છે, તો તમે આ અનાદિસિદ્ધ રહસ્યનો અર્થ સમજી શકો છો ? વેદને જ્ઞાન માત્રનો ભંડાર કહેવામાં આવે, ત્યાં સુધી તો અર્થ સમજાય; અને જ્ઞાનનું સ્વરૂપ કહેવામાં આવે, ત્યારે પણ બુદ્ધિ જરા ચાલી શકે. પણ સર્વજ્ઞતાનું સ્વરૂપ જ વેદ, એ સાંભળતાં તો રોમાંચ થાય છે ! વેદાંતમાં જ્ઞાતા અને જ્ઞેય એક છે, એમ સાંભળ્યું છે; એ શ્રેણીએ આમ લખાયું હોય, તો કોણ જાણે ! વેદાંત પરિભાષા એ અવળ વાણી હોય, તો કોણ જાણે ! વેદાંત પરિભાષા એ અવળવાણી હોય, તો કોણ જાણે ! તમે આગળ લખ્યું હતું, કે મારાં સત્યોના કરતાં પ્રો. મણિલાલનાં અસત્યો તમારા મન પર વધારે અસર કરે છે. તો પ્રિયે, ઉપલું વાક્ય એ અસત્યોમાંનું એક ખરું કે ?

પણ બીજો ગર્ત્ત દૂર નથી. પ્રો. મણિલાલ કહે છે, કે વેદ મંત્રો જુદા જુદા ઋષિઓના જ્ઞાનમાં પ્રતીત થયા છે; અને ઋષિઓના જ્ઞાનમાં પ્રતીત થવું તથા ઋષિઓએ જ બનાવવું, એ બેના અર્થ વચ્ચે સૂક્ષ્મ તફાવત છે. તમે એ સૂક્ષ્મ તફાવત જોઈ શકો છો ? શું મંત્રો પોતાની મેળે ઋષિઓના જ્ઞાનમાં પ્રતીત થતા હશે ? જો ઈશ્વરેચ્છાથી પ્રતીત થતા હોય, તો એવો વિધિ જ્ઞાન માત્રને માટે ન કરી શકાય ? કાન્તે, સૂક્ષ્મ તફાવત તમે જોઈ ન શકો, તો તમારી દૃષ્ટિમાં જ દોષ છે, એમ હું નહીં કહું. ડરતાં નહીં.

એક એવી જ વાત મને આ પ્રસંગે યાદ આવે છે. દુનિયામાં અકર્મક ક્રિયાપદનો બહુ વાર અયોગ્ય ઉપયોગ થાય છે; વિશેષે કરીને સ્ત્રીઓમાં,

બાળકોમાં, અને ગ્રંથકારોમાં. મેં ચિ. લલિતાને એક વખત પૂછેલું, કે ''કેમ દૂધનો લોટો પાડી નાંખ્યો ?'' ત્યારે તેણે ઉત્તર આપેલો, કે ''લોટો હાથમાંથી પડી ગયો.'' ''ભાતમાં વધારે પાણી પડી ગયું,'' ''નિશાળે આવતાં મોડું થઈ ગયું,'' ''જાગવાનું કહ્યું હતું, પણ ઊંઘ આવી ગઈ,'' ''વધારે જમાયું, તેથી પેટમાં દુખે છે,'' એ અને એવાં વાક્યો પર મને તિરસ્કાર છે; કારણ કે એ પ્રમાણે બોલવામાં બોલનારનું કર્તૃત્વ તિરોહિત થાય છે. ચિ. નૃસિંહપ્રસાદ-ને તો મેં એવી જ ટેવ પાડી છે, કે કદાપિ સહ્યભેદ કે અકર્મક ક્રિયાપદનો ઉપયોગ કરીને પોતાનું કર્તૃત્વ છુપાવવું નહીં. એ તો ''મારા પગની ઠોકર વાગવાથી શાહી ઢોળાઈ ગઈ,'' એટલું પણ કહેવાને બદલે એમ કહેશે, કે ''નીચું જોયા વગર હું ચાલ્યો, અને તેથી પગની ઠોકર મારીને મેં શાહી ઢોળી.'' મંત્રો જ્ઞાનમાં પ્રતીત થાય, એમ કહેવામાં તો છેક જ અર્થશૂન્યતા છે; કારણ કે લોટો પડે છે, એમ કહેવામાં દષ્ટિનોએ આધાર છે, પણ મંત્રો પ્રતીત થાય છે, એમ કહેવામાં કશાનો નથી.

વેદ અનાદિ છે, ઈશ્વરરૂપ છે, વગેરે નિર્દેશો સંબંધી વધારે લખવું પડે તેમ નથી. મેં તમને ઋગ્વેદના કેટલાએક મંત્રોના અર્થો કરી બતાવ્યા છે, અને પ્રો. જિન્સિવાલેનાં વેદ સંબંધી ભાષણો તમે વાંચ્યાં છે, એટલે આવાં વચનો સાંભળીને તમને હસવું આવવાનો જ સંભવ છે.

કાન્તે, વેદના અનાદિત્વ અને નિત્યત્વ સંબંધી નીચેની દલીલ ગોયા હસવાની દવા હોય એમ તમને નથી લાગતું ? ''અત્રે આ બધું દિઙ્માત્ર કહી જવાની એટલી જ મતલબ છે, કે વેદમંત્રોને જરા પણ ફેરફાર થયા વિના અમુક ઉચ્ચાર સહિત અનંત યુગો સુધી (!) જાળવી રાખવા જે પ્રયત્ન બ્રાહ્મણોએ કર્યો છે, તે ઉપરથી ખરેખર તેનું અનાદિત્વ અને નિત્યત્વ સ્વતઃ (!!) સિદ્ધ થાય.'' બ્રાહ્મણોએ અનંત યુગો સુધી પ્રયત્ન કર્યો, માટે તેઓ પણ હું ધારું છું, કે અનાદિ અને નિત્ય હશે જ ! પણ પાછલા વાક્યની આગળ આ તો કશા હિસાબમાં નથી. ''તથા આજે પણ આખી ને આખી લક્ષાવધિ શ્લોકો જેટલી સંહિતાઓ આ બધી યુક્તિપ્રયુક્તિ સહિત, તથા કહેવામાં આવશે તે અંગો અને ભાષ્ય સહિત પણ વેદીઆ 20-25 વર્ષ ગાળીને ભણે છે, તથા કંઠેથી જ (!) કડકડાટ બોલી જાય છે, એ વેદધર્મનું માહાત્મ્ય અને બળ સહજમાં બતાવી શકે.'' કાન્તે, વેદધર્મનું માહાત્મ્ય અને બળ, કે વેદીઆની સ્મરણશક્તિનું માહાત્મ્ય અને બળ ?

પ્રિયે, તમને ન્યાયશાસ્ત્રનું સ્મરણ છે ? સાધ્યસ્વીકારનાં ઉદાહરણો વાંચ્યાં છે ? નીચેનું ઉદાહરણ ઘણું સારું માલૂમ પડશે. ''દેશમાં સર્વ સ્થળે પ્રચલિત વેદરાશિના સર્વમાન્ય અર્થ કરનાર, વેદવેદાંગાદિપારગ, સાયણા-ચાર્યના અર્થ ખોટા, અને પાશ્ચાત્ય પંડિતોએ સ્વલ્પ સામગ્રીથી અને અમુક કલ્પનાને સમર્થિત કરવા દેશકાલાદિસંસ્કારવશાત્ કલ્પેલા અર્થ તે ખરા !!'' કાન્તે, પાશ્ચાત્યોમાં દોષ હોય જ નહીં, એમ હું માનતો નથી; પણ આવી રીતે કશાં પ્રમાણ બતાવ્યા વગર માત્ર શબ્દચ્છલથી તેમને દૂષિત ઠરાવવા, એ મને છેક જ નહીં છાજતું લાગે છે.

કાન્તે, વેદના દેવોના સ્વરૂપ સંબંધી પ્રો. મણિલાલ લખે છે, તે ફરી ફરીને વાંચજો. તેમાંથી તમને ઘણી નવી માહિતી મળશે. તમે એટલું પણ જોઈ શકશો, કે જ્યારે જ્યારે પ્રો. મણિલાલ પાશ્ચાત્ય વિદ્વાનોને અનુસરે છે, ત્યારે સત્યને જ અનુસરે છે.

આ સ્થળે એક સ્મરણ આપું છું. છવ્વીશમે પાને જે ઋગ્મંત્રો પૂર્વાપર જૂનાનવા હોવાનો સંભવ છે, એમ લખ્યું છે, તે આગળ જેને અનાદિ અને નિત્ય કહ્યા છે, તે જ સમજવા; અને તેત્રીશમે પાને જે ઋક્સંહિતા ઉપરથી આર્યોના સુધારાનું અનુમાન કરેલું છે, તે પણ એ જ. કાન્તે, અનાદિ અને નિત્ય મંત્રો અમુક રૂપમાં ગોઠવાઈને અનાદિ કાલ સંબંધી અર્થબોધ કરતા હશે, કે અમુક નિશ્ચિત કાલ સંબંધી ? અથવા એમ બને, કે પ્રો. મણિલાલ આર્ય લોકોની કોઈ અમુક કાલની સ્થિતિને નહીં, પણ અનાદિ અને નિત્ય સ્થિતિને ઉદ્દેશીને બોલતા હોય ? તમને કેમ લાગે છે ?

છેવટે, આર્ય શબ્દના ઉપયોગમાં પ્રો. મણિલાલ જે ઘોટાળો કરે છે, તે ઉપર તમારું ધ્યાન માત્ર ખેંચીને પત્ર પૂર્ણ કરું તો કેમ ? ઋતુ કેવી લાગે છે ? પ્રકૃતિ તો સારી છે ? પ્રો. મણિલાલની તકરારમાં કુશળતાની વાત કરશો પણ નહીં, અને પૂછશો પણ નહીં ? મારે તો બધા સિદ્ધાંતનો સાર તમારી કૃપાદૃષ્ટિમાં જ સમાયેલો છે. किं बहुना ?

તમારો સ્નેહાધીન,
**કાન્ત**

□

# પત્ર-4

**પ્રિય કાન્તે,**

આ વખતનું તમારું પત્ર ઉત્તેજક ન હોત, તો ખરે જ હું ધીરજ છોડી દેત. મારાથી સિદ્ધાંતસાર સંબંધી તો શું, પણ કશા સંબંધી લખાત નહીં. લાંબા વખતની આશાને હું અંતઃકરણમાંથી ઉખેડી નાંખત; અને ઉદ્વેગની ધૂનમાં સ્ત્રીઓની નિર્દયતા ઉપર એકાદ નિબંધ પણ લખી પાડત. પણ તમે મને આશ્વસન આપીને ઉપકૃત કર્યો છે.

પ્રથમ તો પ્રિયે, પ્રો. મણિલાલ ત્રીજા પ્રકરણમાં વેદની અંદર દેવોની જ સ્તુતિ છે એમ કહે છે, એવું તમારા મનમાં રહ્યું હોય, તો તેની સાથે ચોથા પ્રકરણનો આરંભ સરખાવજો. કારણ કે અહીં તે પોતાનો વિચાર ફેરવી નાંખે છે, અને એવો વિલક્ષણ વિચાર પ્રગટ કરે છે, કે મૂળ ધર્મભાવના સ્તુતિમય નથી, અને ‘‘ઈશ્વરભાવના આર્યધર્મમાં કદાપિ સ્થિરતાને પામી નથી.’’ કાન્તે, લોકોનું અજ્ઞાન કેટલું બધું છે ! ધાર્મિક લોકો બિચારા એમ સમજે છે, કે પ્રો. મણિલાલ તેઓ જેને ઈશ્વર અને ધર્મ માને છે, તેમનું જ પ્રતિપાદન કરે છે. એવું કશું નથી. પ્રો. મણિલાલને ‘‘હે ભગવન્’’ એવા ઉદગારો ‘પશુબુદ્ધિની પરાકાષ્ઠા’ લાગે છે. ધાર્મિક લોકો બિચારા સમજતા નથી, કે જે સુધારાવા-ળાઓને તેઓ નાસ્તિક કહે છે, તેઓ તો તેમના ઈશ્વરને માને છે; પણ જેને તેઓ પરમ ધાર્મિક ગણે છે, તે પ્રો. મણિલાલ જ તેમના હૃદયની પ્રિયતમ આસ્થા નિર્મૂળ કરવાને મથે છે. તે કહે છે, કે ‘‘ઈશ્વરભાવના આર્યધર્મમાં કદાપિ સ્થિરતાને પામી નથી.’’ કદાચ પુસ્તકોમાં સ્થિરતાને નહીં પામી હોય,

પણ લોકોનાં હૃદયમાં તો પામી છે. આપણા સરલ અને ધાર્મિક લોકો તો વેદાંતમાં પણ ઈશ્વરભાવના જ છે, એમ ધારે છે; અને એટલું સમજીને, એમ કહેવામાં કેટલો ઘાતક અર્થ સમાય છે, તે જોઈ શકતા નથી.

પણ પ્રો. મણિલાલને વેદમાં જે છે તે બતાવવાનો નહીં, પણ તેમના મત પ્રમાણે જે હોવું જોઈએ, તે બતાવવાનો આગ્રહ છે. મેં વેદનો બહુ અભ્યાસ તો કર્યો નથી, પણ પ્રો. મણિલાલ જેને ''વેદરાશિના સર્વમાન્ય અર્થ કરનાર, અને વેદવેદાંગાદિ પારગ'' કહે છે, તે સાયણાચાર્યની મદદથી હું થોડાઘણા મંત્રો સમજી શક્યો છું. એમાંથી કેટલાએક નીચે ટાંકી બતાવું છું, જે પરથી તમને માલૂમ પડશે, કે વેદમંત્રના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક અર્થોની વાત, જે સાંભળતાં જ અશક્ય અને ખોટી લાગી શકે, તે બિલકુલ ખોટી છે.

### મંડલ 6 : સૂક્ત 53

अदित्संतं चिदाघृणे पूषन्दानाय चोदय ।
पणेश्चिद्वि म्रदा मनः ।।

सायणभाष्य : हे आघृण आगतदीप्ते पूषन् अदित्सन्तं चित् दातुमनिच्छन्तमपि पुरुषं दानाय अस्मद्दानार्थं चोदय । प्रेरया पणेश्चिद्वणिजोपि वार्धुषिकस्य लुब्धस्यापि मनो हृदयं वि म्रद । दानार्थं मृदूकुरु ।।

સરલ પ્રાકૃત : અને જે આપે નહીં, તેને પણ, હે પૂષન્ ! તું દાન આપવાને પ્રેર : લોભીનું હૃદય નરમ કર.

परि तृंधि पणीनामारया हृदया कवे ।
अथेमस्मभ्यं रंधय ।

सायणभाष्य : हे कवे प्राज्ञ पूषन् पणीनां वणिजां लुब्धानां हृदया हृदयानि कठिनान्यारया । सूक्ष्मलोहाग्रो दण्डः प्रतोद इत्यारेति चाख्यायते । तया परि तृन्धि । परिविध्य । हृद्गतं काठिन्यमपनयेत्यर्थ । अथानन्तरमीमनोन्पणीनस्मभ्यं रन्धय । वशीकुरु ।।

સરલ પ્રાકૃત : હે ડાહ્યા પૂષન્, તારા હથિયારથી લોભીઓનાં હૃદય વીંધી નાંખ તેઓને અમારે તાબે કર.

### મંડલ 6, સૂક્ત 55

पूषणं न्व अजाश्चमुप स्तोषाम वाजिनं ।

स्वसुर्यो जार उच्यते ।।

सायणभाष्य : अजाश्चं छागवाहनं वाजिनमन्नवन्तं बलवंतं वा पूषणं पोषकं देवं नु अद्योप स्तोषाम । उपस्तवाम । यः पूषा स्वसुरुषसो जार उपपतिरित्युच्यते तं पूषणमित्यन्वयः ।।

**સરલ પ્રાકૃત : ચાલો આપણે પુષન્ની પ્રશંસા કરીએ, બકરો તેનું વાહન છે, તે અન્નનો દેનાર છે લોકો તેને પોતાની બહેનનો (ઉષાનો) જાર કહે છે.**

### મંડલ 7 : સૂક્ત 86

न स स्वो दक्षो वरुण ध्रुतिः सा
सुरा मन्युर्विभीदको अचितिः ।।

सायणभाष्य : हे वरुण स स्वो दक्षः पुरुषस्य स्वभूतं तद्बलं पापप्रवृतौ कारणं न भवति । किं तार्हि ध्रुतिः स्थिरोत्पतिसमय एव निर्मिता देवगतिः कारणम् ।। सा च ध्रुतिः वक्ष्यमाणरूपा । सुरा प्रमादकारिणी मन्युः क्रोधश्च गुर्वादिविषयः सन्ननर्थहेतुः । विभीदकोद्यूतसाधनोक्षः । स च द्यूतेषु पुरुषं प्रेरयन्ननर्थहेतुर्भवति । अचितिरज्ञान-मविवेककारणम् ।।

**સરલ પ્રાકૃત : હે વરુણ, એ મારી પોતાની શક્તિથી નથી થયું. નસીબ, મદિરા, ક્રોધ, (જૂગટે રમવાના) પાસા, અને અવિચારીપણાથી એ થયું છે.**

### મંડલ 10 : સૂક્ત 119

इति वा इति मे मनो गामश्चं सनुयामिति ।
कुवित्सोमस्यापामिति ।।

सायणभाष्य : इति वा इति खल्वित्येवंप्रकारेण मे मदीयं मनो वर्तते । गामश्चं च सनुयां स्तोतृभ्यः प्रयच्छामीति ।। इति शब्दो हेतौ । यस्मात्कुविद्बहुवारं सोमस्य सोममपां पीतवानस्मि ।।

**સરલ પ્રાકૃત : મને એમ થાય છે, કે ગાય અને ઘોડો આપી દઉં. કારણ કે મેં સોમ બહુ પીધો છે.**

प्रवाता इव दोधत उन्मा पीता अयंसत ।
कुवित्सोमस्यापामिति ।।

सायणभाष्य : दोधतोभृशं कम्पयमाना वाता इव वायवो यथा वृक्षादीन्युद्यच्छन्ते तद्वत्पीता सोमा मा मां प्रकर्षेणोदयं सत । उद्यच्छन्ते ।। यस्माद्बहुवारं सोममपाम् ।।

**સરલ પ્રાકૃત : જેવી રીતે પવન (વૃક્ષને) ખેંચી જાય, તેવી રીતે પીધેલો**

સોમ મને ખેંચી જાય છે : કારણ કે મેં સોમ બહુ પીધો છે.

हंताहं पृथिवीमिमां नि दधानीह वेद वा ।
कुवित्सोमस्यापामिति ।।

सायणभाष्य : हन्तेति संभावनायाम् । संभावयाम्येतदनुजानामि वा । किं तत् । अहभिमां पृथिवीमिह वान्तरिक्षे निदधानि । इह वा द्युलोक इति हस्तेन निर्दिशति ।।

સરલ પ્રાકૃત : ખરે, મને એમ થાય છે, કે પૃથ્વીને હું અહીં મૂકી દઉં : કારણ કે મેં સોમ બહુ પીધો છે.

પ્રિયે, આ છેલ્લો મંત્ર વાંચતાં પ્રો. મણિલાલના એક અદભુત વિચારનું સારું સમર્થન થશે ! તે કહે છે, "સોમાદિ પાન પણ એવા જ આશયવાળાં છે. સોમ, અમૃત, દેવતાનો જ પીવાનો પદાર્થ પીધાથી બ્રાહ્મણોનાં આંતર ચક્ષુ ખૂલી જતાં, અને તેમને દેવતાઓ પ્રત્યક્ષ થઈ ફલ આપતા, તથા તેઓ અમરત્વ પામતા. આજ પણ ફકીર, યોગી, ઇત્યાદિ મસ્ત જ્ઞાનીઓમાં હાશીશ, ગાંજો, ભાંગ, ઇત્યાદિ માદક, અને તેથી ઇન્દ્રિયો તથા મનની કોઈ વિલક્ષણ પ્રત્યગ્દષ્ટિ કરાવવાને સમર્થ પદાર્થોનું સેવન પ્રચલિત જ છે." અહા ! કાન્તે, જો સોમ પીવાથી અમરત્વ પમાતું હોય, તો હું કાલે જ સોમવલ્લિ શોધવા નીકળી પડું ! ગાંજો, ભાંગ, વગેરે પદાર્થો પ્રત્યગ્દષ્ટિ કરાવવાને સમર્થ હોય, તો પછી શું જોઈએ ? નશો પણ થાય, અને ધર્મ પણ સચવાય. પણ પ્રિયે, આમ લખવામાં પ્રો. મણિલાલની જરૂર સરતચૂક થઈ હશે. માદક પદાર્થોથી બુદ્ધિ નિર્મલ થતી નથી, પણ ભ્રમિત થાય છે. ઉપરના જ મંત્રમાં સોમ પીવાથી ઇન્દ્રના મનનું ઠેકાણું રહ્યું નથી, એમ તમને જણાશે; કારણ કે તે પૃથ્વીને આમ ફેંકી દઉં કે તેમ ફેંકી દઉં, એવો વિચાર કરે છે. તમે તો મહેરબાની કરીને પ્રો. મણિલાલની વાત માની બેસતાં નહીં, અને પ્રત્યગ્દષ્ટિની લાલચમાં ગાંજો પીવાની મૂર્ખતા કરતાં નહીં. પ્રત્યગ્દષ્ટિ થતી હશે, તો તે ફકીરો કે યોગીઓની જ થતી હશે. તમારી તો દૃષ્ટિ નાશ પામશે. વળી, તમે એટલું નથી જાણતાં, કે આર્ય સિદ્ધાંત પ્રમાણે મહાપુરુષો કરતા હોય, તે તેવા અધિકાર વગર કરવાની મના છે ?

હું આશા રાખું છું, કે તમે 'સિદ્ધાંતસાર' ધ્યાનથી વાંચશો. ખરા ફસાવે તેવા મુદ્દાઓ કેવી રીતે ઉડાવાય, એ શીખવાને એના જેવાં થોડાં જ પુસ્તકો ગુજરાતીમાં મળી શકશે. પ્રો. મણિલાલ વેદ અને ઉપનિષદો વચ્ચેભેદ અને અભેદના ધર્મ વચ્ચેજે મોટામાં મોટો વિરોધ છે, તે ઉડાવી દે છે. વેદમંત્રોમાં

કોઈ કોઈ સ્થળે એકેશ્વરભાવના દેખાય છે ખરી, પણ ઘણે ભાગે તેમાં દેવ અનેક છે, એવું જ મત આપેલું છે. અને ઉપનિષદોમાં બ્રહ્મની જે ભાવના છે, તેવી વેદમાં કોઈ સ્થળે પણ છે, એમ બતાવવાને પ્રો. મણિલાલે કશું પ્રમાણ આપ્યું નથી.

પણ હવે જરા વેદાંતની ખૂબી જુઓ. ''બ્રહ્મ વિના આપણને બીજા કશાનું જ્ઞાન સંભવતું નથી, બીજું કશું છે જ નહીં.'' તે છતાં 'અનાદિ માયા' છે એમ કહ્યું છે. ત્યારે અનાદિ માયાનું જ્ઞાન તે પણ બ્રહ્મજ્ઞાન ? ન્યાયશાસ્ત્ર તો એમ બોલે; પણ વેદાંતનું કંઈ કહી શકાય નહીં. વળી, 'વાસ્તવિક સત્તા જડ પદાર્થમાં છે નહીં, તે સત્ પણ નથી, અસત્ પણ નથી, અનિર્વાચ્ય છે, માયા છે;' પણ 'બ્રહ્મ પોતે જ એ રૂપે ભાસે છે;' માટે એરિસ્ટોટલના અમર અનુમાનસૂત્ર પ્રમાણે બ્રહ્મ પોતે જ માયા રૂપે ભાસે છે, એમ સિદ્ધ થાય. પણ બ્રહ્મ પોતે સ્વેચ્છાથી માયા રૂપે ભાસે છે ? પ્રો. મણિલાલ ના કહેશે; બ્રહ્મને સ્વેચ્છા નથી. ત્યારે શું મનુષ્યોના અજ્ઞાનને લીધે તેમને બ્રહ્મ માયા રૂપે ભાસે છે ? એમ પણ કહેવાશે નહીં, કારણ કે પ્રો. મણિલાલના બીજા મત પ્રમાણે અજ્ઞાન માયા છે, અને માયા માયાનું કારણ હોઈ શકે નહીં. ત્યારે જીવ માયાના સ્વરૂપમાં ગૂંચવાવાનું પ્રો. મણિલાલ લખે છે તે પરથી, અને માયા બ્રહ્મનો ભાસ છે એવું સમજવાથી, તો બધું આળ બ્રહ્મને શિરે આવશે, એવી ધાસ્તી લાગે છે. એટલું સ્પષ્ટ છે, કે માયા બ્રહ્મથી સ્વતંત્ર હોય, તો જ બ્રહ્મને પણ પોતાને રૂપે, માયા રૂપે, જડ રૂપે, દેખાડી શકે; અને માયા માત્ર બ્રહ્મનો ભાસ હોય, તો મનુષ્યોની બુદ્ધિમાં એ ભાસ ઉત્પન્ન કરનાર બ્રહ્મથી કોઈ ભિન્ન વસ્તુ હોવી જોઈએ. એમ ન હોય, તો સમાધાનનો એક જ માર્ગ છે; એ, કે બ્રહ્મ પોતે જ લોકોને છેતરવાને માયા રૂપે ભાસે છે, અને પ્રો. મણિલાલના કહેવા પ્રમાણે અનાદિ કાલથી ભાસે છે !

પણ ખરી ફિલસૂફી ભાષામાં જ રહેલી છે, અને ભાષાથી જ વેદાંતનું પરિપૂર્ણ ખંડન થઈ શકે છે. નૈયાયિકો ભાષા સમજે છે, અને તેથી તેઓ પોતાના સપ્ત (એક નહીં પણ અનેક) પદાર્થોમાં સામાન્ય અને વિશેષ બન્નેને ગણે છે; તથા એ બન્નેની વ્યાખ્યામાં अयम् અને अस्मात्, एक અને अनेकानुगत, એવા શબ્દો વાપરે છે. વિચારશો તો તમને જણાશે, કે જ્યારે જ્યારે સર્વ એક છે, એમ કહેવામાં આવે, ત્યારે ત્યારે એક હમેશાં સામાન્ય હોઈને તેની સત્તા કાલ્પનિક હોય છે; સર્વની સત્તા જ વાસ્તવિક હોઈ શકે. સર્વ મનુષ્યો પ્રાણી છે, એ વાક્યમાં પ્રાણિત્વ સામાન્ય છે; એક છે, અને અનેકાનુગત છે; અને

તેથી મનુષ્યોની જ વાસ્તવિક સત્તા છેઃ પ્રાણિત્વ માત્ર કાલ્પનિક છે, વસ્તુતાએ તેની સત્તા જ નથી. દુનિયામાં પ્રાણી જેવું કશું છે જ નહીં, પ્રાણીઓ જ છે. એ જ પ્રમાણે બધા ધાતુઓ તત્ત્વો છે, એ નિર્દેશમાં ધાતુઓની જ વાસ્તવિક સત્તા છે; તત્ત્વ એ વર્ગ સામાન્ય અને કાલ્પનિક છે. तत् त्वम् असि, सः अहम्, વગેરે પ્રચલિત વેદાંતવાક્યોમાં ત્રણ પુરુષોનો ઉપયોગ પણ એ જ વાત સિદ્ધ કરે છે.

કાન્તે વાક્યોનો ખરો અર્થ સમજવો, એ સહેલી વાત નથી. પહેલાં તો એટલું મનમાં પક્કું ઠસાવું જોઈએ, કે જેટલાં સામાન્ય અને વર્ગનાં નામ છે, તેને પ્રતિરૂપ વસ્તુઓ છે જ નહીં. ‘દામોદર મનુષ્ય છે’, ‘આ પદાર્થ કપાટ છે’, એ વાક્યોમાં ‘દામોદર’ એ ‘મનુષ્ય’થી અધિક અને ‘આ પદાર્થ’ ‘કપાટ’. થી અધિક છે, એટલું જ નહીં; પણ મનુષ્ય અને કપાટની વાસ્તવિક સત્તા છે જ નહીં. ‘મનુષ્ય’ એ માત્ર કલ્પના છે, સામાન્ય છે. દુનિયામાં મનુષ્યો જ છે, અને દરેક મનુષ્યમાં ‘મનુષ્યની’ એ સામાન્ય કલ્પનાના કરતાં કંઈક વિશેષ ગુણો હોય છે. તેમજ ‘કપાટ’ દુનિયામાં છે જ નહીં, કપાટો જ છે; અને દરેક કપાટમાં ‘કપાટ’ની સામાન્ય કલ્પનાના કરતાં કાંઈક વિશેષ ગુણો છે. દરેક અર્થવાળા વાક્યમાં આ પ્રમાણે સામાન્ય અને વિશેષનો સંબંધ બતાવેલો હોય છે; વેદાંતના અર્થમાં પરિપૂર્ણ અભેદ હોય, તો વાક્ય બોલી શકાય જ નહીં. પ્રો. મણિલાલ પ્રો. મણિલાલ છે, એમ બોલવામાં કશો અર્થ નથી. પ્રો. મણિલાલ નાગર છે, પંડિત છે, કવિ છે, વગેરે વાક્યોમાં અર્થ છે; પણ ત્યારે નાગર, પંડિત, કવિ, એ સામાન્ય છે; તેમની વાસ્તવિક સત્તા નથી. ઉદ્દેશ્ય અને વિધેયમાં પૂર્ણ અભેદ હોય, તો નિર્દેશ ન જ થઈ શકે. સિકંદર ફિલિપનો પુત્ર છે, એમાં પૂર્ણ અભેદ નથી. જીવ બ્રહ્મ છે, એમ જીવ અને બ્રહ્મ વચ્ચે પૂર્ણ અભેદ હોય, તો બોલી જ ન શકાય. જો બોલાય, તો જીવ બ્રહ્મ છે, એમ અમુક અર્થમાં સમજાવાની સાથે, અમુક અર્થમાં જીવ બ્રહ્મ નથી, એમ પણ સૂચિત થાય છે. अ क છે એનો અર્થ હેગલ પોતાના ન્યાયમાં अ क નથી, એવો પણ કરે છે, તે આ જ શ્રેણીએ.

વધારે ઊંડા ઊતરીને જોશો, તો જાણશો, કે ‘એક’નો વિચાર પણ સામાન્ય છે; અને એક, એક, એક, એ પ્રમાણે અનેક ઉપરથી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે, ‘સર્વ બ્રહ્મ છે,’ એ વાક્યનો એ જ અર્થ થાય, કે બ્રહ્મ એ સર્વથી ઊંચી અને વિસ્તૃત જાતિ છે; ‘સર્વ બ્રહ્મ છે,’ એ વાક્ય ‘સર્વ પદાર્થ છે,’ એના જેવું જ છે.

ભાષાથી જ જે બીજા પ્રશ્નો ઉદભવે છે, તેનું હાલ માત્ર સૂચન કરું છું. 'બ્રહ્મ ભાસે છે,' એ વાક્ય સમજવા ને કોણ ભાસે છે, કેવે રૂપે ભાસે છે, કોને ભાસે છે, અને શાથી ભાસે છે, એ ચાર પ્રશ્નો કરવા જોઈએ; અને તેના જવાબ દેવાનું કામ સહેલું નથી. બ્રહ્મ નિર્ગુણ છે, અને માયા અજ્ઞાનનું અનાદિ કારણ છે, એ ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરી જોજો; અને એવી સ્થિતિમાં કશું જ્ઞાન સંભવે કે કેમ, તેનો વિચાર કરજો. તમને લાગશે, કે બ્રહ્મજ્ઞાન હાશીશ, ભાંગ, કે ગાંજાની મદદ વગર પ્રાપ્ત થાય તેવું નથી.

કાન્તે, વેદાંતનો આ પહેલો પાઠ મને તો બહુ આકરો પડે છે. તમે શું ધારો છો ? વેદાંત બધું આવું જ હોય, તો શિયાળામાં તમારી શગડીની અંદર તેનો ઉપયોગ કરવાનું ઠીક નથી લાગતું ? કે તમારે તેનો તાપ પણ નહીં જોઈએ ?

હાલ આટલું લખીને સંતોષ માનું છું. મારા મનમાં ગમે તે છે; પણ તમે અવિનયનો આરોપ ન મૂકી શકો, તેટલા માટે લખું છું, કે હું શંકરાચાર્ય કે બીજા કોઈ મહાત્માને જૂઠા પાડવાનો દાવો કરતો નથી. વેદાંત કદાચ ખરું હશે, તો પ્રો. મણિલાલ બતાવે છે, તેથી ભિન્ન હશે.

આ પત્રોમાં તો હું વેદાંત સંબંધી નહીં, પણ પ્રો. મણિલાલના વેદાંત સંબંધી જ બોલવાની હિંમત ધરું છું; અને ઈશ્વરને માટે બોલું છું, એ વિચારથી જ તે હિંમત ટકી શકે છે. ઈશ્વરની વિરુદ્ધ બોલવાની બીજા કેમ હિંમત ધરતા હશે, એ સંબંધી કોઈ વાર આશ્ચર્ય થાય છે; અને એ આશ્ચર્યમાં એક અપૂર્વ કલ્પના જન્મે છે. પુરાણ કહે છે, કે કલ્કી અવતાર અને અધર્મનો ઉચ્છેદ થવાનો છે. વેદાંતને ઈશ્વર કે ઈશ્વરાવતાર પર શ્રદ્ધા નથી; પણ વેદાંત ધારે છે, કે અવતાર 'કહેવાતા' સુધારાનો કે એવી કોઈ વસ્તુનો ઉચ્છેદ કરશે. કાન્તે, એમ ન બને, કે ભગવાન્ કલ્કી આર્યાવર્તમાંથી લોકોને ભમાવનાર અને ખરી ધાર્મિક શ્રદ્ધાનો સંહાર કરનાર વેદાંતીઓનો જ સંહાર કરે ?

વિ. તમારો સ્નેહાધીન,

**કાન્ત**

□

# પત્ર-5

**પ્રિયતમે,**

હૉબ્સ નામે એક ઇંગ્રેજ ફિલસૂફે હસવું આવવાનાં કયાં કારણો છે, તેનું એક સ્થળે નિરૂપણ કર્યું છે. ગુજરાતીમાં તેવું નિરૂપણ કરવાની કોઈને ઇચ્છા થાય, તો સિદ્ધાંતસાર બહુ ઉપયોગી થઈ પડે; કારણ કે તમે જોશો, કે તેમાં હસવું આવે એવા વિચારોની ઘણી જાતિઓનો સમાવેશ થાય છે. ચોથા પ્રકરણની શરૂઆતમાં આપેલી નીચેની ટીપ વિચારો :

''આ ઉપરથી સમજી શકાશે કે ગીતા, સૂત્ર, ઉપનિષદ્, આદિના ધારીએ તેટલા અર્થ હોવાનો સંભવ છે. સ્વતંત્ર, સ્વાભાવિક, યથાર્થ અને સરલ અર્થ કિયો છે, તે જાતે સંસ્કૃત જાણી, બધા ગ્રંથો વાંચી, વિચાર્યા વિના નિશ્ચયમાં આવી શકે નહીં. અર્થાત્, અમુક મતમતાંતરનો આગ્રહ કરી, અમુક વાક્યનો અર્થ અમુક જ છે, એમ વઢવું વ્યર્થ છે. જે અર્થથી ઘણાંમાં ઘણાં વાક્યો મચડ્યા વિના સરલ રીતે સમજાઈ જતાં હોય, અને યુક્તિમાત્રથી જોતાં પણ જે અર્થ સંગત લાગતો હોય, તે જ ખરો અર્થ, ધર્મ, એમ નિયમ રાખી વિચારવું ઠીક પડે છે.''

કાન્તે, આ વાક્યસમૂહને તમે વિચાર કહેશો કે સ્વપ્ન ? શું દુનિયામાં કોઈ પણ બોધ માટે લખાયેલા વાક્યના ધારીએ તેટલા અર્થ હોઈ શકે ? ઘણા અર્થ નીકળી શકે, એટલો જ ચમત્કાર બતાવવાને વાક્યો લખી કે બોલી શકાય, એ માન્ય છે; પણ તેવાં વાક્યનો ઉદ્દેશ બોધનો હોતો નથી. બોધને માટે લખાયેલાં કે બોલાયેલાં વાક્યોનો તો એક જ અર્થ હોવો જોઈએ, એટલું

પણ શું હિંદુસ્તાનના ફિલસૂફોને હજી શીખવવું પડે તેમ છે ? નહીં. કારણ કે પછીના જ વાક્યમાં પ્રો. મણિલાલ અમુક સ્વતંત્ર, સ્વાભાવિક, યથાર્થ અને સરલ અર્થ હોવો જોઈએ, એમ સૂચિત કરે છે. (પહેલું વાક્ય સ્વપ્નમાં જ લખાયેલું !) અફસોસ માત્ર એટલો જ છે, કે જે અર્થ હોવો જોઈએ, અને શોધવો જોઈએ, તેને પ્રો. મણિલાલે આપેલાં બધાં વિશેષણો અયોગ્ય છે. અર્થમાં બે પ્રકારે સ્વતંત્રતા લાવી શકાય; અને બંને પ્રકારે સ્વતંત્રતા લાવવી એ અનિષ્ટ છે. એક પ્રકાર એ, કે શબ્દ તરફ જોયા વગર ગમે તે અર્થ કરવો. એવા અર્થને સ્વતંત્ર કહી શકાય, પણ તે આપેલા વાક્યનો અર્થ ન હોવાથી અનિષ્ટ છે. બીજો પ્રકાર એ, કે બીજા માણસોએ અર્થ બતાવ્યો હોય, તેથી ભિન્ન બતાવવો; એવા અર્થને પણ સ્વતંત્ર કહી શકાય, પણ જો પહેલાંના માણસે ખરો અર્થ બતાવ્યો હોય, તો તે અનિષ્ટ જ છે. કાન્તે, પ્રો. મણિલાલે ઉદ્દિષ્ટ અર્થની જ સ્પૃહા રાખવી જોઈતી હતી; સ્વતંત્રની નહીં.[3*] 'સ્વાભાવિક' એટલે કેવો અર્થ તે હું સમજતો નથી; કદાચ તેનો અર્થ ઉદ્દિષ્ટ એમ જ હશે. અર્થને યથાર્થ કહેવો એ તો સાંભળતાં જ નિરર્થક લાગે છે; અને અર્થ સરલ હોય તે જ ઇષ્ટ છે, એમ કહેવું વિવેકરહિત છે. પ્રિયે, યૂરપ અને અમેરિકામાં પ્રસિદ્ધ થયેલા સંસ્કૃત ભાષાના પ્રોફેસરને અર્થને આપવા યોગ્ય એક પણ વિશેષણ મળે નહીં, એ કેમ મનાય ? (માટે મને તો લાગે છે, કે બીજું વાક્ય પણ સ્વપ્નમાં જ લખાયેલું !) હવે પાછા પ્રો. મણિલાલ બીજી બાજુ તરફ વળે છે, અને મેં ઉપર કહ્યું, કે વાક્યનો એક જ અર્થ હોવો જોઈએ, એટલું પ્રો. મણિલાલ જાણે છે, તે ખોટું પાડે છે; કારણ કે સંસ્કૃત જાણી, બધા ગ્રંથો વાંચી, અને વિચાર કર્યા પછી પણ જો એક ખરો અર્થ મળી શકે, તો ''અમુક મતમતાંતરનો આગ્રહ કરી, અમુક વાક્યનો અર્થ અમુક જ છે, એમ લડવું વ્યર્થ'' શા માટે ? (એ વાક્ય પણ સ્વપ્નમાં જ લખાયેલું !) અને તોપણ ફરીને ચોથા વાક્યમાં આગલા વાક્યનું ખંડન કરવામાં આવે છે. કાન્તે, આવાં આવાં સ્થાનકોમાં તમે કે પ્રો. મણિલાલને અસાધારણ માન આપનાર કોઈ માણસ તેનો શી રીતે બચાવ કરી શકે તેમ છે ? હું તો તેના પર વિચાર કરતાં સ્વપ્ન ભોગવવાનો આરોપ મૂકું છું; અને, – પણ તમારા જેવી સરલ હૃદયની બાલાની આગળ વધારે લખવું યોગ્ય નથી.

જ્ઞાતિઓની ઉત્પત્તિ સંબંધી પ્રો. મણિલાલ જે વિચાર આપે છે, તેની

---

3 યોગ્ય રીતે બોલતાં તો અર્થને 'ખરો' કે 'ઉદ્દિષ્ટ' કહેવો એ પણ નિષ્પ્રયોજન છે; કારણ કે જે અનુદ્દિષ્ટ અને અસત્ય છે, તેને આપેલા વાક્યનો અર્થ જ કહી શકાય નહીં.

ટીકા કરવાનું કામ મારું નથી. પાશ્ચાત્ય સંસ્કારવાળા લગભગ બધા ઇતિહાસકો તમારી ખાતરી કરી આપશે, કે એ વિચારો ખોટા છે. મારે એ પ્રશ્નમાં નહીં ઊતરવાનું એક બીજું કારણ એ છે, કે ક્ષેત્રદોષ, વીર્યદોષ વગેરે સંબંધી ચર્ચા તમને રુચવાનો સંભવ નથી. હું માત્ર એટલું જ કહેવાની જરૂર ધારું છું, કે મહાત્મા બુદ્ધના દયાળુ હૃદયને જ્ઞાતિઓના અધિકારથી અતિશય ત્રાસ થયેલો; અને તેના ચારિત્રમાં આપેલાં ભિન્ન ભિન્ન જ્ઞાતિનાં સ્ત્રીપુરુષોનાં આચરણ પરથી તમને ખાતરી થશે, કે ક્ષેત્રશુદ્ધિ, વીર્યશુદ્ધિ અને આત્મશુદ્ધિ સંબંધી પ્રો. મણિલાલની કલ્પના કેવળ ખોટી છે, એટલું જ નહીં, પણ પાપમય છે.

આગળ ઉપર પ્રો. મણિલાલ હિંદુઓની જ્ઞાતિઓને બીજા દેશોના સાંસારિક વર્ગો સાથે સરખાવે છે; બધા દેશોમાં અમુક પ્રકારની સીમા હોય છે, એમ કહે છે; અને જણાવે છે, કે " જરૂર પડતાં એ સીમા તોડવામાં બાધ ગણાતો નથી, એટલું જ સવિશેષપણું." પ્રિયે, એટલું જ સવિશેષપણું ! મનુષ્ય બધે પ્રકારે પશુને મળતો આવે છે, માત્ર તેનામાં બુદ્ધિ છે, એટલું જ સવિશેષપણું. પ્રો. મણિલાલનું પુસ્તક મુદ્રાક્ષર, શાહી વગેરે સર્વમાં પરમ મહત્ત્વનાં પુસ્તકોને મળતું આવે છે, માત્ર તેની અંદરના વિચારો ખોટા છે, એટલું જ સવિશેષપણું ! અહા કાન્તે, પ્રો. મણિલાલના મનને કયું સવિશેષપણું ધ્યાનમાં લેવા લાયક લાગતું હશે ?

એક લીટી પછી જ જવાબ મળે છે. "હિરેડિટી" અને "ડિસેંટ"નો જે મહાનિયમ લેમાર્ક, ડાર્વિન, હેકલ વગેરેએ હાલ 15 (?) વર્ષથી દઢ કર્યો છે, તે ઋષિઓને માલૂમ હતો, એટલું જ નહીં, પણ તેમણે તે નિયમ માણસની ઉન્નતિ સાધવામાં વાપરી લીધો છે." પ્રિયે, આવું સાંભળતાં કોને રોમાંચ નહીં થાય ? પ્રો. મણિલાલે "હિરેડિટી' અને "ડિસેંટ"ના મહાનિયમનું સૂક્ષ્મતર અધ્યયન કર્યું હોત, તો તે આમ બોલી શકત નહીં, સૂક્ષ્મતર અધ્યયન નથી કર્યું, એ વાત સિદ્ધ થઈ શકે તેમ છે. તમારું જ ઇંગ્લિશનું એટલું તો જ્ઞાન છે, કે "હિરેડિટી" અને "ડિસેંટ"નો અર્થ તમે સમજી શકો. મહાનિયમ "હિરેડિટી" કે "ડિસેંટ"નો છે જ નહીં: મહાનિયમ "ઇવોલ્યુશન"નો–ઉદભેદનો છે. એ નિયમથી મનુષ્યજાતિની ઊતરતા જીવમાંથી ઉત્પત્તિ (ડિસોટ) સમજાવી શકાય છે; એ નિયમમાં સંતતિને (હિરેડિટી) પૂર્વજોના મુખ્ય ગુણો પ્રાપ્ત થાય છે, એ સત્ય ઉપન્યાસ તરીકે આવે છે. અહીં હું તમને એ નિયમ સમજાવવા બેસવાનો નથી. વીર્યશુદ્ધિના વિચારમાં ઉદ્‌ભેદનો મહાનિયમ આવી શકે, તો પછી શેમાં શું નહીં આવે શકે, તે કલ્પના થઈ શકતી નથી. ખોટું દેશાભિમાન-

મિથ્યાભિમાન તે કાન્તે, આનું નામ.

વ્રતો સંબંધી કશું કહેવાનો મને અવકાશ નથી.

પ્રો. મણિલાલ લખે છે, કે ''પરદેશનું જ અનુકરણ કરવાને અધમ માર્ગે દોરનારી વાત એ થઈ છે, કે બ્રહ્મચર્ય સચવાતું નથી.'' પ્રિયે, પરદેશીઓ તો બિચારા આપણી પાસે બાળલગ્નનો ઘાતક રિવાજ કઢાવવાને બને તેટલો પ્રયત્ન કરે છે, અને લોકોને અણગમતો એક કાયદો પણ તેમણે કાઢ્યો છે, છતાં તેમનો પ્રો. મણિલાલ શા માટે વાંક કાઢતા હશે ? પરદેશીનો વાંક કાઢવો તે જ દેશાભિમાન ?

હવે કાન્તે, તમારું હૃદય સંભાળજો. પ્રો મણિલાલ સ્ત્રીઓ ઉપર ટીકા કરે છે. ''આઘાત પ્રત્યાઘાત સરખા જ હોય છે : જેવો પ્રેમ તેવી ઉગ્રતા. સ્ત્રી કાં તો સ્વર્ગ છે, ''દેવી છે; કે નરક છે, ડાકેણ છે. એની આશિષ્ તે સ્વર્ગ, એનો નિસાસો તે નરક, એનામાં મધ્ય માર્ગ છે જ નહીં.'' હું ફરીને કહું છું, કે ક્રોધ કરતાં નહીં; ઉતાવળાં થઈને સિદ્ધાંતસાર બાળી મૂકતાં નહીં. પ્રો. મણિલાલનો હેતુ તમારા વર્ગનું અપમાન કરવાનો બિલકુલ નથી; કારણ કે પછીનાં વાક્યોમાં તે નરક અને ડાકણની વાત ભૂલી જઈને સ્ત્રી જાણે પ્રેમદેવતારૂપ જ હોય, એમ બોલે છે. કાન્તે, પ્રો. મણિલાલને સ્ત્રીજાતિને માટે ઘણું માન છે. ''આઘાત અને પ્રત્યાઘાત સરખા જ હોય છેઃ જેવો પ્રેમ તેવી ઉગ્રતા,'' એ તો કોણ જાણે કેમ લખાઈ ગયું હશે ! એ વાંચતાં તો બેશક તમને કંપ થાય, અને હું પાસે હોઉં, તો યોગ્ય ઉપચાર પણ કરી શકું. બેશક પ્રો. મણિલાલનું કહેવું એમ નથી, કે કેટલીએક સ્ત્રીઓ દેવી જેવી અને કેટલી એક ડાકણ જેવી હોય છે; તે તો એમ કહે છે, કે જે અમુક સ્થિતિમાં દેવી જેવી હોય, તે જ સ્થિતિ બદલાતાં ડાકણ જેવી થઈ પડે. મને ક્ષમા કરશો. 'ડાકણ' એ શબ્દ બોલતાં જો પાપ થતું હોય, તો તે પ્રો. મણિલાલને ચોટવું જોઈએ; મને ટીકાકારને નહીં. ''આઘાત અને પ્રત્યાઘાત સરખા જ હોય છે,'' એનો અર્થ એમ થાય, કે જે બહુ દયાળુ હોય, તે બહુ નિર્દય પણ થાય; જે બહુ શાંત હોય, તે બહુ ક્રોધી પણ થાય; જે બહુ વિશ્વસનીય હોય, તે વિશ્વાસઘાતક પણ થાય. પણ આ સંબંધમાં વધારે લખતાં તમને દુઃખ થવાનો સંભવ છે, એ જાણીને અટકાવું છું.

''સ્ત્રીનો ધર્મ પતિસેવા માત્રમાં જ પૂરો થાય છે,'' એવું તો શાસ્ત્રોમાં કહ્યું હોય, તોપણ તમે માની બેસવાનાં નથી. એ વાત સિદ્ધ કરવાને તો બીજાં ઘણાં

પ્રમાણો જોઈએ, બેશક, પતિની સેવા કરવી, એ પત્નીનો મુખ્ય ધર્મ છે. પણ અવિવાહિત રહેલી સ્ત્રીને તો પરિસેવાનો ધર્મ હોઈ શકે જ નહીં, એ સિદ્ધ છે; અને વિવાહિત સ્ત્રી પણ સંતતિ તરફ દેશ તરફ, કુટુંબ તરફ, અને ઈશ્વર તરફ ઘણી ફરજો બજાવી શકે. તેમ કરવામાં સ્ત્રીને પાપ થાય છે, એમ પ્રો. મણિલાલ ભલે કહે; ઈશ્વર એમ માનવાના નથી. (વેદાંતી ઈશ્વર ભજવાની વાત કરે તેથી તમને આશ્ચર્ય નથી થતું ?)

કાન્તે, એક વાત મને સમજાતી નથી. વેદાંતને જ સત્ય માનનાર પ્રો. મણિલાલ સ્ત્રીને પુરુષના ધર્મનો અર્ધ ભાગ મળે છે, એ અને એવી એવી બીજી વાતો કેમ માની શકતા હશે ? ઈશ્વર એક છે, એમ માનનાર પણ અનુભવ નહીં હોવાથી ધર્મની વહેંચણી કેમ થાય છે, એ સંબંધી બોલી શકે નહીં; અને સર્વ ઈશ્વર છે, એમ બોલનારને તો એમ બોલવું અર્થરહિત જ છે. મને તો આ બધું વાંચતાં પ્રો. મણિલાલ થોડી વાર ફિલસૂફ મટીને પુરાણી થઈ ગયા હોય, એવી શંકા થાય છે.

પ્રિયે, પહેલાંથી જ તમે ધારી શકો, તે પ્રમાણે પુનર્વિવાહ સંબંધી પ્રો. મણિલાલના વિચારો તો મારાથી કોઈ કાળે માન્ય થાય તેમ નથી. વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે કે અસંમત છે, એ સંબંધમાં ઘણું લખાઈ ચૂક્યું છે. પણ તેમાં ગમે તે નિર્ણય થાય, તેની મને પરવા નથી. જેને હું ચાહું છું, તેની સાથે વિવાહ મારા હૃદયને સંમત જ છે. ‘‘ગુરુને ઘણા શિષ્ય થઈ શકે; શિષ્યને ઘણા ગુરુ ન થઈ શકે.’’ શા માટે ? દુનિયામાં તો થાય છે. બેશક, એક ભવમાં એક જ લગ્નગ્રંથિ બંધાય, તે સર્વોત્કૃષ્ટ છે; પણ તે સ્ત્રી અને પુરુષ બંનેને માટે. પ્રથમ લગ્નમાં થયેલા પ્રેમનું પ્રબળ ઓછું હોય, તેમાં કોઈનું પાપ ગણાય નહીં; અને સબળ પ્રેમ ફરી લગ્ન કરવાને ઉશ્કેરે, તો તેમ કરવું એ પાપ નહીં, પણ પુણ્ય છે. બેશક, લોકોમાં પડી ગયેલો રિવાજ અને લોકોના વહેમો તરફ દૃષ્ટિ કરતાં, પુનર્વિવાહમાં જે જોખમ છે, તે હું સારી રીતે સમજું છું; પણ પ્રિયતમે, ન્હાનપણથી જ જન્મ પામેલો અને વય સાથે સંવર્ધિત થયેલો આપણો પ્રેમ એટલો પ્રબળ છે, કે નિર્દય અને અંધ લોકોના અનાદરનો આપણે સ્વસ્થ ચિત્તથી અનાદર કરી શકશું. લગ્નગ્રંથિથી સંબદ્ધ થશું, તો આપણે દેશહિતના આપણા ઘણા વિચારોને પરિણામમાં મૂકી શકશું. દેશને ખૂબસૂરત, બુદ્ધિમાન અને બહાદુર ફરજંદોની બક્ષેશ કરશું. – પણ મારાથી સીમાત્યાગ થાય છે.

સતીના નિર્દય રિવાજની પ્રો. મણિલાલ જે પ્રશંસા કરે છે, તેની તમે

યોગ્ય તુલના કરી શકશો. તમે કાદંબરીમાં બાણભટ્ટ જેવા પ્રાચીન લેખક પણ અનુમરણને માટે શું કહે છે, તે વાંચ્યું છે. હું માત્ર એક જ વાત કહીશ. પ્રો મણિલાલ કહે છે, કે હિંદુસ્તાન સિવાય બીજા દેશો એ હોમથી અજાણ છે, એમ નથી. ઘણા જંગલી દેશોમાં સ્ત્રીને તો શું પણ નોકરોને અને સરસામાનને પણ શબની સાથે બાળી મૂકવામાં આવે છે. બધા હોમ પ્રેમહોમ નથી.

આ સ્થળે પ્રો. મણિલાલ એકાએક બોલી ઊઠે છે, કે ઉપલા બધા વિચાર ''મારા અભિપ્રાયરૂપ છે એમ જાણવું નહીં.'' હું ધારું છું, કે આખા પુસ્તકને અંતે પણ એ જ વાક્ય લખ્યું હોત, તો ચાલત : કારણ કે વિચાર વાંચતાં તો તે પ્રો. મણિલાલના અભિપ્રાયરૂપ જ છે, એમ લાગે છે; અને પોતાના ભિન્ન અભિપ્રાયો હશે, તો તે તેમણે આપેલા નથી. તમે મરજીમાં આવે તે માનજો.

આગળ જતાં ''વર કન્યા સપિંડ નહીં જોઈએ,'' એ નિયમનું વિવેચન કરતાં પ્રો. મણિલાલ તેને ડાર્વિનના 'લૉ ઑફ હિરેડિટી' અને 'ડિવેલપમેંટ ઑફ સ્પીશીઝ' સાથે સરખાવે છે; અને બતાવે છે, કે એક લોહીનાં સ્ત્રીપુરુષથી પ્રજા હીન બળબુદ્ધિવાળી થાય છે. પ્રો. મણિલાલના મનમાં જે નિયમ છે, તે જુદો જ છે; અને તે ઇંગ્રેજીમાં 'ક્રૉસ ફર્ટિલાઇઝેશન'ના નામથી ઓળખાય છે. પણ એ નિયમ જો માન્ય થાય, તો વીર્યશુદ્ધિના વિચારને કંઈ હાનિ પહોંચે, એમ તમને નથી લાગતું ? જુદાં જુદાં ગોત્રમાં લગ્નથી જો લાભ થાય, તો જુદી જુદી જ્ઞાતિઓમાં લગ્નથી ન થાય ? પ્રો. મણિલાલ કદાચ કહેશે, કે જુદાં જુદાં ગોત્રો એકંદરે બળબુદ્ધિમાં સમાન હોય છે; જુદી જુદી જ્ઞાતિઓ નથી હોતી. વિષય એટલો કઠિન છે, કે તેમાં હું ખાતરીથી બહુ કહી શકતો નથી. માત્ર એટલું જ કહી શકું છું, કે ઉદાહરણ તરીકે ઔદીચ્ય બ્રાહ્મણોની જ્ઞાતિ બળબુદ્ધિમાં પાટીદારોની જ્ઞાતિથી ચડિયાતી નથી, અને બીજી પણ ઘણી કહેવાતી ઊંચી જ્ઞાતિઓ કહેવાતી નીચી જ્ઞાતિઓથી બળબુદ્ધિમાં ચડિયાતી નથી; એટલે તેમનામાં પરસ્પર લગ્નવ્યવહાર શરૂ થાય, તો હાનિને બદલે લાભ થવાનો સંભવ છે. ઇંગ્રેજો, જર્મનો, કે ઉચ્ચ વર્ગના મુસલમાનોનું ઉદાહરણ તો તમને ત્રાસ થાય, એટલા જ માટે હું નથી આપતો.

બાળલગ્નની વિરુદ્ધ પ્રો. મણિલાલ જે કંઈ લખે, તે માટે તો તેમનો ઉપકાર જ માનવો ઘટે છે; કારણ કે જો શાસ્ત્રનો આધાર આપવાની ઇચ્છા હોય, તો તે ન મળી શકે તેમ નથી. એ તો સુધારાવાળાનું એટલું સારું નસીબ, કે પ્રો. મણિલાલ તેમની વિરુદ્ધ જવા નથી ઇચ્છતા.

વિસ્તારના ભયથી મનુનાં આઠ પ્રકારનાં લગ્નથી તે સમયના હિંદુસમાજની જે અધોગતિ સૂચિત થાય છે, તે સંબંધી હું વધારે લખી શકતો નથી. માત્ર એટલું કહેવાથી બસ થશે, કે આપણે જેને વ્યભિચાર ગણીએ તેને મનુ લગ્ન ગણે છે. પ્રો. મણિલાલ પણ કહે છે, કે રાક્ષસ લગ્ન ક્ષત્રિયોને પ્રશસ્ત છે, ઇત્યાદિ !

કાન્તે, તમે ''ધર્માંધતા'' એ નામથી ઓળખાતી એક પ્રકારની બુદ્ધિની અંધતા સંબંધી સાંભળ્યું અને વાંચ્યું હશે; તમે કદાચ દાખલા પણ જોયા હશે. છતાં હું તમને એક સારો દાખલો બતાવું છું. જૂના વખતમાં અતિથિસત્કાર માટે મધુપર્ક સારુ ગોવધ કરવામાં આવતો, એ તો તમે પણ ઉત્તરચરિત વાંચવાથી જાણો છો. પ્રો. મણિલાલ તે સંબંધી નીચે પ્રમાણે લખે છે : ''આશ્ચર્યની વાત એ છે, કે જે ગાય આજે બહુ પવિત્ર ગણાય છે, તેને પ્રાચીન સમયમાં યજ્ઞ માટે તથા મધુપર્ક માટે મારવાનો રિવાજ હતો !'' હું તો એમ ધારું છું, કે પ્રાચીનો ઘણું કરીને ગાયનો નહીં પણ ગોધાનો વધ કરતા હશે. પણ પ્રો. મણિલાલના આશ્ચર્ય વિષે તમે શું ધારો છો ? હાલ કોઈ સુધારાવાળા માંસભક્ષણ કરે, તો તેને માટે પ્રો. મણિલાલ પોતાનાં બધાં વાગ્બાણ વાપરી નાંખે; પણ પ્રાચીનોની વાત આવી, કે તેમને માત્ર આશ્ચર્ય થાય છે. પ્રિયે, મને પણ આશ્ચર્ય થાય છે; પ્રાચીનોના માંસભક્ષણથી તો નહીં, પણ પ્રો. મણિલાલની ધર્માંધતાથી.

આગળ જતાં પ્રો. મણિલાલ એક વાત કહે છે, તે આગ્રહથી પકડી રાખવાની મારી તમને વિનંતી છે. તે કહે છે, કે પુનર્વિવાહની જરૂર નવી ઊભી થઈ છે, અને તે યોગ્ય છે કે અયોગ્ય છે, તેનો નિર્ણય કરવાને માટે શાસ્ત્રોને ચૂંથવાં વ્યર્થ છે. તે પોતે નિર્ણય આપતાં ડરે છે; પણ તેમના શબ્દો પરથી એ ઉપયોગી સત્ય ફલિત થાય છે, કે જે નિયમો જુદી સ્થિતિના સમાજને માટે ઘડાયેલા હોય, તે ફરી ગયેલી સ્થિતિમાં કાયમ રાખવા એ બેવકૂફી છે. આટલું કબૂલ કરવાથી પ્રો. મણિલાલની ઘણી ખરી વકીલાત બિલકુલ તૂટી જાય છે, તેની તેમને ખબર નહીં હોય.

નિયોગ અને બીજી ઘણીખરી બાબતો હું તમારી મુનસફી પર સોંપું છું; અને અહીં એક ઉપયોગ સત્ય તરફ તમારું ધ્યાન ખેંચવું યોગ્ય ધારું છું. પ્રો. મણિલાલ જેવા સમર્થ બુદ્ધિના માણસે સ્થળે સ્થળે આવા ખોટા વિચારો કેમ દર્શાવ્યા હશે, એ વિચારથી કોઈને પણ આશ્ચર્ય થાય. કાન્તા, પ્રેમજીવન, અને બીજા ઘણા લેખોના લેખકને માટે આપણા મનમાં જે માનવૃત્તિ છે,

તેને લીધે તેના આટલા બધા દોષો સ્વીકારતાં આપણને દુઃખ થાય છે. પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. સત્યપ્રાપ્તિ – કાન્તે, દૃષ્ટિબિંદુ ઉપર આધાર રાખે છે; તમે વિષય તરફ કઈ તરફથી અને કેવી રીતે જુઓ છો, તે પર આધાર રાખે છે; જેમ કોઈ પણ માણસનું વદન કેવું છે, તે તમે ઊંચેથી જુઓ, તો દેખાય જ નહીં; સામે આવો, ત્યારે જ દેખાય – જેમ ખેતરમાં અનાજના ક્યારા આડા ઊભા રહીને જોવાથી સમજાય જ નહીં, પણ અમુક તરફ આવીને જોવાથી જ સમજાય–તેમ વિચારના દરેક વિષયમાં સમજવું. કેટલાએક જૂના માણસો કહે છે, કે શ્રદ્ધા વગર શાસ્ત્ર સમજાય નહીં; તેઓ બિચારા ભાષાની જ ભૂલ કરે છે, વિચારની નહીં. તેમનો આશય મેં કહ્યો તે જ હોય છે. કયા વિષયને કયું દૃષ્ટિબિંદુ યોગ્ય છે, તે કેળવાયલી વિચારશક્તિ જ સમજી શકે છે.

છેવટ એક હસવા જેવી વાત જણાવું છું, જે અયોગ્ય લાગે તો ક્ષમા આપશો. હેતુ હાસ્ય ઉત્પન્ન કરવાનો જ છે, બીજો નથી. થોડા દિવસ અગાઉ કાંકરિયા તળાવ પર ફરતાં એક સ્નેહી આગળ મારી અમુક પ્રિયતમાની પ્રશંસા કરતો હતો, અને તેને ખબર નહીં હોવાથી, તે વિધવા છે તે છતાં હું તેની સાથે સંયુક્ત થવાની સુખદ આશા ધરાવું છું, એમ કહેતો હતો, તેવામાં તેની સાથેનો કોઈ નૃસિંહ મહારાજ કે પ્રો. મણિલાલનો શિષ્ય (હું તેને બરાબર ઓળખતો નથી) જાણે હૃદયમાં તીર વાગ્યું હોય તે પ્રમાણે અભિનય કરતો તરત ચાલતો થયો, અને થોડે દૂર જઈ નીચે પ્રમાણે બબડ્યો :

यदा यदा हि धर्मस्य ग्नालिर्भवति भारत ।

अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।

કાન્તે, તમે મારી સાથે એવી રીતે વર્તો છો, કે આટલો લાંબો કાગળ લખવાની તસ્દી લીધા પછી પણ હું એકાદ સ્નેહનું વાક્ય લખવાની હિંમત ધારી શકતો નથી. વારુ, મને ધીરજ છે, પણ બીજું કાંઈ ન લખાય, તો આટલું લખવા કંઈ હરકત છે, કે –

તમારા પ્રેમપાશથી બંધાયલા

**કાન્તના પ્રણામ ?**

□

# પત્ર-6

**પ્રિય !**

તમે કહો છો તે ખરું છે. ક્ષમાનું સ્વરૂપ તમે યોગ્ય રીતે સમજો છો. મિલ નાસ્તિક હતો, છતાં યૂરપના ઘણા ધાર્મિક લોકો તેના સદ્‌ગુણોની કદર કરી શકેલા તે ક્ષમા; પાશ્ચાત્યો હિંદુઓના બધા દોષો જાણવા છતાં તેમના સદ્‌ગુણોને પણ જાણી શકે છે એ ક્ષમા. આલ્બેરૂનીનું ઉદાહરણ પણ યોગ્ય છે; અને 'હિંદુઓએ કોઈ પણ વિદેશી પ્રજાનો ગુણ સ્વીકાર્યો નથી, એ તેમનામાં ક્ષમા ન હતી એમ સિદ્ધ કરે છે,' એ તમારી દલીલ વાંચી મને સંતોષ થાય છે. ખરે જ, પ્રિયે, ક્ષમા એ વિશાળ અનુભવ, ગંભીર અનુભાવ, સત્યપ્રીતિ, અને ન્યાયબુદ્ધિનું પરિણામ છે. મારે કહેવું જોઈએ, કે ક્ષમાને હું ઇંગ્લિશ ટોલરેશન (toleration) શબ્દના પર્યાય તરીકે જ સમજું છું; અને રા. ત્રિપાઠી, રા. દ્વિવેદી, વગેરે હિંદુઓમાં જે ગુણ હતો એમ સિદ્ધ કરવાને મથે છે, તે એ અર્થમાં જ છે. પણ કાન્તે, મિથ્યાભિમાની લોકો ખરી ક્ષમા શી રીતે દાખવી શકે ? પોતાના જ વર્ગના મોટા ભાગ તરફ તિરસ્કાર બતાવનાર લોકો ક્ષમા શી રીતે દાખવી શકે ? વિદેશી તેટલા બધા અસ્પૃશ્ય, અને સ્વદેશીમાં પણ ઘણા અસ્પૃશ્ય, એમ માનનારામાં ક્ષમા શી રીતે હોઈ શકે ? પશુઓ સ્પૃશ્ય પણ મનુષ્યો નહીં, એમ માનનારાઓમાં ક્ષમા શી રીતે હોઈ શકે ? કાન્તે, પ્રાણવિનિમયને તમે ધિક્કારી કહાડો છો, તે યોગ્ય જ છે. ડૉ. ફુલરનું તમે અવતરણ આપો છો, તે યોગ્ય જ છે. ''પોતાને હાનિ થતી હોય તે ઘેટાંની માફક સહન કરવી એ ઠીક છે; પણ જ્યાં સારા માણસોને અપમાન

મળતું હોય, ત્યાં તો જે લોકો સિંહ નથી તે ગધ્ધા છે.''[4]

કાન્તે ! પ્રો. મણિલાલ ક્ષમા સંબંધી જે કહે છે તે બધું ખોટું છે. તેમની ઐતિહાસિક દૃષ્ટિ શિથિલ છે. પોપે અમુક વાત માનવાને માટે જ્યોર્ડેનો બ્રૂનોને મારી નાંખ્યો હોય, તેથી તે નિર્દય ઠરતો નથી. પ્રિયે, ક્રિશ્ચિયન સાધુઓએ પોતાના ધર્મનો બીજાઓને લાભ આપવાને અને બીજાનાં અંતઃકરણમાં પોતાની પ્રતીતિ ઉતારવાને કેટલાં જોખમો ખેડ્યાં છે, અને કેટલો શ્રમ લીધો છે ! તમને એ ઉદારતા અને દયા માનવીય નથી લાગતી ? હું કહું છું કે જ્યોર્ડેનો બ્રૂનોનું ખૂન પણ એ જ દયાનું પરિણામ છે. એ સમયની કલ્પના કરો. ક્રિશ્ચિયનો અંતઃકરણથી માનતા હતા, કે ધર્મદ્રોહ[5] એ મનુષ્યવધના કરતાં મોટો ગુન્હો છે; મનુષ્યવધથી માત્ર શરીરનો નાશ થાય છે. પણ ધર્મદ્રોહથી આત્મા હમેશાંને માટે પતિત થાય છે. પોપે અંતઃકરણથી માનેલું, કે બ્રૂનો મરવાથી ઘણા આત્માઓ પતિત થતા અટકશે. શું એ નિર્દયતા બતાવે છે ? કાન્તે ! એ બુદ્ધિની સંકુચિત સ્થિતિ બતાવે છે, એમ માની શકાય; પણ નિર્દયતા તો નહીં જ. આખી દુનિયાના સાધુઓમાં માર્ક્સ ઑરીલિયસના કરતાં થોડાની જ પદવી ઉચ્ચતર છે; તે છતાં માર્ક્સે ક્રિશ્ચિયનો પર જુલમ કરેલો, એ ઐતિહાસિક હકીકત છે. ઐતિહાસિક દૃષ્ટિ એ પોતાની આંખને કોરે મૂકીને ભૂતકાળને ભૂતકાળની આંખથી જોવામાં સમાય છે. ક્રિશ્ચિયન પોપે બ્રૂનોને મારી નાંખ્યો, કોઈ હિંદુ પોપે કોઈ હિંદુ બ્રૂનોને મારી નાખ્યો નથી, માટે હિંદુઓ ક્રિશ્ચિયનો કરતાં ઘણા જ ઉચ્ચતર-સ્વર્ગીય-દેવાંશી ! આવું અનુમાન ન્યાયબુદ્ધિની શિથિલતા જ બતાવે છે.

હું તો હિંદુઓનો બધો ઇતિહાસ જાણવાનો કશો દાવો કરતો નથી. પણ મને લાગે છે, કે જે લોકો ધર્મના કરતાં ઘણા જ ઓછા મહત્ત્વનાં કારણોની ખાતર લડ્યા છે, તેમનામાં ક્ષમાનો સદ્‌ગુણ હતો એમ કહેવું, એ કેવળ અયોગ્ય છે. મેં ઉપર બતાવ્યું તે પ્રમાણે અમુક સંસ્થિતિમાં જ ક્ષમાને સદ્‌ગુણ કહી શકાય તેમ છે; જે ક્ષમા ખરેખરી માનનીય છે, અને પોતાનાથી ભિન્ન મનુષ્યોના ગુણોની પણ કદર કરવામાં સમાયેલી છે, તે તો હિંદુઓમાં

4 ''One may be a lamb in private wrongs, but in bearing general affronts to goodness, they are asses which are not lions.'' Dr. Fuller.

5 એટલું મારે કહેવું જોઈએ, કે આધુનિક શોધથી એ ખૂનની હકીકત શંકાસ્પદ ઠરી છે, અને પ્રો. મણિલાલે તેટલું કહેવું જોઈતું હતું.

બિલકુલ નથી–એટલે કે જૂના વખતમાં ન હતી. મ્લેચ્છ, યવન, શૂદ્ર, એ શબ્દો ગ્રીકનાં 'બાર્બેરિયન'ના કરતાં પણ ઊતરતો વિચાર દર્શાવે છે. ગ્રીકો અભિમાની હતા ખરા; પણ હિંદુઓના મિથ્યાભિમાનથી તો આડો આંક !

મુસલમાનોના સંબંધમાં પણ પ્રો. મણિલાલ જે કહે છે તે મને બહુ અંશે માન્ય નથી. પ્રો. મણિલાલ એ જંગલી પણ બહાદુર લોકોના ધર્માગ્રહની ખરી કદર કરી શકતા નથી. દીનની ખાતર હમેશાં મરવાને તત્પર રહેનાર ઇસ્લામીઓ તરફ મારો તો થોડે અંશે પૂજ્યભાવ છે.

તમે પૂછો છો, કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના વિધવાવિવાહ પરના લેખનું વર્નાક્યુલર સોસાઇટીએ ભાષાન્તર કરાવ્યું છે કે નહીં ? દિલગીર છું, કે મારાથી તમને ખરી ખબર આપી શકાતી નથી. હું માત્ર એટલું જાણું છું, કે એ પુસ્તકની 2,000 નકલો તેની પ્રસિદ્ધિના એક અઠવાડિયાની અંદર ખપી ગઈ હતી; અને બીજી તથા ત્રીજી આવૃત્તિઓ પણ ઝડપથી પૂરી થઈ હતી. પણ પ્રિયે, 40 વર્ષ પહેલાંનો એ ઉત્સાહ મંદ થઈ ગયો છે. 1855માં એ પુસ્તક બહાર પડેલું; અને 1856ના જુલાઈની 13મી તારીખે વિધવાવિવાહ કાયદાથી મંજૂર થયેલો. વિદ્યાસાગરે પોતાના પુત્રનું પણ એક વિધવાની સાથે જ લગ્ન કરાવેલું; અને વિધવાઓની ખાતર તેણે બેહદ નાણું ખરચેલું. તેનાં પુસ્તકો વાંચવાની ખાતર જ તમે બંગાળી ભાષા શીખો, એવી મારી ઇચ્છા છે. તમે પહેલાં લખ્યું હતું, કે વિધવાવિવાહ સશાસ્ત્ર છે, એમ પ્રો. મણિલાલની વિરુદ્ધ સિદ્ધ કરવાની મારી તાકત ન હોઈ શકે; તેના ઉત્તરમાં જણાવું છું, કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને સંસ્કૃત સાહિત્ય અને ધર્મગ્રંથોનું પ્રો. મણિલાલ અને તેમના સમગ્ર મંડળના કરતાં ઘણું વધારે જ્ઞાન હતું; અને એવા માણસે જે વાત સિદ્ધ કરી છે, તે મારે ફરી સિદ્ધ કરવાની જરૂર નથી.

કાન્તે, સિદ્ધાંતસારના પાંચમા પ્રકરણમાં સર્વથી ભયંકર વાક્ય નીચે પ્રમાણે છે :– "મનુષ્ય અને પશુ વચ્ચે ફરક પ્રત્યગ્દષ્ટિરૂપ માન્યો છે. ત્યારે મનુષ્યની ધર્મવાસનાની પરાકાષ્ઠા પ્રત્યગ્દષ્ટિના વિસ્તારમાં જ હોવી જોઈએ; પોતામાંથી જ નીકળવી જોઈએ; પોતાનાથી જુદા એવા કોઈ ભાવમાં વિરામવી ન જ જોઈએ. જીવારોપણની–પશુબુદ્ધિની–એ પરાકાષ્ઠા ખરી, કે પોતાથી ભિન્ન અને સર્વનિયંતા, એવો ઈશ્વર માની વિરામવું; પણ મનુષ્ય બુદ્ધિની પ્રત્યગ્દષ્ટિની–પરાકાષ્ઠા તો એ જ, કે પ્રત્યગ્રૂપ, પોતારૂપ, આત્મરૂપ

સર્વ છે.'' આગળ જતાં નીચેનું વાક્ય આવે છે. ''પોતાથી અતિરિક્ત એવો અમુક રૂપગુણયુક્ત એક ઈશ્વર એ ભાવના જ સેમિટિક ધર્મની છે; ને આર્ય ધર્મે તેને मान्य करी नथी, तेम करनार पण नथी. * * * સેમિટિક એકત્વ * * * તે પશુબુદ્ધિની પરાકાષ્ઠા છે; આર્ય એકત્વ મનુષ્યબુદ્ધિનો પરમ ઉદ્‌ગાર અને પરમ પ્રયત્ન છે;'' ઇત્યાદિ. પ્રિયે, પ્રો. મણિલાલ ब्राह्मणोऽस्य मुखमासीत् એ વાક્ય પ્રમાણે સકલ ભરતખંડના મુખરૂપ થવાનો દંભ કરે છે ? આર્ય ધર્મ એક ઈશ્વરને કદાપિ માન્ય કરનાર નથી, એમ તેમનાથી કહેવાય જ કેમ ? મેં આગલા એક પત્રમાં તમને લખેલું છે, કે હિંદુસ્તાનનો મોટો ભાગ એકેશ્વરવાદી જ છે. નથી, એમ કહેવામાં પ્રો. મણિલાલ કેળવ જૂઠું બોલે છે, પણ એ જવા દઈએ.

તેની દલીલ શી છે ? મને તો તે કોઈ પણ અર્થમાં જરા પણ ટકી શકે એમ લાગતું નથી. જીવારોપણ એ પશુબુદ્ધિ શી રીતે ? અને એકેશ્વરવાદમાં કયા જડ પદાર્થમાં જીવારોપણ થાય છે ? અને પોતાનાથી ભિન્ન કશું નથી એમ કહેવું, એ તે પ્રત્યગ્દષ્ટિની પરાકાષ્ઠા કે આત્મક્ષતિ ? એકેશ્વરવાદમાં પશુબુદ્ધિની પરાકાષ્ઠા થતી હોય, તો વેદના સર્વોત્તમ ભાગમાં પણ પશુબુદ્ધિની જ પરાકાષ્ઠા છે; અને બીજા ભાગોમાં જ્યાં બહુ દેવોમાં આસ્થા દેખાય છે, ત્યાં તો પશુઓના કરતાં પણ કોઈ અધમ પ્રકારની બુદ્ધિની પરાકાષ્ઠા ! તમે કહેશો કે આમ લખવાથી કાંઈ પ્રો. મણિલાલના વિચારનું ખંડન થતું નથી; પણ ખંડનની જરૂર જ ક્યાં છે ? વિચારનું સમર્થન જ ક્યાં છે ? જે એકત્વને પ્રો. મણિલાલ આર્ય એકત્વ કહે છે, તે કેવી બુદ્ધિની પરાકાષ્ઠા છે, તે તેનું વિવેચન કરતી વખત હું બતાવવાનો જ છું; માટે હાલ વિસ્તારનું પ્રયોજન નથી.

પણ તમને કદાચ એમ લાગે કે આ પ્રમાણે અભેદવાદની ચર્ચા હમેશાં હું દૂર રાખું છું, તેથી હું તે વિરુદ્ધ કશું કહી શકું તેમ નથી એટલું જ સિદ્ધ થાય છે, તો આ પત્રમાં પણ થોડીઘણી ચર્ચા કરવામાં મને કશી હરકત નથી. તમને જો એવી ધાસ્તી હોય કે મારા જેવો થોડું વાંચનારો માણસ વેદાંતસાગરનો તલસ્પર્શ કેમ કરી શકશે, તો તે ધાસ્તી ખોટી છે, અને તે એટલા માટે, કે વેદાંત તમે ધારો છો તેવો સાગર છે જ નહીં, બેશક એટલું હું માનું છું. કે અભેદની વૃત્તિ ઈશ્વરભક્તિની પરમ નિર્મલ વૃત્તિમાંથી જ ઉત્પન્ન થાય છે. ઈશ્વરને સર્વવ્યાપક માનતાં માનતાં ધાર્મિક હૃદયની એવી સ્થિતિ ઘણી વાર

થઈ જાય છે, કે જ્યારે ચરાચર સર્વ સૃષ્ટિમાં તેને ઈશ્વરનું જ દર્શન થાય છે, જ્યારે પ્રકૃતિનાં ભવ્યમાં ભવ્ય અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપોમાં ઈશ્વર જ દૃષ્ટિગોચર થાય છે. એ સ્થિતિમાં ''હું છું જ નહીં, ઈશ્વર જ છે'' એ ઉત્તમોત્તમ આત્મસમર્પણ લાગે. પણ પ્રિયે, એ આત્મસમર્પણ જ છે. સમર્પણ કરનાર વ્યક્તિ એ સમર્પણમાં પણ પોતાનું ભિન્ન અસ્તિત્વ સિદ્ધ કરે છે. પ્રિયે, જો એ ખરું હોય, કે –

य एनं वेति हन्तारं यश्चैनं मन्यते हतम् ।

उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ।।

તો પછી–ततो युद्धाय युज्यस्व ઇત્યિાદિ વાક્યમાં આજ્ઞાર્થનું પ્રયોજન શું રહે ? પણ અભેદવાદના પરમ શુદ્ધ સ્વરૂપમાં પણ હૃદયની ઉચ્ચતા પ્રાપ્ત કરવાની સાથે બુદ્ધિનો છેક સંહાર કરવામાં આવે છે. કારણ કે ઈશ્વરનું જ્ઞાન પ્રથમ પોતાનું અને સૃષ્ટિનું જ્ઞાન થયા વગર સંભવતું જ નથી. પોતાનું અસ્તિત્વ જાણ્યા પછી જ ઈશ્વરનું અસ્તિત્વ જાણી શકાય છે. ઈશ્વરનું અસ્તિત્વ વસ્તુસ્થિતિમાં પહેલું છે, પણ વિચારમાં પાછળ છે. ડેકાર્ટ અને પોર્ટ રોયલના લેખોમાં cogitat, ergo, sum (હું વિચારું છું, માટે, હું છું) એવું જે સૂત્ર તમે વાંચ્યું છે, તે હું છું, એમ સ્વીકારે છે, તેટલે અંશે અભેદવાદના કરતાં વધારે ન્યાયપુરસ્સર છે. એથી પણ વધારે ન્યાયપુરસ્સર વિચાર તો એ જ છે, કે હું વિચારું છું, માટે વિચારનો વિષય અમુક બાહ્ય પદાર્થ છે. ''હું છું'' અને ''ઈશ્વર છે,'' એ વિચારો તે પછી ઉત્પન્ન થાય છે. જ્ઞાન શબ્દના અર્થમાં જ અભેદનો નહીં પણ ભેદનો સમાવેશ થાય છે. એ ભેદ ત્રણ પ્રકારનો છે. (1) જ્ઞાનના વિષયીનો વિષયથી ભેદ, (2) એક વિષયનો ઇતર વિષયોથી ભેદ, અને (3) વિષયના અંશોનો પરસ્પર ભેદ. વેદાંત ઈશ્વરને અતિ મહત્ત્વ આપવા જતાં તેના ઈશ્વરત્વની જ ક્ષતિ કરે છે; કારણ કે ઈશ્વર અને તજ્જન્ય સૃષ્ટિનો ભેદ દૂર કરવાની મનુષ્યમાં શક્તિ નથી. એ ભેદની ના પાડવી, એ બિલકુલ અનુભવ વિરુદ્ધ છે. અને કાન્તે, વેદાંતીઓ પોતે પણ એમ સમજે છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે —

यत्र वा अस्य सर्वमात्मैवाभूत्तत्केन कं जिघ्रेत् केन कं पश्येत् केन कं शृणुयात् ।।

અને પ્રો. મણિલાલ એક સ્થળે એ જ વાક્ય પર ટીકા કરતાં લખે છે,

કે "એવા અભેદને 'અનુભવું છું,' એમ કહેનાર તેને સમજતો નથી; કેમ કે અભેદ અનુભવાયા પછી તે કોણ અનુભવે છે ? શાને અનુભવે છે ? શાથી અનુભવે છે ? 'અનુભવું છું' એમ કહેવામાં જ અભેદનો ભેદ થઈ જાય છે." આ શું બતાવે છે ? એટલું જ, કે અભેદાનુભવ અભેદનો ભેદ કર્યા વગર બોલી શકાય નહીં; અને પ્રો. મણિલાલે એટલું સમજવું જોઈતું હતું, કે વિચારી પણ શકાય નહીં. પણ જે વસ્તુ વિચારી શકાય નહીં, તે વસ્તુ છે, એ કોણ કહી શકે ? જે વસ્તુનો વિચાર જ આત્મનાશક છે, તે છે, એમ કોણ કહી શકે ? બે સીધી લીટીઓ અવકાશ ઘેરી શકે, એવું વિચારી જ શકાય નહીં, તે છતાં બે સીધી લીટીઓ અવકાશ ઘેરે છે, એમ બોલનારાઓમાં અને વેદાંતીઓમાં, સુજ્ઞ કાન્તે, કશો ભેદ નથી; પરિપૂર્ણ અભેદ છે.

પ્રિયે, મહાત્મા બુદ્ધ માટે પ્રો. મણિલાલ જે લખે છે, તેથી મને આનંદ અને ખેદ બન્ને થાય છે. આનંદ એટલા માટે, કે તેમનું અંતઃકરણ તેમને સત્ય તરફ દોરે છે; ખેદ એટલા માટે, કે તેમનો સિદ્ધાંત તેમને અસત્ય તરફ દોરે છે. જે ધર્મે "વેદધર્મની કર્મજાલને તોડી પાડી," જે ધર્મે "કોઈ પ્રકારની વર્ણવ્યવસ્થા માની ન હતી, બ્રાહ્મણોએ માનેલા અધિકારને ગણકાર્યો ન હતો, સર્વને મોક્ષ થવાનો માર્ગ છૂટથી બતાવ્યો હતો," જે ધર્મનો "સર્વની સમાનતા, સર્વભ્રાતૃભાવ, એ જ પાયો અને આધાર હતો," તે ધર્મમાં પ્રો મણિલાલ કહે છે કે "નવું કાંઈ હતું નહીં, પ્રાચીન ધર્મને જ અમુક માર્ગે વાળવાનો સાદો પ્રયત્ન હતો" ! પ્રિયે, એ ધર્મ જો નવીન ન ગણાય, તો બીજો કયો ગણાય, તે મને સમજાતું નથી. પણ પ્રો. મણિલાલ ભેદ ન જોઈ શકે, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી; અભેદ એ જ તેમનો સિદ્ધાંત છે. બીજે સ્થળે પ્રો. મણિલાલ લખે છે, કે "પ્રાચીન માર્ગમાં સુધારા દાખલ કરવાને લીધે નાસ્તિક સંજ્ઞાને તો તે (બૌદ્ધ ધર્મ) પામ્યો." ત્યારે શું પ્રો. મણિલાલ બૌદ્ધ ધર્મે સુધારા દાખલ કર્યા એમ માને છે ? — પણ મારે પ્રો. મણિલાલ સાથે લડવું નથી. તેનું અંતઃકરણ એ મહાત્મા તરફ, એ પરમ પવિત્ર, સાત્ત્વિક, "જ્ઞાનમય, પ્રેમમૂર્તિરૂપ, પૂજ્ય વ્યક્તિ" તરફ એટલો ભક્તિભાવ બતાવે છે, કે મને સંતોષ છે. અહા ! કાન્તે, પ્રો. મણિલાલ વેદાંત ન ભણ્યા હોત, તો કેવું સારું થાત ! તો આપણા મંડલમાં આપણે તેનું કેવું અભિનંદન કરત ! પણ કદાચ જેમ છે તેમ જ ઠીક છે. કારણ કે પ્રો. મણિલાલને તમારો સમાગમ થયો હોત, અને તેણે ગુજરાતને

પ્યારની ગઝલોથી મોહિત કરી હોત, તો મારે ચિંતા કરવી પડત.

કાન્તે, મારે પ્રો. મણિલાલના બધા વિચારો ખોટા જ ઠરાવવા એવો અંધ દુરાગ્રહ નથી, એનું એ પ્રમાણ આપું છું. બૌદ્ધ ધર્મની નીતિ અતિ કઠિન હોવાથી જ તે ઘણા વખત સુધી ચાલી શકે એવો ન હતો, એમ પ્રો. મણિલાલ કહે છે, તે ખરું છે. યૂરપમાં પણ જેન્સનિસ્ટોની એ જ દશા થયેલી છે. જે ધર્મ મનુષ્ય-મનને આશા અને ઉલ્લાસ આપે નહીં, તે ટકી શકે જ નહીં. વેદાંત પોતે ધર્મ છે કે કેમ, અને તે આશા કે ઉલ્લાસ આપે છે કે કેમ, તે સંબંધી આગળ ઉપર લખીશ.

મહાત્મા જિનની સાથે મારે થોડી જ પિછાન છે. મારું ઇતિહાસનું જ્ઞાન એટલું બધું નથી, કે જૈન અને બૌદ્ધ ધર્મોના પરસ્પર સંબંધના પ્રશ્નમાં પણ હું ઊતરી શકું. તેમ જિનના દયાધર્મથી હિંદુસ્તાનને કેટલો લાભ થયો છે, તે પણ મારાથી બરાબર જોઈ શકાતું નથી. જૈનો અને ઘણા શાસ્ત્રીઓ કહે છે, કે જૈન પુસ્તકોમાં બહુ સારી ફિલસૂફી છે, પણ જૈનોના ધર્મમાં – હાલ જે દેખાય છે તેમાં – તો મને કશું ગૌરવ જણાતું નથી. પાટણમાં મેં સાંભળેલું, કે એક માંકડથી ભરેલા ખાટલામાં સૂવાને માટે અમુક માણસને પગાર આપવામાં આવે છે; અને કીડીઓને માટે એક કૂવો છે. અને એકંદરે ગંદા અને ક્ષુદ્ર રીતભાતના જૈનો તરફ મારો એટલો ઓછો ભાવ છે, કે હું તેમને ઇનસાફ આપી શકું તેમ નથી. મને તો લાગે છે, કે જૈન ધર્મે હિંદુસ્તાનનું શૌર્ય ક્ષીણ કરીને તેને મોટી હાનિ કરી છે. પ્રો. મણિલાલ તેને દયારૂપ અને પ્રેમરૂપ કહે છે. એ વિશેષણો વર્તમાનમાં તો મશ્કરી જેવાં જ લાગે છે. પણ એ સંબંધી વિસ્તાર અનાવશ્યક છે. અમદાવાદમાં તમારાં જૈન પાડોશીઓ સાથેનો તમારો સંબંધ મને વિદિત છે. અને તમને એ વિષયમાં કશી સૂચના આપવાની જરૂર નથી.

પણ પ્રિયે, તમારો છેલ્લો પત્ર વાંચીને તો મને ખાતરી થઈ છે, કે તમને સિદ્ધાંતસારના દોષો બતાવવાની કશી જરૂર નથી. તમારી બુદ્ધિએ કંઈ અસાધારણ સૂક્ષ્મતા પ્રાપ્ત કરી હોય, એમ લાગે છે. ગયા પત્રમાં મેં આપેલા શ્લોકના સંબંધમાં તમો પૂછો છો, કે तदात्मानं सृजाम्यहम् એમ બોલનાર આદમી એકેશ્વરવાદને માને છે કે અભેદવાદને પણ માની શકે ? તમારી શંકા ખરી છે. અભેદવાદમાં એ વાક્યનો કશો અર્થ નથી.

અને હવે–પ્રિયે, પત્ર પૂરો કરું છું. શરદની શરૂઆત થઈ ચૂકી છે; અને પૂર્ણિમા નજીક આવતી જાય છે. એ પ્રસંગે તમારા દર્શનની આશા રાખું ? ઘણાં વર્ષ પહેલાં એ રાત્રિએ આપણે સાથે હતાં, તેનું મને સ્મરણ થાય છે. તમારા માનનીય સ્વર્ગવાસી પતિએ તમારી પાસે પેલી કીસ્તીની ન્હાની કવિતા બોલાવી હતી; અને આપણે સર્વ ગંભીર શોકવૃત્તિમાં નિમગ્ન થયાં હતાં. હાલ મારી કેવી સ્થિતિ છે ? કીસ્તી લખનારે બહારના તોફાનથી જ કીસ્તી ડૂબવાની ધાસ્તી બતાવી છે. પણ મારી તો તમારી કૃપાદૃષ્ટિ ન થાય તો એવી સ્થિતિ થવાની છે, કે શરદપૂનમની રાતે મનોહર જ્યોત્સ્ના અને વિરલ તારાઓનું દર્શન કરતો, તથા કિનારા પરની અસ્પષ્ટ ટેકરીઓ અને તરુપંક્તિઓ તરફ નજર નાંખતો, દૂરનાં કોઈ સંગીતનું શ્રવણ કરતો, અને મોજાંઓ વચ્ચેની વિદ્યુતથી ચકિત થતો, મારી મેળે જ પરમ શાંતિમાં કીસ્તીને ડુબાવી દઉં. અહા ! કાન્તે, જો હું કવિ હોત, તો આ વખતે એક એવી ‘કીસ્તી’ લખત, કે તમે આપણા પ્રાંતના ઈશ્વરચંદ્રને તુરત પત્ર લખ્યા વગર રહેત નહીં. અસ્તુ હું કુશલ છું, અને તમારી કુશલતા નિરંતર ચાહું છું.

તમારા દર્શનનો અભિલાષી,

**કાન્ત**

* એટલું મારે કહેવું જોઈએ, કે આધુનિક શોધથી એ ખૂનની હકીકત શંકાસ્પદ ઠરી છે, અને પ્રો. મણિલાલે તેટલું કહેવું જોઈતું હતું.

□

# પત્ર-7

**પ્રિય કાન્તે,**

હું તમને આગળ લખી ચૂક્યો છું, કે સિદ્ધાંતસારના બધા દૂષિત સિદ્ધાંતો પર લખવાનો મને અવકાશ નથી. હું માત્ર દરેક પ્રકરણમાં નમૂનાઓ બતાવી શકીશ. બીજા સિદ્ધાંતોની પરીક્ષા કરવી એ તમારું કામ છે; મારું નથી.

એમ પણ મેં બતાવેલું જ છે, કે સિદ્ધાંતસારમાં આટલા બધા દોષો કેમ હશે, એવી શંકા કરવાથી ક્વચિત્ અયોગ્ય અનુમાન થવાનો સંભવ છે. પ્રો. મણિલાલની વિચારશક્તિ તો કદાચ એટલી સમર્થ છે, કે તે ગમે તેટલે પહોંચી શકે; પણ બે અને બે ચારને બદલે બે અને બે પાંચ માનીને દાખલા કરનારનો બધો પ્રયત્ન જેમ વ્યર્થ નીવડે, તે જ પ્રમાણે તેમની દશા થાય છે. હમેશાં વકીલાત કરવાની ટેવથી તેમની ન્યાયબુદ્ધિએ એવું અવળું રૂપ પકડ્યું છે, કે જે વાત એક ગામડિયો સુદ્ધાં ન માને, તે તેઓ માની શકે છે. ઉદાહરણ તરીકે છઠ્ઠા પ્રકરણમાં પૃ. 122 મે તેઓ લખે છે, કે "અલેકઝાન્ડ્રિયાનું મહાપુસ્તકાલય જો આરબોએ સળગાવી મૂક્યું ના હોત, તેમ છતાં પણ બચેલાં થોડાંઘણાં પુસ્તકોનો તથા તે દ્વારા ચાલતા શોધોનો જો રોમના પોપે નાશ ન કર્યો હોત, તો ગુરુત્વાકર્ષણ, વરાળતંત્ર, વીજળી, ચુંબક, ખગોળશાસ્ત્ર, ગણિત, ન્યાય, ધર્મસંબંધી તત્ત્વજ્ઞાન, ઇત્યાદિ અનેક અનેક શોધ, જે નવે નામે ઈસવી સનના 12-15 મા સૈકા પછી આરંભવા પડ્યા, તે આરંભવા ન પડ્યા હોત, એટલું જ નહીં, પણ તેમ કરવાથી આજે જે જ્ઞાન મનુષ્યોને પ્રાપ્ત થઈ શક્યું છે, તે કરતાં આજથી 500 વર્ષ પછી એ જ્ઞાન જે રૂપ લેશે, તે

રૂપે જ હાલ સમજાયું હોત.'' કાન્તે, આવા એક વાક્યના દોષો પણ પૂરેપૂરા બતાવવા જતાં કાગળો ભરાય, તો સિદ્ધાંતસારના દરેક વાક્ય પર તો હું શી રીતે ટીકા આપી શકું ?

પ્રિયે, પંડિતો કોઈ વાર જે બહુ હસવાલાયક ભૂલો કરે છે, અને જેનાં ઘણાં ઉદાહરણો તમે એકઠાં કર્યાં છે તેમાં આ પણ એક ઉમેરજો કે પ્રો. મણિલાલ વરાળયંત્ર, વીજળી, અને ચુંબકની શોધોને લાઇબ્રેરીનાં પુસ્તકો માને છે ! શું અલેક્ઝન્ડ્રિયાની લાઇબ્રેરીની સાથે આખી દુનિયાની સ્ટીમરો અને આગગાડીઓ નાશ પામી ગઈ હશે ? અલેક્ઝાન્ડ્રિયાની લાઇબ્રેરી બહુ મોટી હતી, એટલું તો હું જાણું છું; પણ તેમાં જ તારનાં ભૂંગળાં અને હોકાયંત્રોનો ઉપયોગ થતો હતો, એમ મારાથી માની શકાતું નથી.

પણ નવે નામે થયેલા બીજા શોધ શા છે ? ગુરુત્વાકર્ષણ તો મારાથી સમજાય છે; પણ ખગોળશાસ્ત્ર, ગણિત, ન્યાય, અને ધર્મસંબંધી તત્ત્વજ્ઞાનના કયા નવા શોધોને ઉદ્દેશીને પ્રો. મણિલાલ બોલે છે તે મારાથી સમજાતું નથી. પણ શોધો ગમે તે હોય, (અને પ્રો. મણિલાલ હાલના બધા જ શોધો પહેલાં થઈ ગયા છે એમ માનતા હોય, તોપણ મને હરકત નથી) તે છતાં અલેક્ઝાન્ડ્રિયા-ની લાઇબ્રેરીમાં એ શોધો જો ખરેખર નષ્ટ થયા હોય, તો તે એક વખત હતા, એમ પ્રો. મણિલાલ શા આધારથી કહી શકે, તે મારાથી કલ્પી શકાતું નથી.

પણ ખરેખરી ખૂબી તો હવે આવે છે. ''આજથી 500 વર્ષ પછી એ જ્ઞાન જે રૂપ લેશે, તે રૂપે જ હાલ સમજાયું હોત.'' બેશક તમારા મનમાં અત્યાર સુધી તો એમ જ હશે, કે પ્રો મણિલાલ વેદને સર્વજ્ઞતાનું સ્વરૂપ અને અમુક અર્થમાં ઈશ્વરપ્રણીત (એક ઈશ્વરને તો તેઓ માનતા નથી, ત્યારે શું વેદ સકલ સૃષ્ટિએ બનાવ્યા હશે ?) કહે છે, તેથી તેઓ દુનિયામાં જ્ઞાનની ઉત્તરોત્તર અધોગતિ થતી જાય છે, એમ માનતા હશે. પણ અહીં તો એવો સિદ્ધાંત પ્રગટ થાય છે, કે 500 વર્ષ પછી દુનિયાના જ્ઞાનમાં વૃદ્ધિ થશે. ત્યારે શું તેઓ એમ પણ માને છે, કે દુનિયાના જ્ઞાનમાં વૃદ્ધિ થતી જાય છે ? કોણ જાણે ? મને તો તેમના આગમમાં બહુ વિચિત્રતા દેખાય છે. જો હું એમ માનું છું કે 500 વર્ષ પછી દુનિયાને જે જ્ઞાન થવાનું છે, તે પ્રો. મણિલાલને હાલ પ્રાપ્ત થયેલું છે, તો તેમના બોલવામાં વદતોવ્યાઘાતનો દોષ આવે છે; અને જો એમ માનું છું કે તેઓ માત્ર જે જ્ઞાનમાં વૃદ્ધિ થવાની છે તેનો વિષય જ જાણે છે, તો ભવિષ્યવાદનું બધું મહત્ત્વ ઊડી જાય છે.

પૃ. 123મે એવો સિદ્ધાંત આવે છે, કે ‘‘એ બ્રાહ્મણો દ્વારા, જે તત્વદષ્ટિનો અમૂલ્ય વારસો આપણને મળેલો છે, તેને લીધે જ આપણે આપણા આર્યત્વને માટે મગરૂર છીએ; કેમકે દુનિયાની કોઈ પણ પ્રજા એવું દર્શન પેદા કરી શકી નથી. કિંબહુના, આજ પર્યંત પણ સર્વે પ્રજા એને જ સ્વીકારતી અને વખાણતી આવી છે.’’ બેશક પ્રો. મણિલાલને પોતાના આર્યત્વને માટે મગરૂર થવું હોય, તો તે ભલે થાય; પણ ‘‘આજ પર્યંત સર્વે પ્રજા એને જ સ્વીકારતી અને વખાણતી આવી છે.’’ એવું છેક જ ખોટું અને બીજી પ્રજાઓને અપમાન આપનારું વાક્ય લખી પોતાના વાચકોને મગરૂર કે મિથ્યાભિમાની બનાવવાનો તેમનો પ્રયત્ન વ્યર્થ જ નીવડે. કાન્તે, બીજી પ્રજાઓ જો હિંદી આર્યોના દર્શનને સ્વીકારતી અને વખાણતી આવી હોય, તો તે હજી સુધી હિંદુ કેમ નથી થઈ, તેની મને ખબર પડતી નથી. હું તો એમ માનું છું, કે યૂરપની ઘણી પ્રજાઓ આપણાં દર્શનને નહીં પણ બાઇબલને જ સ્વીકારતી અને વખાણતી આવી છે; અને એશિયાની ઘણી પ્રજાઓ આપણાં દર્શનને નહીં પણ કુરાનને જ સ્વીકારતી અને વખાણતી આવી છે. આગળ વધીને એમ પણ હું કહી શકું, કે પરદેશની કોઈ પણ પ્રજાએ હિંદી આર્યોના દર્શનને સ્વીકાર્યું અને વખાણ્યું નથી; અને આર્યાવર્તમાં પણ આખી પ્રજાએ તે સ્વીકાર્યું અને વખાણ્યું નથી. અને છેવટે, માત્ર એક માણસથી પ્રજાની વ્યાખ્યાને સંપૂર્ણ માનીએ, તોપણ પ્રો. મણિલાલના શબ્દો ખરા પડે તેમ નથી.

એ જ પાને એક બીજું પણ મહાવાક્ય મોટા કાળા અક્ષરોમાં લખેલું છે. તત્વદષ્ટિ, જેમાં પ્રો. મણિલાલ માત્ર અભેદજ્ઞાનનો જ સમાવેશ કરે છે, તે અને પુરાણભાવના જેમાં દેવદેવીઓ પર શ્રદ્ધાનો સમાવેશ થાય છે તે બે બહેનો છે ! ‘‘તત્વદષ્ટિ જ ખરી છે, પુરાણભાવના ખોટી છે, છતાં બન્ને વિરોધી નથી !’’ અભેદ જ ખરો છે, ભેદ ખોટો છે, છતાં બન્ને વિરોધી નથી ! સત્ય અને અસત્ય શત્રુ નથી, પણ બે બહેનો છે ! કાન્તે, આ ન્યાય તમારા મગજમાં ઊતરે છે ? મારા મગજમાં તો નથી ઊતરતો. મને તો સત્ય અને અસત્ય બોલતાં જ પરસ્પર વિરોધનું ભાન થાય છે. પણ હિંદુઓ જો ખરેખર સત્ય અને અસત્યનો વિરોધ સ્વીકારતા ન હોય, તો તેઓ હમેશાં હળીમળીને ચાલ્યા હશે, એ વાત હું સમજી શકું છું. જે નિશાળમાં શિક્ષક પાંચને ચારે ગુણવાથી બાર થાય છે એમ શીખવતો હોય, અને વિદ્યાર્થીઓ એ જ સંખ્યાઓના ગુણાકારથી સત્તર થાય છે એમ ગોખતા હોય, અને તે છતાં શિક્ષક વિદ્યાર્થીઓને ખોટા ગણે નહીં, અને વિદ્યાર્થીઓ શિક્ષકને ખોટો

ગણે નહીં, ત્યાં મારામારી ન થાય, એ મારાથી સમજી શકાય છે. અને માનવી બુદ્ધિની પરાકાષ્ઠા સિદ્ધ કરતાં આવાં રત્નો તો આ સિદ્ધાંતરત્નાકરમાં અનેક છે, પદેપદે આડાં આવે છે.

પૃ. 124નું આ વિલક્ષણ રત્ન તપાસો. ‘‘મનુષ્યને જે જ્ઞાન થઈ શકે તેની પણ સીમા છે. મનુષ્યના મનનું બંધારણ જ એવું છે, કે તેમાં અમુક હદ સુધી જ જ્ઞાનનો ઉદય થઈ શકે છે. આમ હોવાથી જ્ઞાનમાત્રના ગમ્ય અને અગમ્ય એવા ભેદ પડે છે. આ ઉપરથી ઘણાએક એવું કલ્પે છે, કે માણસને જે જ્ઞાન થાય તે પારમાર્થિક હોઈ જ ન શકે, એટલે તે ઉપર વિશ્વસ કરવો નકામો છે. આ વાત યથાર્થ નથી, કેમકે, યદ્યપિ માણસ ચારે પાસ અગમ્યતારૂપ અંધકારમાં ઘેરાયેલું છે, તોપણ, એ અગમ્યતારૂપ અંધકારમાંથી જ ઘણાએક દીવા તેની નજરે પડે છે; ને એક અમુક પ્રદેશને પ્રકાશવાન્ કરી તેની આગળ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરે છે–તેટલો પ્રદેશ તેને ગમ્ય કરે છે. એ પ્રકાશ ક્યાંથી આવે છે, કેમ આવે છે, તથા જે અંધકારમાંથી તે દષ્ટિએ પડે છે તે અંધકાર શું છે, ઇત્યાદિ માણસના સમજવામાં આવતું નથી, એ ખરી વાત છે; પણ જેટલો પ્રદેશ પ્રકાશિત છે, તેટલા પ્રદેશનું જે જ્ઞાન તેને મળે છે, તે તો યથાર્થ તથા વિશ્વસ કરવા યોગ્ય જ હોય છે. હજારો વર્ષથી મનુષ્યો જેવાં થતાં આવ્યાં છે, ને થાય છે, તથા તેને જે જ્ઞાન સંભવે છે, તેની આવી વ્યવસ્થા છે; પછી અતઃપર ભવિષ્યમાં માણસનું એવું બંધારણ થાય, કે જેથી કાંઈ પણ તેને અગમ્ય જ ન રહે, તો તે જુદી વાત છે.’’ કાન્તે, અગમ્યતારૂપ અંધકારમાંથી જ ઘણાએક દીવા નજરે પડે છે, અને એ પ્રકાશ ક્યાંથી આવે છે, તે જાણ્યા વગર તેથી મળેલું જ્ઞાન યથાર્થ અને વિશ્વસ કરવા યોગ્ય છે, એમ પ્રો. મણિલાલ આપણને સલાહ આપે છે ! અતઃપર ભવિષ્યમાં મનુષ્યને કંઈ પણ અગમ્ય ન જ રહે, એ વાત તે શક્ય માને છે ! આ શું ફિલસૂફી છે ? આવા વિચાર કોઈ પણ ખરા ફિલસૂફના હોઈ શકે ? કોઈ પણ ખરા ફિલસૂફને જ્ઞાનનો પ્રકાશ બાહ્ય અંધકારમાંથી આવે છે, એમ લાગે જ કેમ ? તે ક્યાંથી આવે છે તેની ખબર ન પડે, એમ બને જ કેમ ? પણ જ્ઞાનના સ્વરૂપ અને ઉદભવ સંબંધી સિદ્ધાંતો પ્રો. મણિલાલ પાસેથી શીખી શકાય તેમ છે જ નહીં.

પૃ. 125 મે પ્રો. મણિલાલ ઈશ્વરસિદ્ધિ સંબંધી થોડીએક ચર્ચા કરે છે; અને તેઓ ઈશ્વરને માનતા હશે એવો ભ્રમ આપણા મનમાં ઉત્પન્ન કરે છે. પણ તેમની દલીલો અપૂર્ણ અને અવળે રસ્તે ચડાવે તેવી છે. અનંત પ્રકારની ગતિને માટે કંઈ મનુષ્યમનને ઈશ્વર માનવાની જરૂર પડતી નથી; એ જરૂરનાં

તો બીજાં જ અને ઘણાં મહત્ત્વનાં કારણો છે. વળી, સૃષ્ટિના કારણની શોધ કરવામાં જ સૃષ્ટિ અને સ્રષ્ટાનો ભેદ સ્વીકૃત થઈ જાય છે; અને પ્રો. મણિલાલને એ સ્વીકૃત હોય, તો તેમનો અભેદભાવ બધો તૂટી જાય છે. વેદાંતીથી તો યોગ્ય રીતે કારણ શબ્દનો ઉચ્ચાર પણ થઈ શકે નહીં; કારણ કે કાર્યથી ભિન્ન હોય ત્યારે જ ‘કારણ’ શબ્દનો અર્થ થઈ શકે છે. કાર્ય અને કારણ એ પરસ્પર સાપેક્ષ વિચારો છે. આ પ્રમાણે દર્શનની શરૂઆતમાં પ્રો. મણિલાલ પોતે જ વેદાંતદર્શનનું ખંડન કરે છે.

અનુભવ, વિચાર અને ઇતિહાસના પરસ્પર સંબંધ પરત્વે પ્રો. મણિલાલ જે સિદ્ધાંતો આપે છે, તેની પૂર્ણ પરીક્ષા કરવાની હું તમને ભલામણ કરું છું. પ્રો. મણિલાલ કહે છે કે એ ત્રણ જ્ઞાનસાધનોમાં શ્રુતિ શ્રેષ્ઠ છે. હવે એટલું તો હું પણ માનું છું, કે આપણને સર્વને જે જ્ઞાન છે તેમાંનું ઘણુંખરું આપણે બીજાઓ પાસેથી તેમના વિશ્વસ પર મેળવેલું છે; પણ તેટલા પરથી શ્રુતિ એ શ્રેષ્ઠ જ્ઞાનસાધન ગણી શકાય તેમ નથી. બેશક ભૂગોળની અંદર અમેરિકામાં અમુક શહેરો અને નદીઓ અને પર્વતો અને તળાવો છે, એમ કોઈ આપ્ત કહે તે હું સ્વીકારું છું; પણ એ આપ્તવાક્યોમાં મારા અનુભવ વિરુદ્ધ કે મારા વિચારને અસંગત લાગે તેવું કંઈ આવે, તો હું મારા વિચાર અને અનુભવને જ વળગી રહું છું, આપ્તવાક્યને નહીં–કિં બહુના, આપ્તવાક્યને માન આપવામાં પણ હું મારી પોતાની બુદ્ધિને જ અનુસરું છું. કારણ કે આપ્તવાક્ય માનનીય છે, એ પ્રતીતિ મારી પોતાની બુદ્ધિથી જ મને થઈ શકે, આપ્તની બુદ્ધિથી નહીં. પ્રો. મણિલાલ કહે છે, કે “ઇતિહાસ કે ધર્મશાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે વસ્તુસંભવ સમજવા અને તે પ્રમાણે નિયમાદિ માનવા, એ (જ્ઞાનસંપાદનનો) ત્રીજો પ્રકાર છે.” મારાથી તો જ્ઞાનસંપાદનમાં આજ્ઞાનો બિલકુલ પ્રદેશ હોય એમ માની શકાતું નથી. પ્રો. મણિલાલ આ ત્રણ સાધનોનો આર્યવર્તમાં અને પાશ્ચાત્ય દેશોમાં કેવા કેવા પ્રકારનો સંબંધ છે, તે સંબંધી ઘણો વિસ્તાર કરે છે; અને આપણે પહેલાંથી ધારી શકીએ તે પ્રમાણે પેલું જૂનું અનુમાન “અમે બહુ સારા : અમારા જેવા કોઈ છે નહીં, હતા નહીં, અને થશે નહીં,” એ સ્થાપિત કરવાનો યત્ન કરે છે.

આ પછી પ્રો. મણિલાલ ષડ્દર્શનોનો સંક્ષિપ્ત સાર આપવા માંડે છે, તે સંબંધી હું આવતા પત્રમાં લખીશ.

વિ. તમારો કૃપાકાંક્ષી
**કાન્ત.**

**તાજે કલમ :–**

મને ભીતિ છે, કે ષડ્દર્શનો ઉપર પણ ટીકા કરવાની હિમ્મત ધરવામાં મને તમે પ્રો. મણિલાલના જેવા વર્ગમાં મૂકશો. પણ હું તમને એકથી વધારે લખી ચૂક્યો છું, કે હું જેટલું જાણું છું તેટલામાં રહીને જ ટીકા કરું છું. વળી, પ્રો. મણિલાલ અનુભવ, વિચાર અને શ્રુતિના સંબંધપરત્વે જે કહે છે, તેનું જ સત્ય શોધશો, તોપણ તમને માલૂમ પડશે, કે ધર્મમાં શ્રુતિ પર નહીં પણ વિચાર પર જ ઘણો આધાર છે. ભૂગોળ અને ઇતિહાસ જેવા વિષયોમાં જ આપણે શ્રુતિને વધારે અનુસરીએ છીએ. તમને યાદ હશે, કે સૉક્રેટિસ ધર્મના વિષયનું દરેક માણસને જ્ઞાન કરાવી શકાય એમ માનતો હતો; અને તે એટલા માટે, કે તેમાં સ્વાનુભવના યોગ્ય પૃથક્કરણ સિવાય બીજા કશાની અપેક્ષા નથી. અને ખરી કસોટી તો એ જ છે, કે ષડ્દર્શન ઉપરના વધારે ગ્રંથો વાંચ્યા વગર ષડ્દર્શનના દોષો પકડી શકાય છે કે નહીં તે પ્રયત્નમાં જ તપાસવું. દોષો છે એમ મેં પહેલાંથી માની લીધેલું નથી, પણ શરૂઆતમાં જ દોષો માલૂમ પડતાં મને ષડ્દર્શનનો વધારે અભ્યાસ કરવાની કદાપિ આકાંક્ષા થઈ નથી. એટલું ખરું કે ષડ્દર્શન પર કોઈ ટીકાનો ગ્રંથ પ્રગટ કરવો હશે તો મારે તત્સંબંધી મળશે તેટલાં પુસ્તકો વાંચવાં પડશે; પણ દરમિયાન જે થોડાઘણા દોષો હું બતાવી શકું છું તેથી તમને સંતોષ નથી થતો ? તમે જોયું હશે કે હું સંદિગ્ધ અને અસ્પષ્ટ વિચારોનું નહીં પણ સ્પષ્ટ અને પરસ્પર વિરોધી વિચારોનું જ ખંડન તમને કરી બતાવું છું. એટલું કરવા પહેલાં પણ તમે મને પચ્ચીસપચાસ પુસ્તકો વાંચવાની ફરજ પાડશો, તો મારે કહેવું જોઈએ, કે તમારી મોહનીથી ગમે તેટલો પરવશ છું તે છતાં, અને તમારી અપ્રીતિને ખુદ પરમેશ્વરની અપ્રીતિના જેટલી જ દુઃખદાયક માનું છું, તે છતાં એ શ્રમ મારાથી લઈ શકાશે નહીં. હાલ એ જ.

□

# પત્ર-8

**સખિ કાન્તે,**

હું ધારતો હતો કે દર્શનોના સંબંધમાં મારે ઘણો વિસ્તાર કરવો પડશે; પણ તમે મારી ધારણા ખોટી પાડી છે. ન્યાય અને વૈશેષિકના સંબંધમાં તમે જે ભૂલો બતાવો છો તે પરથી મને ખાતરી થાય છે, કે તમે સંસ્કૃત ફિલસૂફીનું કદાપિ દાસત્વ કરશો નહીં. પણ, પ્રશંસાના કરતાં જવાબો આપવાથી તમારી બુદ્ધિને હું વધારે માન આપી શકીશ.

તમે કહો છે કે સૉક્રેટિસની માફક નૈયાયિકો પણ જ્ઞાન એ જ મોક્ષસાધન છે, અને ઇષ્ટના જ્ઞાનથી ઇષ્ટ આચરણ થાય જ એમ માનતા દેખાય છે તે ખરું છે. અન્નંભટ્ટ દીપિકાને છેડે સ્પષ્ટ કહે છે, કે –

ननु "तत्प्राप्तिहेतुर्विज्ञानं कर्म चोक्तं महामुनेः'' इति कर्मणोपि मोक्षसाधन–त्वस्मरणाज्ज्ञानकर्मणोः समुच्चय इति चेन्न । "नित्यनैमितिकैरेव कुर्वाणो दुरितक्षयम् । ज्ञानं च विमलीकुर्वन्नभ्यासेन च पाचयेत् । अभ्यासात्पक्वविज्ञानं कैवल्यं लभते नरः'' इत्यादिना कर्मणो ज्ञानसाध्यत्वप्रतिपादनात् ।।

''ત્યારે, 'મહામુનિએ કહ્યું છે કે મોક્ષની પ્રાપ્તિના હેતુ વિજ્ઞાન અને કર્મ છે' એ સ્મૃતિવચન પ્રમાણે કર્મ પણ મોક્ષનું સાધન છે, તેથી જ્ઞાન અને કર્મ બેનો સમુચ્ચય સમજવો, એમ કોઈ કહે તો તે ખરું નથી. કેમકે 'નિત્ય કરવાનાં અને નિમિત્તોએ કરવાનાં કર્મથી દુરિતનો ક્ષય કરતા મનુષ્યે જ્ઞાનને વિમલ કરવું, અને અભ્યાસથી તેને પક્વ કરવું. અભ્યાસથી પક્વ વિજ્ઞાનવાળો મોક્ષ

મનુષ્ય મેળવે છે,' ઇત્યાદિથી પ્રતિપાદન થાય છે કે કર્મ જ્ઞાનસાધ્ય છે.''

પણ બેશક તમે અને હું અનુભવથી જાણીએ છીએ, કે કર્મ હમેશાં જ્ઞાનસાધ્ય નથી; અને તત્ત્વજ્ઞાનથી જ નિઃશ્રેયસાધિગમ થાય તેમ નથી. વળી આચરણમાં સારું કયું અને ખરાબ કયું એ સમજાવવાનો નૈયાયિકો કેવી રીતે દંભ કરી શકે ?

તમે લખો છો, કે ન્યાયના સોળ પદાર્થોમાં અને તે દરેકના વિભાગોમાં વિભાગસૂત્રનું કશું ઠેકાણું નથી, તે બરાબર છે; અને પ્રમેયની સાથે જે બીજા પદાર્થો મૂકેલા છે તેનું મહત્ત્વ પ્રમાણમાં અતિશય ઓછું છે, એ પણ ખરું છે. કાન્તે, તમે આટલો બધો સૂક્ષ્મ વિચાર કરતાં ક્યાંથી શીખ્યાં ? તમારી કૉલેજના ન્યાયના અધ્યાપક પાસેથી ?

વધારે સંતોષ તો મને એથી થાય છે, કે વૈશેષિકના સાત પદાર્થોના દોષ પણ તમે જોઈ શકો છો. બેશક સામાન્ય અને વિશેષ બન્ને ગુણો જ હોવા જોઈએ, અને દ્રવ્ય તથા ગુણની સાથે તેમને મૂકવા એ ભૂલ છે. નૈયાયિકો તમને કહેશે, કે દ્રવ્યમાં ગુણવત્ત્વ છે અને ગુણમાં ગુણત્વ છે પણ તમે એવો જવાબ આપી શકશો, કે દ્રવ્યમાં ગુણ હોવા જોઈએ, પણ ગુણમાં ગુણ હોય એમ બોલવું અર્થ રહિત છે. જો ગુણમાં ગુણત્વ હોય, તો ગુણત્વમાં પણ ગુણત્વ હોઈ શકે. અને એ પ્રમાણે અનવસ્થા થાય.*

પણ નૈયાયિકોએ બુદ્ધિને જ્ઞાન ગણવાની, સામાન્યને પ્રત્યક્ષ વિષય ગણવાની, વર્ણનને વ્યાખ્યા ગણવાની, અને બીજી ગમે તેટલી ભૂલો કરી હોય, તોપણ એટલું આપણે યાદ રાખવું જોઈએ, કે તેમના ધર્મ સંબંધી સિદ્ધાંતો આપણે જે સત્ય માનીએ છીએ તે જ છે. तत्रेश्वरः सर्वज्ञः परमात्मैक एकसुख–दुःखादिरहितः । जीवात्मा प्रतिशरीरं भिन्नः । 'તેમાં ઈશ્વર સર્વજ્ઞ પરમાત્મા (અને) એક જ છે, (તે) સુખદુઃખાદિથી રહિત છે. જીવાત્મા દરેક શરીરમાં જુદો છે.' એ વાક્યદ્વયની ખાતર આપણે નૈયાયિકોને ઘણા દોષોની ક્ષમા આપીશું.

નિરીશ્વર સાંખ્યનો વિભાગ તો મૂકી દેવાથી જ ઉચિત થશે. પ્રો. મણિલાલ પોતે કહે છે, કે એ દર્શનમાં ''ઈશ્વર માન્યો નથી, એટલે ઈશ્વરનાં વચનરૂપ વેદનો પણ સ્વીકાર કરવામાં આવતો નથી.'' તોપણ જોવાનું એ છે, કે પોતાને અનુકૂલ હોય તેવાં શ્રુતિસ્મૃતિવાક્યોને સાંખ્યમતાનુસારી આચાર્યો વારંવાર ઉપયોગમાં લે છે; અને કપિલ મુનિ તરફ ધાર્મિક હિંદુઓને તિરસ્કાર થતો નથી. એ નાસ્તિકશિરોમણિની દલીલ જુઓ : ''ઈશ્વર એવા કોઈ કર્તાની શી

જરૂર છે ? ઈશ્વર પોતે અસતમાંથી તો સત્ બનાવી શકનાર છે જ નહીં, ત્યારે ઈશ્વરની જરૂર જ ક્યાં રહી ?'' કાન્તે, ઈશ્વરને આ રીતે ઉડાવનારને તમે શું કહેશો ? મૂર્ખો, તમારા મગજને કે હૃદયને ઈશ્વરની જરૂર ન પડતી હોય, તેથી ઈશ્વર નથી એમ ઠરતું નથી; કદાપિ ઠરી શકે નહીં. અને ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે, માત્ર તમારામાં મિથ્યાભિમાનની પરાકાષ્ઠા ન હોય તો.

યોગ અથવા સેશ્વર સાંખ્યને પણ તમે તો બાજુએ જ રાખશો, તો હરકત નથી. હઠયોગને માટે તો પ્રો. મણિલાલ પોતે જ કહે છે કે એ પુ-રુષાર્થ નથી, રાજયોગ એ પુરુષાર્થ છે; અને વૃત્તિનિરોધ એ તેનું તત્ત્વ છે. વૃત્તિનિરોધથી મોક્ષ મળે, એમ પતંજલિ માને છે. પ્રો. મણિલાલ એ દર્શનનો જે સંક્ષેપ આપે છે, તેમાં ઈશ્વર કે ધર્મના સ્વરૂપ સંબંધી થોડો જ વિચાર છે તેથી, અને ચમત્કારિક સિદ્ધિઓ અનુમાનથી નહીં પણ અનુભવથી જ જાણી શકાય તેવી હોવાથી મારે એ સંબંધી કશું કહેવાનું નથી. વળી તમે કે હું એકને પણ યોગમાં અભિરુચિ થાય તેમ નથી; ચિત્તના નિરોધની નહીં પણ ચિત્તના સંતોષની આપણને અપેક્ષા છે, માટે વધારે કહેવું વ્યર્થ પણ છે.

ધર્મમીમાંસાના સંબંધમાં પ્રો. મણિલાલ લખે છે, કે તેની અંદર ''ઐતિ-હાસિક પુરુષાદિનાં નામનો પણ બીજી રીતે અર્થ કરી વેદના અનાદિપણાને બાધ આવતો નથી, એમ બતાવ્યું છે;'' અને વેદવાક્યમાં કરેલો વિધિરૂપ આદેશ તે જ ધર્મ એમ મીમાંસકો માને છે. એ દર્શનની પણ ટીકા કરવી વ્યર્થ છે. આપણાથી વેદને અનાદિ કે દોષરહિત માની શકાય તેમ નથી; અને મીમાંસકોની દલીલો પ્રો. મણિલાલે બતાવી નથી. બતાવી હોત તો કદાચ સારો પ્રસંગ મળત. પણ શોકનું પ્રયોજન નથી. બ્રહ્મમીમાંસાનો તેમણે જોઈએ તેટલો વિસ્તાર કર્યો છે. એ દર્શને બીજાં બધાં દર્શનોને ખોટાં ઠરાવ્યાં છે; અને પોતે પોતાના વિચારો ઉપનિષદોમાંથી સિદ્ધ કરી બતાવ્યા છે. એ ગર્તમાં હવે આપણે પ્રવેશ કરીએ.

પણ કાન્તે, એ ગર્તમાં પડતાં પહેલાં તો બહુ વિચારવાનું છે. મારે માત્ર પોતાને જ તરીને બહાર નીકળવાનું નથી, પણ તમને સુધ્ધાં બચાવવાનાં છે. વેદાંતમાં ઘણા ઘણા વમળો છે. ત્યાં મારી શક્તિ રહેશે કે કેમ, તેની મને શંકા થાય છે. તમારી આગળ તો એમ પણ કહું, કે મને ડર લાગે છે. આશાસ્થળ

માત્ર એ છે, કે વેદાંતીઓ ઉપનિષદનાં વચનોને સ્વીકારવાની પોતાની ફરજ ગણે છે; તેઓ શાબ્દપ્રમાણને માને છે. બેશક તેઓ યુક્તિ અને અનુભવ વિનાનો શ્રુત્યર્થ સ્વીકારતા નથી, તોપણ તેઓ શ્રુતિને પ્રાધાન્ય આપે છે. વાક્યનું પ્રાધાન્ય અને પ્રમાણનું ગૌણત્વ–એમ જ જો હોય, તો ખાડી પસાર થઈ શકે ખરી. હું પ્રયત્ન કરીશ, અને ઈશ્વરેચ્છા તો સફળ થઈશ.

અને અહીં પ્રિયે, હું તમારી સાથે થોડો વિશ્રંભાલાપ કરી લેવાની જરૂર ધારું છું. મને થોડી જ વારમાં અસત્યો સાથે વિગ્રહમાં બહુ ત્રાસ પડવાનો છે, માટે બે-ચાર સત્યો કહી લેવાની રજા આપશો. મને કોઈ કોઈ વાર એમ થાય છે, કે ક્રાઇસ્ટ હિંદુસ્તાનની નજીક જન્મ્યો હોત તો કેટલું સારું થાત ! હવે તો લોકો એટલા ધર્મહીન અને બુદ્ધિહીન થઈ ગયા છે અને ક્રિશ્ચિયન ઉપદેશકો પણ એટલા ઓછા આગ્રહી છે, કે ક્રિશ્ચિયન ધર્મ આપણે ત્યાં પ્રસરતો નથી. પણ જો ઈસવી સનની શરૂઆતમાં જ અહીં પ્રયત્ન થયો હોત, તો આપણા ધાર્મિક લોકોની હાલ કેટલી ઉન્નતિ હોત ! અરે, મહંમદ પણ વધારે ફતેહમંદ થયો હોત, અથવા તેના અનુયાયીઓ આખા હિંદુસ્તાનને મુસલમાની કરી શક્યા હોત, તોપણ ઘણું હતું ! આપણે બધાં મંદિરોમાં ઠાકોરજીનાં કપડાં કે શિવાલયમાં દીપમાળ જોવાને દોડતા ન હોત ! પણ આલીશાન મસીદોમાં એક પરવરદિગારની બંદગી કરતા હોત ! એમ હોત, તો ઇસ્લામી સમશેરનું આજ જુદું જ નૂર હોત. પણ હિંદના નસીબમાં ધર્મોદ્ધાર નહીં જ લખેલો હોય. હવે તો એવો કોઈ પ્રતાપી મહાત્મા આપણા દેશમાં કોણ જાણે ક્યારે ઉત્પન્ન થશે; અને કોણ જાણે ક્યારે ધાર્મિક પ્રજાઓમાં આપણી ગણના થવા લાગશે.

કારણ કે, પ્રિયે, મતાંધો ગમે તે કહે, પણ એટલું તમે સહેજ જોઈ શકશો, કે આપણા લોકો ધાર્મિક નહીં પણ વહેમી અને દુરાગ્રહી છે. મુસલમાનો સામે તેઓ લડેલા તે ધર્મને માટે નહીં, પણ આભડછેટને અને જ્ઞાતિને માટે. મુસલમાનના પાણીનો જ બધો વાંધો હતો. ધર્મનો નહીં. પણ કદાચ હું અન્યાય કરું છું. ખરે, હું અન્યાય કરું છું. હિંદુઓ ગમે તેવા છે, પણ નિષ્ઠુર નથી; આગ્રહી તો નહીં, પણ કોમળ હૃદયના છે; ખરા ધર્મને શોધનારા તો નહીં, પણ ગમે તે ધર્મને માનનારા છે; સારા તો નહીં, પણ બહુ સારા થઈ શકે તેવા છે. હિંદુઓ મુસલમાન નથી થયા, એ યોગ્ય જ થયું છે. મુસલમાનોના કરતાં પણ ઉચ્ચતર થવાની તેમનામાં યોગ્યતા છે. તેઓ ક્રિશ્ચિયન થયા નથી, એ પણ ખેદનો વિષય નથી; ક્રિશ્ચિયનોના કરતાં પણ વધારે ગંભીરતા

તેમના ધાર્મિક જીવનમાં લાવી શકાય તેમ છે. પરમકૃપાળુ પરમેશ્વર કદાચ હજી પણ આ કમનસીબ દેશને બીજાના કરતાં વધારે લાભ આપવાનો છે. હજી પણ એક નવો પેગંબર હિંદમાં પેદા થવાનો છે.

સખિ કાન્તે, આ વિશ્રંભાલાપ તમને પ્રલાપ જેવો લાગે છે ? કૃપા કરીને એવું નહીં માનતાં. હું મારા શુદ્ધ ઉદગાર તમને સંભળાવું છું. મને અફસોસ થાય છે તે એટલા માટે, કે મને મારા બંધુઓમાં ઘણાં ઉત્કૃષ્ટ બીજ દેખાય છે, પણ વિકાસ કશો દેખાતો નથી. ક્રાઇસ્ટ કે મહંમદથી પણ સારું થાત એમ લાગે છે તે એટલા માટે, કે તેમના ધર્મવિચારને શ્રેયસ્કર માન્યા વગર રહેવાનું નથી. બેશક આપણા પૂર્વજોએ ક્રિશ્ચિયન કે મુસલમાન થવું જોઈતું હતું, એમ હું કહેતો નથી; પણ એમ તો હું કહું છું, કે એઓ ક્રિશ્ચિયન કે મુસલમાન નથી થયા, તે પોતાનો ધર્મવિચાર ઉચ્ચતર હોવાથી નહીં, પણ માત્ર આચારનાં ક્ષુલ્લક કારણોથી. એમ પણ મને લાગે છે, કે સારા હિંદુસ્તાનમાં ક્રિશ્ચિયન કે મુસલમાની ધર્મ હોત, તો લોક વધારે ધાર્મિક હોત. અને બીજા લોકોનો ધર્મવિચાર સ્વીકારવાથી દેશની અધોગતિ થાય છે, એમ હું માનતો નથી. રોમનો ક્રિશ્ચિયન થયા પછી બગડી ગયેલા માલૂમ પડતા નથી. આખું યૂરપ હાલ આટલું સુધરેલું છે; પણ યૂરપનો ધર્મ એક યાહુદીએ સ્થાપેલો છે. હાલના ઇટાલિયનોને પોતાના પૂર્વજોએ ક્રિશ્ચિયન થવામાં ભૂલ કરેલી, એમ લાગતું નથી; અને કોઈ પણ ઇતિહાસકે તેમને ઠપકો આપ્યો નથી. અને તોપણ હું માનું છું કે, હિંદુઓ હિંદુ રહ્યા છે એ સારું થયું છે. વર્તમાનમાં તેથી હાનિ છે, તોપણ આપણા જ દેશમાં થયેલા ધર્મોદ્ધારથી આપણે ઉચ્ચતર સ્થિતિ મેળવી શકીએ એવો સંભવ છે. હાલ તો બેશક આશાસ્થળ બહુ થોડું છે. જ્યારે બીજા દેશના ધર્મોપદેશકો ઘણે અંશે વિદ્વાન હોય છે; ત્યારે આપણા ધર્મગુરુઓ ઘણે અંશે દાંભિક અને નિરક્ષર હોય છે. પ્રિયે કાન્તે, આ રોગનો જ્યાં સુધી સ્વીકાર નહીં થાય, ત્યાં સુધી તેનો યોગ્ય ઉપચાર થશે એવી આશા તમે રાખી શકો છો ?

પણ કદાચ આ પ્રમાણે લખવાનો મને હક નથી. હું પોતે શા હિસાબમાં છું ? જે દેશની સ્થિતિ સુધારવાને મહેનત કરતો નથી, તેને તે માટે ફરિયાદ કરવાનો પણ હક નથી. હું ધર્મના કરતાં લગ્નનો વિચાર વધારે કરું છું; અને પ્રયત્ન તો ધર્મના પ્રદેશમાં બિલકુલ કરતો નથી. એ કદાચ આખા દેશની

ધાર્મિક અધોગતિનું પરિણામ હોય, પણ તે માટે હું શું બોલી શકું ? પણ હું બોલી શકું, તેટલા માટે તમે મને વિરકત થવાની સલાહ આપો છો ?

વિ. તમને અનુરક્ત હોવા છતાં ઐહિક સુખથી વિરકત થવાને ઇચ્છનાર.

**કાન્ત**

* તમને કદાચ એવી શંકા થશે કે ત્યારે આપણે પરોપકાર, ન્યાય સત્યવાદિતા વગેરેને ગુણ કેમ કહીએ છીએ ? એ બધાને એક નામ કેમ આપીએ છીએ ? ઉત્તર એ છે, કે એ બધામાં સાદશ્ય છે, અને સાદશ્ય એ ગુણ નથી. કોઈ પણ પદાર્થ ગુણ છે કે નહીં તેની પરીક્ષા એ છે, કે ગુણ દરેક દ્રવ્યમાં હોઈ શકે; સાદશ્યનું જ્ઞાન એક દ્રવ્યથી થઈ શકે જ નહીં. એ જ પ્રમાણે સંખ્યા ગુણ નથી. સાદશ્ય, સંખ્યા, વગેરેનું ખરું સ્વરૂપ શું છે એ ઘણી ગંભીર ફિલસૂફીમાં ઊતર્યા વગર મારાથી તમને સમજાવી શકાય તેમ નથી. પણ એટલું તમે સમજી શકશો, કે ગુણોનું સાદશ્ય હોઈ શકે, પણ સાદશ્ય પોતે જ જો ગુણ હોય તો સાદશ્યનું પણ સાદશ્ય હોવું જોઈએ, અને એમ બોલવામાં અર્થ નથી. તમે જોઈ શકશો, કે ગુણ એટલે શું તે સમજવું સહેલું નથી; અને નૈયાયિકોએ ગુણગણનામાં ગોથાં ખાધાં છે.

□

# પત્ર-9

**સખે કાન્ત,**

તમારું પત્ર મળ્યું. સિદ્ધાંતસારના વિવેચનની સાથે તમારી માનસિક સ્થિતિનો પણ તમે મને અનુભવ કરાવ્યો. એ અનુભવનું શું પરિણામ થયું છે, તે તમને કહું ? તમે સત્ય જીરવી શકશો ? નહીં જીરવી શકો, તો હું ઉપચાર કરીશ. પણ સત્ય તમને જણાવવું, એ તમારા તરફ અને મારા પોતાના તરફ મારી પહેલી ફરજ છે.

સત્ય એ છે, કે કંઈક મારા પરના મોહને લીધે અને કંઈક તમારી ઇંગ્લિશ કેળવણીને લીધે તમારી આંખની આગળ અંધારી આવી ગઈ છે; અને તમે ઘણી વાતો જોઈ શકતા નથી. હું ખાતરીથી કહી શકું છું, કે જે ફિલસૂફીની તમે અવગણના કરો છો, તે બિલકુલ સમજ્યા વગર કરો છો. શું તમે એમ માની શકો છો, કે સેંકડો વર્ષથી પરમ સમર્થ વિદ્વાનોએ જેનું પ્રતિપાદન કીધું છે, તે ફિલસૂફી તમે ધારો છો તેવી નિસ્સત્વ હોઈ શકે ? મારાથી તો એમ કદાપિ માની શકાય નહીં. મને તો પૂર્ણ શ્રદ્ધા છે, કે એ ફિલસૂફીમાં અમુક સત્ય હોવું જ જોઈએ. અને એ શું છે તે શોધવાની તમારી ફરજ છે, એમ હું સમજું છું.

તમે પોતે જ મને કેટલીક વાર કહ્યું છે, કે પ્રો. મણિલાલમાં કંઈક એવું સામર્થ્ય છે, કે તેનું બીજા કોઈ પણ સમકાલીન લેખકમાં દર્શન થતું નથી. જેમને તેમના નિકટ સમાગમનું સુખ મળ્યું છે, તે બધા બેધડક કહે છે, કે

દેશનો ખરો ઉત્કર્ષ કંઈક એમના જેવી દષ્ટિએ દેશની ભૂત અને વર્તમાન સ્થિતિને જોયા વગર થવાનો નથી. મને પોતાને તેમનો જે અનુભવ થયો છે, તેનું તો મેં તમારા હૃદય પાસે એક વાર પ્રકાશન પણ કીધેલું છે. આ સર્વ વિચારો, અને કહો, કે જે અભેદ તેઓ માને છે, અને અત્યાર સુધીમાં આ દેશના અને પરદેશના અનેક જ્ઞાનીઓ માનતા આવ્યા છે, તે વધારે ઊંડા ઊતરીને સમજવા લાયક નથી ?

બેશક મારા પોતાનામાં વેદાંતનું પ્રતિપાદન કરવા જેટલી શક્તિ નથી. એ ફિલસૂફી ખરી છે, એમ કહેવાનો પણ મારો આશય નથી. પણ વેદાંતીઓ પોતે જ પોતાના સત્યને પ્રમાણાતીત અને માત્ર અનુભવગમ્ય કહે છે, તે પછી માત્ર ઉપદેશવાક્યોના વિરોધ બતાવવાનો તમારો પ્રયત્ન મને અયોગ્ય લાગે છે ખરો. કારણ કે જો અભેદ જ સત્ય હોય, તો પછી ભાષા જે સર્વત્ર ભેદમય છે, તેથી તમે તે કેમ સમજી શકો ? જો તમે જેને अहम् કહો છો તે અને ब्रह्म વસ્તુતાએ એક જ હોય, તો तत्वमसि એ વચન વગર શી રીતે નિર્વાહ કરી શકાય ? સખે, મને તો લાગે છે કે તમે અને પ્રો. મણિલાલ બંને એકસરખા ઉચ્ચારવાળી પણ ભિન્ન ભિન્ન ભાષાઓ બોલો છો; અને જો તેમનું બોલવું ખરું હોય, તો તેથી જ એ તમને તમારી ભાષામાં સમજાવી શકે નહીં.

પણ આ પ્રમાણે લખવામાં ભાષાથી જ ભેદ સૂચિત થાય છે, અહંપદમાં જ ત્વંપદનું ભિન્નત્વ સૂચિત થાય છે, વગેરે તમારી નૈયાયિક દલીલોનું મને વિસ્મરણ થાય છે, એમ સમજતા નહીં. વિસ્મરણ શી રીતે થાય ? મને તો હજી ભેદનો જ અનુભવ છે. હું તમને કહેવા ઇચ્છું છું તે માત્ર એટલું જ, કે ''અભેદ'' શબ્દ માત્રથી તમારે ડરી જવું નહીં જોઈએ. તમારે જરા ધીરજ રાખીને શંકરાચાર્ય વગેરે મહાત્માઓ અભેદ શી રીતે માની શક્યા છે, તે સમજવાનો યત્ન કરવો જોઈએ. આળસ છોડીને વેદાંતનું અધ્યયન કરવું જોઈએ.

એ અધ્યયન તમે અત્યાર સુધી ન કરી શક્યા, તેના એક કારણની મને ખબર છે. જે દાંભિક વેદાંતીઓ તમે જોયા છે, તેમણે તમારી દષ્ટિમાં વેદાંતને હલકું પાડ્યું છે; અને પ્રો. મણિલાલ પોતે એવા ''ઠગસુજ્ઞો''ને પ્રસંગ આવે ત્યારે પ્રહાર કરવાનું ચૂકતા નથી. પણ સખે, ઠગો જે ફિલસૂફીનો અભ્યાસ કરી શકે, તે ફિલસૂફીને તેથી લાંછન લાગતું નથી. ઠગો તેનો અભ્યાસ કરવામાં માન અને રક્ષણ સમજે છે તે એટલા જ માટે, કે મહાત્માઓ તેને

માની ગયા છે.

તમે હજી સુધી સિદ્ધાન્તસારના વેદાંતવિષયક ભાગ સંબંધી વિચારો દર્શાવ્યા નથી, માટે જ આટલું તમને લખું છું. એ નજર આગળ રાખશો, તો ઇંગ્લિશ કેળવણીની અંધારી તમને નડવાની નથી. ઇંગ્લિશ કેળવણી આંખ આગળ અંધારી બાંધી દે છે, એમ હું કહું છું તે એટલા જ માટે, કે તમારા બધામાં જોવાની શક્તિ જ ઓછી છે, એમ માનવું મને ગમતું નથી. કેટલા-એકની કદાચ એવી પણ સ્થિતિ હશે. પણ હું ધારું છું, કે તમારામાંના ઘણા દેશની ઘણી સમૃદ્ધિ ઓળખી શકે તેવા છે, માત્ર તેમણે તે પર ધ્યાન આપેલું નથી. જો પાઠશાળાઓમાં સંસ્કૃતનું જરા ગંભીર અધ્યાપન ચાલવા માંડે, તો હાલ જે–નહીં હિંદુ કે નહીં વિલાયતી–એવા થઈ ગયા છે તે ઠેકાણે આવે, એવી મને આશા છે.

'વિલાયતી' એમ કહેવામાં તમારા પોશાક ઉપર કે તમારા બાહ્ય આચાર ઉપર આક્ષેપ કરવાનો મારો બિલકુલ ઉદ્દેશ નથી. ઉદ્દેશ માત્ર તમને એટલું જ સ્મરણ આપવાનો છે, કે તમે સ્વદેશ કરતાં પરદેશની વધારે વાતો જાણો છો, અને પરદેશીઓએ તમને શીખવી નથી, માટે જ સ્વદેશમાં કશી જાણવા લાયક વાતો છે નહીં, એમ માની બેસો છો. તમે ક્રાઇસ્ટને ઓળખો છો, પણ કબીરને નહીં; કૅન્ટનું અધ્યયન કરો છો, પણ શંકરનું નહીં.

પણ આ સ્થળે મને તમારો બ્રાહ્મણો તરફનો તિરસ્કાર યાદ આવે છે. ખરે, એ બ્રાહ્મણોએ જ દેશનું સત્યાનાશ વાળ્યું છે. દુનિયાનો કોઈ પણ ઉપદેશક વર્ગ ભોજનનો એટલો લાલચુ નથી. ભોજનમાં એટલો રસ લેનારા મોટા પેટવાળાં પશુઓ પાસેથી જ્ઞાન મેળવવાની કોઈને આશા ન રહે, તે સ્વાભાવિક છે. પણ સખે, એટલું તો નક્કી છે, કે હાલના બ્રાહ્મણો જ અધમ છે; તેમના પૂર્વજોને એ તિરસ્કાર આપવાનું તમારી પાસે કશું પ્રમાણ નથી. હાલ બેશક હિંદુસ્તાનમાં ધર્મની પૂરી અવદશા છે. અને તે છતાં મને શ્રદ્ધા છે કે ખૂણે-ખોચરે એવા કેટલાએક પડ્યા હશે જ, કે જેઓ તમને સર્વને ઘણું શીખવી શકે; અને બતાવી શકે, કે યૂરપ અમેરિકાના કેટલાએક લોકોને જે મોહની લાગેલી સંભળાય છે, તે સકારણ છે.

વધારે તો શું લખું ? તમે જાણો છો કે મને ''રામરામ''ની માળા જપ-નારાઓને માટે, કે વિભૂતિ ચોળી ''શં–કર શં–કર'' બોલનારાઓ માટે, કે શ્રી ઠાકરોજીને પારણામાં ઝૂલતા જોવાને દોડી જનારાઓને માટે તિરસ્કાર-

મય દયા વગર બીજી કશી લાગણી નથી. પણ મારાથી વેદાંતને એવી પદવી આપી શકાતી નથી. મેં સૂફીઓની હકીકત વાંચી છે, જ્ઞાનીઓનાં કેટલાંએક ગંભીર ચરિત્રો સાંભળ્યાં છે; અને પ્રસંગોપાત્ત કબીર જેવાની પ્રાસાદિક, માર્મિક, અને સહૃદયને અગાધ જેવાં લાગતાં સત્યોનો પણ તલસ્પર્શ કરાવે તેવી વાણીની મોહની અનુભવી છે; અને એવા અનુભવની કિંમત વખત પરથી નહીં, પણ પરિણામ પરથી જ હું કરું છું જે પ્રમાણે મહાસાગરનાં રત્નો પાણીમાં વધારે વખત રહેનારને નહીં, પણ એકદમ ઊંડા ઊતરનારને જ હાથ આવે છે, તે પ્રમાણે સત્યમાં પણ થાય છે, એમ હું સમજું છું. મારો અનુભવ બેશક થોડો જ છે. પણ હું એટલું જ તમને કહું છું, કે એવો અનુભવ મને કદાપિ ઇંગ્લિશમાં નથી થયો.

અને હવે ? મને વેદાંત અને પ્રો. મણિલાલની માફક તમારા ઉપર પણ શ્રદ્ધા છે. તમારા ઉપર જ નહીં, પણ તમારા જેવા બધા સુધારાવાળાઓ ઉપર શ્રદ્ધા છે. તમે બધા ઇચ્છા કરશો, તો દેશની આશા સફલ કરી શકશો; અને જૂના વહેમોને સત્ય માન્યા વગર જૂનાં સત્યોને વહેમ માનવાની ભૂલ નહીં કરો.

વિ, તમારા ઉપકાર નીચે દબાયલી,

**કાન્તા**

□

# પત્ર-10

**પ્રિયે કાન્તે,**

તમે લાંબે વખતે તમારું પૂર્વનું રૂપ મને બતાવો છો, એ જોઈ મને આનંદ થાય છે. મારા પર અને મારી કેળવણીના પર તમારા કઠોર પણ સ્નિગ્ધ આક્ષેપોથી મને ખોટું નથી લાગ્યું, એટલું જ નહીં, પણ બેચાર વાતો કહેવાને માટે તો તમારો ઉપકાર પણ માનું છું. બેશક સત્ય જીરવવાની શક્તિ મારામાં છે જ; અને તમે ઊઠીને મને એવી રીતે કહો, એ મને નવાઈ જેવું લાગે છે. તમારી મોહનીએ મને અધીન તો બનાવ્યો છે, પણ અશક્ત કીધો નથી. તમારે કશા ઉપચાર કરવાની જરૂર નહીં પડે. તમારા લેખના ગ્રાહ્ય અને અગ્રાહ્ય અંશ હું એવી રીતે પૃથક્ કરી બતાવીશ, કે તમે તમારી થોડા વખતની અનાસ્થાને માટે પશ્ચાત્તાપ કરશો.

તમે કહો છો, કે ઇંગ્લિશ કેળવણીને લીધે મારી આંખની આગળ અંધારી આવી ગઈ છે, અને હું ઘણી વાતો જોઈ શકતો નથી; અને પાછળથી સુધારો છો, કે હું ઘણી વાતો પર ધ્યાન આપતો નથી, તેટલા માટે તે જાણતો નથી. આ બીજા રૂપમાં તમારો આક્ષેપ સ્વીકારવાને મને હરકત નથી. બેશક હું સંસ્કૃત કે હિંદી થોડું જ વાંચું છું; અને તેટલા માટે ઘણી મહત્ત્વની બાબતો નહીં જાણતો હોઉં. પણ તમે જો તે જાણતાં હો, તો તમારે તે બતાવવી જોઈએ. બેશક હું કબીર અને શંકર સંબંધી બહુ જાણતો નથી; પણ જેઓ જાણતા હોય, તેમણે તે બતાવીને પાઠશાળાઓમાં તેમને યોગ્ય પદવી અપાવવા પ્રયત્ન કરવો જોઈએ. બેશક હું માનું છું, કે હિંદુસ્તાનમાં ખૂણેખોચરે ઘણાં કીમતી

રત્નો પડ્યાં હશે; પણ જે રત્નો મેં જોયાં નથી, તે જ સર્વથી કીમતી છે, એવી પ્રતીતિ થવા પહેલાં તો મારે એ રત્નો જોવાં જોઈએ. તમારા કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ હોય, કે મારે મારો અમુક વખત સ્વદેશની પ્રાચીન સ્થિતિ સમજવામાં ગાળવો જ જોઈએ, તો તે હું માન્ય કરું છું; પણ જો તમે એમ કહેવા ઇચ્છતાં હો, કે પ્રાચીન જે હતું તે કરતાં વધારે સારું કોઈ સ્થળે હોઈ શકે જ નહીં, તો એટલું દુરાગ્રહી અને અભિમાની મત મારાથી તો કદાપિ સ્વીકૃત થઈ શકે નહીં. बहुरत्ना वसुंधरा.

તમે કહો છો, કે જે ફિલસૂફીને ઘણા મહાત્માઓ માની શક્યા છે તે નિસ્સત્ત્વ હોઈ શકે નહીં; અને શંકરાચાર્ય વગેરે અભેદ શી રીતે માની શક્યા છે, તે મારે સમજવું જોઈએ, એ હું સ્વીકારું છું અને તેનું સ્મરણ આપવા માટે તમારો ઉપકાર માનું છું. પણ હું ભૂલતો ન હોઉં, તો મેં પહેલાં તમને લખેલું જ છે, કે ઈશ્વરની સર્વત્ર પ્રતીતિ થતાં ધાર્મિક આત્માને પોતામાં પણ ઈશ્વરની જ પ્રતીતિ થવા લાગે છે; અને અભેદભાવ એ ઘણું કરીને ભક્તિભાવની પરાકાષ્ઠાનું જ પરિણામ છે. છતાં એટલું હું કબૂલ કરું છું, કે આ કરતાં વધારે સમજવાની જરૂર છે. જે પ્રમાણે ક્રાઇસ્ટને ઈશ્વરાવતાર માનનાર ક્રિશ્ચિયન મહાત્માઓ એમ કેમ માની શક્યા હશે તે સમજ્યા વગર ક્રિશ્ચિયન ધર્મની યોગ્ય કદર કરવી અશક્ય છે, તે પ્રમાણે કોઈ પણ ધર્મના મતોનો સ્વીકાર કેમ થયો હશે, તે સમજ્યા વગર તેની કદર કરવી અશક્ય છે. બેશક જેનો જેનો મહાત્માઓ સ્વીકાર કરે તે સત્ય જ હોય, એમ કહી શકાય નહીં, પણ જેનો જેનો તેઓ સ્વીકાર કરે, તે બાબતો ધર્મવૃત્તિને અમુક અંશે સંતોષ આપે તેવી તો હોવી જ જોઈએ. ઉદાહરણ તરીકે, હું પોતે ઈશ્વર મનુષ્યના રૂપમાં અવતાર લે, એમ માનતો નથી; પણ અમુક મનુષ્ય ઇતર મનુષ્યથી એટલો બધો ભિન્ન અને ઉચ્ચતર હોય, કે તે પરમ સમર્થ મનુષ્યને પણ ઈશ્વરાવતાર લાગે એમ હું માની શકું છું. અને ક્રાઇસ્ટ ઈશ્વરાવતાર નથી એમ સિદ્ધ કરવાને, ઈશ્વર મનુષ્યનો અવતાર લે એમ માનવાને કશું કારણ નથી એવી તમારી પ્રતીતિ કરાવવાની સાથે, મહાત્માઓ તેને ઈશ્વરાવતાર કેમ માની શક્યા છે, એ પણ મારે તમારી પાસે સ્પષ્ટ કરી આપવું જોઈએ. વેદાંતમાં સુધ્ધાં એ ફરજ અદા કરવાને હું તત્પર છું.

આ જ સ્થળે મારે એટલું પણ કહી દેવું જોઈએ, કે જોકે હું તમને વેદાંતની યોગ્ય કદર કરવાનું વચન આપું છું, છતાં મારી પાસે પૂરતાં સાધનો નથી.

ધર્મની ખરી કદર તે જે આચરણને જન્મ આપે છે તે જાણ્યા વગર થઈ શકતી નથી. ક્રિશ્ચિયન મહાત્માઓમાં મને ઘણાના વિચારો આચરણો સાથે વિદિત છે; પણ એતદ્દેશીય મહાત્માઓને હું શિષ્ટાચાર પ્રમાણે માન આપતો હોવા છતાં તેમનાં આચરણ મને વિદિત નથી. અને વર્તમાનના ખરા વેદાંતીઓ જોયા વગર કે ભૂતકાળના ખરા વેદાંતીઓ કેવા હતા એ જાણ્યા વગર વેદાંતનું પૂરેપૂરું મહત્ત્વ સમજી શકાય તેમ નથી.

અને પ્રિયે, મને સારી રીતે વિદિત છે, કે ધાર્મિકતા એ બેચાર ધાર્મિક સત્યના જ્ઞાન કરતાં ઘણી વધારે પૂજનીય વસ્તુ છે. હું પોતે એક ઈશ્વરને માનું છું, કશા વહેમોને માનતો નથી; અને તમારી આગળ બીજા ધર્મોના દોષ બતાવવા પ્રવૃત્ત થાઉં છું. પણ હું જાણું છું, કે હું એક સાધારણ ક્રિશ્ચિયન કે મુસલમાનના કરતાં ધાર્મિકતામાં ઘણો જ ઊતરતો છું. હું શું કરું છું ? ગરીબ માણસોની વકીલાત કરીને હું રૂ. 300-400 મેળવું છું. દશવીશ રૂપિયા ઓછા લેવાથી મને નુકસાન થાય તેમ ન હોય, ત્યારે પણ ગરીબોને છોડતો નથી, એ બધું શાને માટે ? સારાં કપડાં પહેરવા માટે, સારા ઘરમાં રહેવા માટે, સારો ખોરાક ખાવા માટે, તમને કીમતી બક્ષિસો મોકલવા માટે, અને ગરીબો પાસે નોકરી કરાવવા માટે. ઈશ્વરવિચારમાં હું ભાગ્યે જ દિવસનો એક કલાક રોકતો હોઈશ; અને નિરાધારને આધાર આપવામાં મારા ભાગ્યે જ દશ રૂપિયા પણ જતા હશે. પ્રિયે, નાણાંનો આટલો લાલચુ હોવા છતાં મેં થોડા જ વખત પર હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં ભાષણ આપ્યું હતું, કે સુખનો આધાર બાહ્ય સંપત્તિ ઉપર નહીં, પણ આન્તર વ્યવસ્થા ઉપર છે ! થોડા જ વખત ઉપર મેં પરમકૃપાળુ પરમેશ્વરની નિસ્સીમ દયા વિષે એક પ્રસિદ્ધ માસિકમાં સુંદર નિબંધ લખ્યો હતો ! કેમ ન લખું ? મારા ધર્મમાં કેટલી બધી સગવડ છે ? પ્રાર્થનામાં પણ સંતોષ થાય છે; અને વૈભવ ભોગવવામાં પાપ નથી ! હવે એટલું સિદ્ધ છે, કે જે સ્થિતિમાં માત્ર વિષયસુખોને માટે આટલી બધી કાળજી રાખી શકાય, તે સ્થિતિ ધાર્મિકતાની નથી. અને કાન્તે, જો વેદાન્તીઓ ગીતાના ઉપદેશ પ્રમાણે બાહ્ય સુખોનો કેવળ અનાદર કરીને સ્વેચ્છાને ઈશ્વરેચ્છાથી અભિન્ન કરી નાંખતા હોય, તો બેશક તેઓ મારા તરફથી તો માનને જ પાત્ર છે. તેમના એકબે વિચાર પરત્વે હું જે કહું, તે મારું લાઘવજ બતાવે. (ધ્યાનમાં રાખજો, કે આ આત્મજ્ઞાન તમે મને આપ્યું નથી; પણ આ પ્રકારનું હું બીજી કે ત્રીજી વાર તમને લખું છું.)

છતાં તમે જો શુદ્ધ ધાર્મિક જીવન તરફ પ્રવૃત્ત થયાં હો, તો મારે તમને

હું જે જાણું છું તેટલું જણાવી દેવું જોઈએ. તમે કહો છે, કે ભાષા ભેદમય છે, તેથી વેદાન્તનું રહસ્ય ભાષા દ્વારા સમજી શકાય નહીં. પણ શા માટે ભાષા ભેદમય છે, એ પણ તમારે વિચારવું જોઈએ. ભાષાનો ભેદ એ વિચારના નિયમોનું આવશ્યક પરિણામ છે. અને મેં તમને આગળ લખેલું જ છે, કે જે બાબત બોલી શકાય નહીં તે વિચારી પણ શકાય નહીં. वदतोव्याघातનો દોષ વિચારને પણ લાગુ પડે છે. પણ તમે ફરી કદાચ પૂછશો, કે એવું હોય તો વેદાંતીઓ અભેદ શી રીતે માની શકયા હશે ? એનો સંતોષકારક જવાબ આપવાનું મેં સ્વીકારેલું જ છે.

પણ હવે મારે સિદ્ધાન્તસાર ઉપર આવવું જોઈએ. પ્રો. મણિલાલની શક્તિ હું બેશક સ્વીકારું છું, અને તેમની પાસેથી મારે ઘણું શીખવાનું છે, એ માન્ય કરું છું. પણ તેમણે વેદાંતદર્શનમાં જે સાર આપ્યો છે, તે પરથી મને કશી પ્રતીતિ થતી નથી. કર્મવાદ અને માયાવાદ દૂર મૂક્યા પછી પણ જે તત્ત્વ રહે છે, તે તેમણે મારા જેવા વાચકોને જોઈએ તેવું સ્પષ્ટ કર્યું નથી. મને આશા છે, કે કોઈક દિવસ તેઓ વેદાન્તસૂત્ર અને શાંકરભાષ્યનો અનુવાદ આપણને આપશે, અને ત્યારે તેમની દલીલોનો યોગ્ય અભ્યાસ થઈ શકશે; દરમિયાન મારે સિદ્ધાન્તસારના એ ભાગને માટે એટલું જ કહેવાનું છે, કે વેદાન્તનું રહસ્ય સ્થાપિત કરવાને માટે નહીં પણ થોડે અંશે સ્ફુટ કરવાને માટે જ તેમણે પ્રયત્ન કરેલો હોવાથી હું તે સંબંધી અભિપ્રાય આપી શકું તેમ નથી.

પ્રો. મણિલાલ જેટલે અંશે પ્રાચીન સત્યો સમજવાને અને સમજાવવાને પ્રયાસ કરે છે, તેટલે અંશે તેઓ દેશની મોટી સેવા બજાવે છે, એમ હું પણ તમારી માફક માનું છું. પણ મને એમ લાગે છે ખરું, કે જુદી જાતના વિચારોની તેઓ યોગ્ય કદર કરતા નથી, અને જો તેઓ જુદી જાતના વિચારોનાં પણ કારણો સમજવાને યત્ન કરે, તો અનાયાસે ઘણાને પોતાના મદદગાર કરી શકે.

પ્રો. મણિલાલનો ઉદ્દેશ દેશને આત્મિક જીવનની ઉચ્ચતા સમજાવવાનો અને અત્રત્ય પ્રાચીન મહાત્માઓની પિછાન કરાવવાનો છે. એ ઉદ્દેશનું એવી રીતે અનુસરણ થઈ શકે, કે વાચકો અપ્રસન્ન થવાને બદલે તેમના અન્તેવાસી થવાને ઇચ્છે. ડાહ્યા માણસો પોતાનાથી ઓછા ડાહ્યા હોય તેમની પાસેથી પણ ડહાપણ મેળવી શકે, એવી મારી એક પ્રતીતિ છે; અને તેને આધારે હું માનું છું, કે પ્રો. મણિલાલ સુધારાવાળાઓમાં જડવાદ માત્ર જોઈ શકે છે,

તે એમના અભેદસિદ્ધાન્તના ગૌરવને છાજતું નથી. બીજી તરફ, કેટલાએક સુધારાવાળાઓ પ્રો. મણિલાલનો પ્રયત્ન 'જેટલું જૂનું તેટલું સારું' એ સ્થાપિત કરવાનો જ સમજે છે અને એથી કરીને તેમની પાસેથી જે લેવાનું છે તે લઈ શકતા નથી. હું તો એમ માનું છું, કે બંને છાવણીઓમાં એવું ઘણું છે, કે જે સર્વને માન્ય અને પૂજનીય લાગવું જોઈએ; હું તો એમ માનું છું, કે બંને પક્ષ આ દેશના ધાર્મિક ઉદયની ખાતર પરસ્પર માનની લાગણીથી પ્રવૃત્ત થવા જોઈએ, અને થઈ શકે; અને હું તો એમ માનું છું, કે ધાર્મિક સત્યો સંબંધી વિવાદને બદલે સર્વમાન્ય ધાર્મિક આચરણનો પ્રયત્ન શરૂ થાય, તો જ યુદ્ધમાં ઊડેલી ધૂળથી ઝાંખો થઈ ગયેલો ધર્મદીપ એની મેળે વધારે પ્રકાશી નીકળે. હાલ તો એટલું જ.

વિ. તમારો સ્નેહાધીન

**કાન્ત**

□

# પત્ર-11

**સખિ કાન્તે,**

વેદાંતીઓ અભેદને કેમ માની શક્યા છે, તે સમજાવવાનું મેં તમને વચન આપ્યું છે. એ વચન આપ્યા પછી મેં અમુક પુસ્તકો વાંચ્યાં છે; અને અમુક વેદાંતીઓ સાથે વાતચીત કીધી છે. પરિણામ તમને જણાવું છું.

હું હાલ મારું પોતાનું કર્તૃત્વ અને ઈશ્વરનું કર્તૃત્વ માનું છું. પણ મારા કર્તૃત્વમાં અને ઈશ્વરના કર્તૃત્વમાં એક મોટો ભેદ છે. હું જે બતાવું છું, તેમાં બનાવટની વસ્તુ મારાથી ભિન્ન–સ્વતંત્ર અસ્તિત્વવાળી–છે. હું માત્ર નિમિત્ત કારણ છું, ઉપાદાન કારણ નહીં. હું ખુરસી બનાવું છું; પણ ખુરસીની વસ્તુ–લાકડું–મારાથી ભિન્ન છે. ઈશ્વરને પણ જગત બનાવવામાં પોતાનાથી ભિન્ન કોઈ પણ વસ્તુની અપેક્ષા છે કે કેમ, એ પ્રશ્ન છે. કેટલાએક ફિલસૂફો માને છે કે ઈશ્વર કંઈ ન હોય તેમાંથી ગમે તે કરી શકે; પણ બીજાઓ ધારે છે કે ઇચ્છાશક્તિને પ્રવૃત્ત થવાની વસ્તુની ઈશ્વરને પણ અપેક્ષા છે. આ બીજાઓની વિરુદ્ધ વેદાંતીઓ કહે છે કે ઈશ્વરથી ભિન્ન અને સ્વતંત્ર વસ્તુનું અસ્તિત્વ માનવું યોગ્ય નથી. ઈશ્વર જ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ બંને છે. પણ જો ઈશ્વર જગતનું ઉપાદાનકારણ પણ હોય, તો સૃષ્ટિ અને સૃજનારનો ભેદ રહેતો નથી.

વેદાંતી જ્યારે अहं ब्रह्मास्मि કહે છે, ત્યારે તે અહંપદવાચ્ય અલ્પજ્ઞ અને અલ્પશક્તિ જીવ એ જ બ્રહ્મપદવાચ્ય સર્વજ્ઞ અને સર્વશક્તિ ઈશ્વર છે, એમ

કહેતો નથી. તે એટલું જ કહે છે, કે જે અલ્પજ્ઞ અને અલ્પશક્તિને દેખાય છે, તે સર્વજ્ઞ અને સર્વશક્તિનું જ રૂપ છે. વેદાંતી કહે છે, કે બ્રહ્મ જ સર્વ છે, જે કંઈ છે તે બ્રહ્મ છે. હું આગળ પણ તમને લખી ચૂક્યો છું, કે આમ બોલવામાં વેદાંતી પોતાને બ્રહ્મની પદવી આપતો નથી; પણ પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ના પાડીને બ્રહ્મની જ સત્તા સ્વીકારે છે. હું બ્રહ્મ છું એનો અર્થ હું સર્વશક્તિ છું એમ નથી; એનો અર્થ એ છે કે હું છું જ નહી, બ્રહ્મ જ છે. अहं ब्रह्मास्मि એનો અર્થ ब्रह्मैवेदं सर्वम् એ જ છે.

આવું મત ધાર્મિક અંતઃકરણને રુચે એમાં આશ્ચર્ય નથી. અને તેમાં દોષ એ જ છે, કે મનુષ્યની ઇચ્છાશક્તિની અવગણના કરવામાં આવે છે. બેશક હું કાર્ય છું, અને હું કર્તા છું,—એ બંને પ્રકારનો મનુષ્યને જે અનુભવ થાય છે તે વિલક્ષણ છે; અને Free will તથા Necessityની તકરારનો સેંકડો વર્ષ થયાં નિવેડો આવ્યો નથી, તથા આવશે એમ દેખાતું નથી. પણ નિવેડો આવે કે ન આવે છતાં આપણામાં અનેક પ્રવૃત્તિમાંથી દરેકને પસંદ કરવાની શક્તિ છે, એ અનુભવસિદ્ધ છે; અને એમ જો હોય, તો મારી ઇચ્છા ઈશ્વરેચ્છાનું પરિણામ હોવા છતાં પોતાના કારણથી સ્વતંત્ર છે. ગીતામાં પણ शास्त्रदृष्टया तूपदेशो वाम देववत् એ બ્રહ્મસૂત્ર પ્રમાણે કારણબ્રહ્મરૂપ માનવાના શ્રીકૃષ્ણને જીવરૂપ અર્જુનને ततो युद्धाय युज्यस्व એમ કહીને જીવની સ્વતંત્રતા સ્વીકારવી પડી છે.

કારણથી પરિણામ સ્વતંત્ર ? આમ માનવું બેશક વિલક્ષણ છે. અને એ ન માનવું પડે, તેટલા જ માટે વેદાંતી કાર્યકારણનો અભેદ માને છે. હવે તમે જોઈ શકશો, કે ભેદ અને અભેદની સત્યાસત્યતાનો નિર્ણય કરતાં તો એવી મુશ્કેલી આવે છે, કે જ્યાં આપણે અનુભવને માન આપીને જીવનો ભેદ માનવા છતાં અનુભવની વિચિત્રતાથી ભ્રમિત થઈને અભેદ માનતા વેદાંતને પણ માન આપી શકીએ.

મનુષ્યની સ્વતંત્ર ઇચ્છાશક્તિનો સ્વીકાર ન કરવાથી વેદાંતી નીતિનો સ્વીકાર કરી શકે તેમ નથી; અને વેદાંતના ખરા જ્ઞાનીને વ્યવહાર સંભવતો નથી. છતાં વારંવાર પોતાની ભિન્ન કર્તૃત્વશક્તિનું ભાન તો થયા જ કરે છે, તેટલા માટે વેદાંતી માયાને માને છે. માયાવાદ એ વેદાંતીની શ્રદ્ધાનું પરિણામ

છે. વેદાંતી પોતાને બ્રહ્માભિન્ન માને છે, તેથી જે ભેદ દેખાય છે તે સમજાવવાને તે માયાવાદને લાવે છે. જ્યાં સુધી ચિંતનમાં જ ગ્રસ્ત રહીએ, ત્યાં સુધી તો આપણને પણ આપણા સ્વતંત્ર અસ્તિત્વની પ્રતીતિ થતી નથી; કારણ કે સ્વતંત્રતાનો અનુભવ ઇચ્છાશક્તિના અનુભવથી જ થાય છે. પરિણામે વેદાંતી પોતાની ઇચ્છાને નષ્ટ કરીને આત્મઘાત કરે છે. એ પોતે બેશક એમ કહી શકે કે એ આત્મઘાત અવિદ્યાના જ ઘાત છે, કારણ કે સર્વમય બ્રહ્મનો ઘાત થઈ શકે નહીં; પણ આપણને તો એ ઘાતમાં પણ ભેદની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

એટલું સ્પષ્ટ છે, કે અભેદસિદ્ધાંતમાં જેમ નીતિનો સંભવ નથી, તેમ અનીતિનો પણ સંભવ નથી.

આ પ્રમાણે જે સિદ્ધાંત હું માનતો નથી તે બીજાઓ કેમ માની શકયા છે, એ બતાવ્યા પછી હું તેના પર થોડી ટીકા કરવી પણ ઉચિત ધારું છું.

નાસ્તિક જ્યારે જગતની સત્તા માને છે, ત્યારે વેદાંતી ઈશ્વરની જ સત્તા માને છે, તેથી વેદાંતદર્શનને નાસ્તિક કહી શકાય તેમ નથી; છતાં એ દર્શનને ધાર્મિક પણ કહેવાય તેમ નથી, કારણ કે જ્યાં જીવબ્રહ્મનો અભેદ છે, ત્યાં કશું કર્તવ્ય રહેતું નથી. સિદ્ધાંત આ પ્રકારનો હોવાથી બીજા કોઈ પણ મત કરતાં વેદાંતમતમાં ધૂર્તો એકઠા થવાનો વધારે સંભવ છે. મને કોઈ વેદાંતીએ એમ કહેલું, કે "મોક્ષ સર્વદા સિદ્ધ છે; અને જીવ બ્રહ્મથી અભિન્ન છે. અને એમ છે, તો વ્યવહારમાં તમે મારું ગમે તેવું આચરણ જુઓ, તેથી મારા બ્રહ્મસ્વરૂપને બાધ આવે તેમ નથી." આ પ્રમાણે કોઈ પણ દુષ્ટમાં દુષ્ટ માણસ ખૂન કરી આવીને એમ કહે, કે 'अहं ब्रह्मास्मि' તો વેદાંતીથી તેને કશો ઉપાલંભ આપી શકાય તેમ નથી.

આ પ્રમાણે વેદાંતીઓ અભેદને કેમ માની શક્યા છે તે બતાવતાં જ મેં તમને સ્પષ્ટ કરી આપ્યું, કે અભેદ અનુભવ વિરુદ્ધ હોવાથી અસત્ છે; પછી મેં બતાવ્યું કે અભેદસિદ્ધાંતથી કર્માભિમુખતા રહેતી નથી; અને છેવટે લખ્યું કે એ સિદ્ધાંતમાં ધૂર્તો એકઠા થવાનો વધારે સંભવ છે. હવે એટલું ઉમેરું, કે જે સિદ્ધાંતમાં ધૂર્તો પોતાના અને પારકાના મનનું સમાધાન કરી શકે, તે સિદ્ધાંતમાં કોઈને પણ થોડેઘણે અંશે ધૂર્ત થવાની લાલચ થાય, તો હું વેદાંતની અવગણના કરું છું એમ માનશો ? કૃપા કરીને ન માનતાં. એ છેલ્લા દોષો વેદાંતના નથી, પણ વેદાંતીઓના છે.

આ બધું છતાં અભેદસિદ્ધાંતના શુદ્ધ રૂપને હું એટલું ભવ્ય માનું છું, કે મને ખાતરી છે કે કોઈ પણ ઈશ્વરપરાયણ માણસ જો વેદાંતનું ભાવથી અધ્યયન કરે, તો ઉત્તરોત્તર વધારે ઈશ્વરપરાયણ થયા વગર રહે નહીં.–બ્રહ્મ જ છે, બીજું કશું નથી–એ સિદ્ધાંત પ્રથમ તો અંતઃકરણમાં રહેલ ભક્તિભાવને જ તેજસ્વી કરે છે; અને એ પ્રકારના અનુભવમાં જે આનંદ થાય છે તે બેશક અવર્ણનીય છે. ઉપરાંત, ધાર્મિક અંતઃકરણ અમુક પ્રકારના અભેદમાં પણ પોતાના સ્વતંત્ર અસ્તિત્વને માની નીતિને ઉન્નત માર્ગે જઈ શકે છે; અને શંકરાચાર્ય વગર બીજા કેટલાએક આચાર્યોએ એવા અભેદમાં રહેલા ભેદનું સમર્થન પણ કીધું છે. જો તમારે કોઈ પણ વેદાંતનો આશ્રય કરવો હોય, તો એવા વેદાંતનો કરજો. એથી તમે ધાર્મિકતામાં ઘણે આગળ જઈ શકશો, એમ મને લાગે છે. કિં બહુના ?

વિ. તમારો સ્નેહાધીન

**કાન્ત**

□

# પત્ર-12

**સખિ કાન્તે,**

તમારું વિસ્તીર્ણ પત્ર મળ્યું. વિસ્તાર જોઈને મેં અંદરના વિષયની જે આશા બાંધી હતી તે વાંચતાં તૂટી ગઈ. થયેલા વિષાદમાં કંઈ કઠોર લાગે તેવું લખું તો ક્ષમા આપશો.

તમારી ખાતર વેદાંતનો અભ્યાસ કરવાનો અને તમને તેનું રહસ્ય સમજાવવાનો પ્રયત્ન કીધો, તે વખતે મને એમ લાગતું હતું, કે એથી કરીને તમને સર્વમાં બ્રહ્મની પ્રતીતિ થવાની સાથે મારામાં પણ બ્રહ્મની પ્રતીતિ થવા લાગશે, અને પરિણામે આપણો સંબંધ વધારે દૃઢ થશે. પણ હું જોઉં છું, કે તમને પોતાનામાં જ બ્રહ્મની પ્રતીતિ થવા લાગી છે; અને મારો સંબંધ દૃઢતર થવાનો નહીં પણ શિથિલ થવાનો વધારે સંભવ છે. સખિ, એવું થશે તો બેશક મારા નવા અભ્યાસથી મળેલી શક્તિ વડે હું શાંતિ રાખી શકીશ. પણ મને એક-બે વાતો કહેવા દેશો ? તમારા છેલ્લા પત્રમાં એક આક્ષેપ છે, તેનું અસત્ય સ્પષ્ટ કરવા દેશો ? શું એવું કાન્તા કદાપિ લખી શકે, કે મેં માત્ર વિધવાવિવાહના લાભની ખાતર સુધારાનો આશ્રય કીધો છે ? શું પ્રણયી કાન્તા એ પ્રમાણે મારો બધો ઇતિહાસ ભૂલી જઈ શકે ? પ્રિયા, એ કોમળ સંબોધન છેલ્લી જ વાર કરીને મને આટલી કઠિન વાત કહી દેવા દો, કે પ્રો. મણિલાલની માફક તમારા હૃદય ઉપર પણ જ્ઞાને કઠોર મુદ્રા જ મૂકી છે. તમે બંને પોતાના કરતાં બીજાઓને ઘણા વધારે ખરાબ સમજો છો. તમે બંને પક્ષપાતી છો, અને સામા પક્ષનું સત્ય હોય તે પણ તમારી આંખે અસત્ય

દેખાય છે. પણ હું તો–સખિ, તમને નિડરતાથી કહી શકું છું, કે કઠોરતા નહીં પણ કોમળતા અને બીજાના દોષ નહીં પણ ગુણ જોવામાં ખરી મહત્તા રહેલી છે. બેશક रगुणपरमाणून्पर्वतीकृत्य વિચાર કરવાને હું તમને કહેતો નથી; પણ એટલું તો મને લાગે છે, કે એવી પદ્ધતિ પોતાને માટે વપરાતી હોય, તો ઇનસાફની ખાતર બીજાને માટે પણ વાપરવી જોઈએ.

બીજો પણ એક ખોટો વિચાર તમારા મનમાં ભરાયો છે. મારે ફરીને કહેવું જોઈએ, કે હું જે લગ્નને માટે ઉત્સુક છું તે દેહનું નહીં પણ આત્માનું લગ્ન છે. તમે–દેવી, આવાં જ્ઞાની થઈને આત્મ અને અનાત્મનો વ્યર્થ ભેદ શા માટે કરો છો ? અથવા એ દૂર મૂકીએ, તો વ્યવહાર માત્રને વિષયાસક્તિ શા માટે માનો છો ? દેહનું લગ્ન બેશક છે, પણ તે શું પોતાની જ ખાતર કદાપિ ઇચ્છવામાં આવે છે ? હું કાન્તાની આંખ જોવાને બેશક ઘણો ઉત્સુક છું, પણ તે શું કાન્તાની આંખ જોવાને કે તેની આંખમાં તેનો આત્મા જોવાને ? જરા વિચાર કરશો, તો સત્ય તરત સમજશો.

પણ મને લાગે છે, કે તમારું અભેદજ્ઞાન ઉચ્ચ પ્રકારનું નથી. એક અભેદજ્ઞાન એવું છે, કે જે પરમેશ્વરની મહત્તાની કલ્પના વિસ્તીર્ણ કરતાં પ્રાપ્ત થાય છે; અને અસાધારણ ભક્તિભાવનું સ્વાભાવિક પરિણામ છે. બીજું અને ઘણા ઊતરતા પ્રકારનું અભેદજ્ઞાન એવું છે, કે જેમાં આપણે સૃષ્ટિની કલ્પના લંબાવી લંબાવીને તેમાં બ્રહ્મને તો નહીં જ પણ તેના આભાસને પકડી શકીએ છીએ. મને ધાસ્તી છે કે તમારું અભેદજ્ઞાન એ ઊતરતા પ્રકારનું છે, અને જો એમ જ હોય, તો બેશક મારે બધી આશા દૂર કરીને બીજા જ વિચારમાં પ્રવૃત્ત થવું જોઈએ.

પણ હવે મારે પ્રસ્તુત વાત પર આવવું જોઈએ અને સિદ્ધાન્તસારના સાતમા પ્રકરણમાં પુરાણ, તંત્ર અને મૂર્તિ સંબંધી પ્રો. મણિલાલ જે કહે છે તે માટે કહેવાનું કહેવું જોઈએ. પુરાણોને માટે તો એમના મતના સમર્થનમાં નીચે પ્રમાણે મુદ્દાઓ ઉઠાવી શકાય :–

(1) પુરાણોના લખનાર ગમે તે હોય, તેમને વેદ, ઉપનિષદ્ વગેરેની સારી માહિતી હોવાનો સંભવ માની શકાય કે નહીં ?

(2) પુરાણોની અંદર તેવી માહિતીનાં ચિહ્નો દેખાય છે કે નહીં ?

(3) જો એવી માહિતી લખનારાઓને હતી એમ માની શકાય, તો માત્ર પ્રાચીન રહસ્યને સ્થૂલ રૂપ આપવાને માટે જ પુરાણો લખાયેલાં હોવાનો

સંભવ માની શકાય કે નહીં ?

(4) પુરાણોની અંદર તેવા પ્રાચીન રહસ્યના ભાગને પ્રાધાન્ય આપેલું દેખાય છે કે નહીં ?

અને બેશક એમ કબૂલ કરવું જોઈએ, કે પુરાણોની ખરી કદર કરવાને માટે પ્રો. મણિલાલની પદ્ધતિ પરમ સ્તુતિપાત્ર છે. મને તો અત્યાર સુધીની તેમની બધી વાર્તાના કરતાં પુરાણો સમજવાની તેમણે બતાવેલી પદ્ધતિ વધારે રુચે છે. વળી પ્રો. મણિલાલની પદ્ધતિ યોગ્ય છે, એટલું જ નહીં, પણ તેઓ એમ સુધ્ધાં સિદ્ધ કરી શક્યા છે, કે ઘણા પુરાણોના લેખકોને વેદ, ઉપનિષદ્, વગેરેની હકીકતો વિદિત હોવી જોઈએ. અને તેમનો પ્રયત્ન લોકોને વહેમી કરવાનો નહીં પણ સ્થૂલ રૂપમાં બને તો સ્થૂલ રૂપમાં પણ ધાર્મિક ઉપદેશ આપવાનો હોવો જોઈએ.

છતાં એ સ્પષ્ટ છે, કે આટલાથી જ ઇતિહાસકનું કર્તવ્ય પૂરું થતું નથી. અનેક દેવદેવીઓની કલ્પના હિંદી આર્યોમાં કયારે અને કેવી રીતે દાખલ થઈ, તે પહેલાંથી જ હતી કે કેમ, વેદ અને ઉપનિષદના સંબંધના જેવો વેદ અને પુરાણોનો સંબંધ છે કે કેમ એટલે કે દર્શનોના વખતમાં પણ સામાન્ય જનસમૂહમાં અનેક દેવદેવીઓ પર શ્રદ્ધા હતી કે કેમ, કયાં કયાં પુરાણ ક્યારે ક્યારે લખાયાં, અને કોણે કોણે લખ્યાં, વગેરે પ્રશ્નો સંબંધી પ્રો. મણિલાલના વિવેચનથી કશો ખુલાસો મળતો નથી. ઉપરાંત, તેમનું વિવેચન એવા પ્રકારનું છે, કે આવા પ્રશ્નો થઈ શકે, એમ પણ તેમને માલૂમ પડેલું દેખાતું નથી.

વળી, પુરાણોનો ઉદ્દેશ સારો ઠરે, તોપણ તેમણે સારી અસર કરી છે, કે તેમાં સ્થૂલ રૂપે શીખવેલો કે ગર્ભિત રીતે સૂચવેલો ધર્મ યોગ્ય છે, એમ સિદ્ધ થતું નથી, અને આ પ્રકારની વાત પ્રો. મણિલાલ હમેશાં ભૂલી જાય છે. તેઓ પોતાને રુચતી વાતોમાં કંઈ અસાધારણ રીતે ક્ષમાશીલ થઈ જાય છે; અને ન રુચતી વાતોમાં જરા પણ અપૂર્ણતા દેખે તો રજનું ગજ કરે છે. અનેક દેવદેવીઓનાં નામસ્મરણ માત્રથી પુણ્ય થાય છે, પુણ્યથી પાપ ઠેલાય છે, રામરામની ચિઠ્ઠીઓ લોટમાં ભેળવી તેમની ગોળીઓ કરી માછલાંને ખવરાવવાથી હજારો પ્રાણીઓનો ઉદ્ધાર થાય છે, પવિત્ર સ્થળમાં સ્નાન કરવાથી સ્વર્ગ મળે છે, ઇત્યાદિ અનેક વહેમો અને અધાર્મિક વિચારોનો પુરાણોમાંથી જ ઉદ્‌ભવ થયો છે. અને પુરાણોના લેખકો ગમે તેવા વિદ્વાન હોય, અને પ્રાચીન ધર્મ તેમને ગમે તેટલો વિદિત હોય, તોપણ તેમણે દેશના ધર્મની અવદશા કરી છે,

એટલું તો કહ્યા વગર ચાલે તેમ નથી.

જે વેદ, ઉપનિષદ્ વગેરેનાં રહસ્યો પુરાણોમાં છે, એમ પ્રો. મણિલાલ જણાવે છે, અને જે કેટલેક અંશે આપણને ખરું લાગે છે, તે રહસ્યો જ કેટલી કિંમતનાં છે, એ જુદો પ્રશ્ન છે. બેશક એમ કબૂલ કરવું જોઈએ, કે કોઈ કોઈ વાર એ રહસ્ય અમૂલ્ય હોય છે, પણ જો એ જ રહસ્યો બીજે સ્થળે હોય, તો ખલીફ ઉમરની માફક આપણાથી પણ તેની પુનરુક્તિ કરનારાં પુસ્તકોને નિરુપયોગી ગણ્યાં વગર રહી શકાય નહીં, અને જો તેમાં કાંઈ ખરાબ મિશ્રણ હોય, અને ખરાબ મિશ્રણ છે, એમ પ્રો. મણિલાલ જાતે કબૂલ કરે છે–તો તેને હાનિકારક ગણ્યા વગર પણ રહી શકાય નહીં.

મૂર્તિપૂજાને માટે પણ એ જ પ્રમાણે કહી શકાય. મૂર્તિપૂજા પ્રતીકરૂપ છે એમ કહેવાથી કંઈ મૂર્તિપૂજા સારી થઈ જતી નથી, પ્રશ્ન એ છે, કે લોકો મૂર્તિને સંજ્ઞારૂપ માને છે, કે દેવરૂપ માને છે ? મને તો ખાતરી છે, કે જે હજારો માણસો ડાકોરજીમાં શ્રી રણછોડરાયજીના દરબારની ઝાંખી કરવા જાય છે, તેમાંના થોડા જ એ અલંકૃત મૂર્તિને દેવની સંજ્ઞારૂપ સમજે છે. ઘણાખરા તો એને સાક્ષાત્ ઈશ્વરરૂપ સમજે છે.

પણ કાન્તે, પ્રો. મણિલાલ ‘‘વેદાદિમાં મૂર્તિપૂજા છે ?’’ એ પ્રશ્નના ઉત્ત-રમાં શું કહે છે, તે તમે જાણો છો ? ‘‘હો વા ન હો તેથી આપણને હાનિ નથી, મૂર્તિપૂજા ખરી છે, હોવી જ જોઈએ તેવી છે, વાસ્તવિક છે, સાર્થ છે, એટલું સમજાયા પછી તે પ્રાચીન કાલમાં છે કે નથી એ શંકા નિસ્સાર છે.’’ તમને એમ નથી લાગતું, કે આપણી પ્રાચીન વિદ્યાને અજવાળામાં લાવવાના પ્રયત્નની ભવિષ્યમાં તેમને જે મોટી કીર્તિ મળવાની છે, તેને આવા વિચારોથી કલંક લાગશે ? તમને એમ નથી લાગતું, કે ભવિષ્યના વાંચનારાઓને આવું આવું વાંચીને હસવું જ આવશે ? ‘‘મહેરબાન,’’ (પ્રો. મણિલાલને કોઈ જઈને પૂછે તો કેવું સારું !) ‘‘જો મૂર્તિપૂજા હોવી જ જોઈએ તેવી છે, તો તે પ્રાચીન કાલમાં છે કે નહીં, એ શંકા નિસ્સાર શા માટે ? શું એ શંકાથી ખરી કસોટી ન થાય, કારણ કે જો મૂર્તિપૂજા હોવી જ જોઈએ, તો તે પ્રાચીન કાલમાં પણ હોવી જ જોઈએ ?’’ પણ પ્રો. મણિલાલની મોટી ભૂલ છે. તેમના શબ્દો નીચે પ્રમાણે બદલી નાંખવા જોઈએ : – ‘‘હો વા ન હો તેથી આપણને હાનિ નથી, મૂર્તિપૂજા ખોટી છે, હોવી ન જ જોઈએ તેવી છે, અવાસ્તવ છે, નિરર્થક છે, એટલું સમજાયા પછી તે પ્રાચીન કાલમાં છે કે નહીં એ શંકા નિસ્સાર છે.’’

સુધારાવાળા એ પ્રમાણે પ્રાચીનનો અનાદર કરી શકે, કારણ કે તેમને દરકાર પ્રાચીનની નહીં પણ સત્યની છે; પ્રો. મણિલાલ એ પ્રમાણે કરી ન શકે, કારણ કે તેમના મત પ્રમાણે જે પ્રાચીન નથી, તે ઘણું કરીને સારું પણ નથી.

પણ કાન્તે, પ્રો. મણિલાલના એવા ઘણા વિચારોને હું જાણીબૂજીને જવા દઉં છું. એકંદરે એમના પ્રયત્નમાં મને ઇષ્ટાપત્તિ હોવાથી તેમનાં સ્ખલનોને તમારી આગળ પ્રસિદ્ધ કરતાં મને આનાકાની થાય છે. છતાં નમૂના તરીકે આ તપાસો :–

''વેદનાં સૂકતો ને તેમાંના દેવો તે બધા મૂર્તિરૂપ જ છે, કેમકે પારમાર્થિક સત્ નથી.''

શું આમ લખવું ભયંકર નથી ? વેદને એક વખત અનાદિ ઈશ્વરરૂપ કહેવા, અને બીજી વખત તેમને મૂર્તિરૂપ અસત્–ઠરાવવા એ શું ભયંકર નથી ? શું વેદના ઋષિઓ બળાવાને બદલે કબરમાં દટાયા હોય, તો આવું સાંભળી હાથમાં આયુધો લઈને ઊભા ન થાય ? વળી, ''ગમે તે રીતે વિચારતાં પણ મૂર્તિરૂપી પ્રતીકપૂજા બહુ સૂક્ષ્મબુદ્ધિકૃત પરમ રહસ્ય છે; ને વાસ્તવિક છે. ગમે તેટલા દેવ હોય, મૂર્તિ હોય, તેથી બ્રહ્મરૂપ પરમોપાસનામાં નિતાન્તગ્રસ્ત આર્યત્વને હાનિ નથી, ઊલટી કીર્તિ છે.'' સખી કાન્તે, પ્રતીકની પૂજામાં સૂક્ષ્મબુદ્ધિકૃત રહસ્ય શું, તે તમે સમજો છો ? અને એથી કરીને નિતાન્ત પરમોપાસનામાં ગ્રસ્ત થયેલા આર્યત્વને હાનિ થવાને બદલે કીર્તિ કેમ મળે છે, તે સમજો છો ? મને તો ઊલટું લાગે છે. મને તો લાગે છે, કે સ્થૂલ પ્રતીકની અપેક્ષા એ પ્રત્યક્ષ અધોગતિનું ચિહ્ન છે; અને મૂર્તિપૂજાથી દેશને કીર્તિ નહીં પણ અપકીર્તિ જ મળે છે, અને મળવી જોઈએ.

પણ હું તમને આપણા બંનેના ગુરુ માટે વધારે કઠોર શબ્દો સંભળાવવાને ખુશી નથી. પ્રો. મણિલાલ એક ખરી વાત કહે, ત્યારે તેમને સો ખોટી વાત કહેવાનો હક છે. એટલે કે એમ તેઓ કરે, તોપણ મારા કે તમારાથી તેમનો ઉપકાર ભુલાય તેમ નથી. અહા કાન્તે, આ વૃત્તિ જો તમને મારા પોતાના સંબંધમાં વધારે હોત, તો કેટલું સારું થાત ? પણ. ईश्वरेच्छा बलीयसी ।

તમારો શુભચિંતક,

**કાન્ત**

□

# પત્ર-13

**સુજ્ઞ કાન્તે,**

અદાલતોની અંદર સાક્ષીઓ પકડાઈ જાય છે, તે કંઈ ઇચ્છાથી નહીં પણ અનિચ્છાથી. ગમે તેવો સાવધાન બોલનાર હોય, તેનાથી પણ સામા પ્રશ્ન કરનાર સાથે વાતચીત કરતાં ઘણી વાર ન જણાવવાની બાબતો જણાવી દેવાય છે. લેખકોની પણ એ જ સ્થિતિ થાય છે; તેઓ પોતાના વિચાર હમેશાં છુપાવી શકતા નથી. આઠમા પ્રકરણની શરૂઆતમાં પ્રો. મણિલાલ સ્પષ્ટ કહે છે :

‘‘મૂલધર્મરહસ્યની પ્રથમાવૃત્તિ ઉપનિષદ્ છે, દ્વિતીયાવૃત્તિ વેદ છે.’’

તમે જોશો (અથવા ધારો તો જોઈ શકો), કે તે મૂલની અને ઇતિહાસની વાતો કરે છે; અને તે છતાં વેદને ઉપનિષદની પાછળ મૂકે છે. તે જાણે છે, કે વેદને કોઈક રીતે ઈશ્વરપ્રણીત કહ્યા વગર છૂટકો નથી; અને તે છતાં સમજે છે, કે પોતાનો હેતુ સફલ કરવાને ઉપનિષદોને તેના કરતાં ઊંચી પદવી આપ્યા વગર પણ છૂટકો નથી.

શ્રી સંપ્રદાય સંબંધી પ્રો. મણિલાલે જે થોડું કહ્યું છે, તે ધ્યાનથી વાંચજો. મારાથી હજી શ્રીભાષ્ય વાંચી શકાયું નથી. પણ મને ઘણા વખતથી લાગી ગયું છે, કે રામાનુજાચાર્યના કેટલાએક સિદ્ધાંતો કેવલાદ્વૈત કરતાં વધારે ન્યાયપુરસ્સર છે.

એમના અને મધ્વાચાર્યના સંપ્રદાયની હાલ શી સ્થિતિ છે, તે હું જાણતો નથી. પણ વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગની અધોગતિ તો હાલ સર્વને વિદિત છે.

પ્રો. મણિલાલ ટૂંકામાં એટલું જ કહે છે, કે "ગાદીપતિ આચાર્યોને કૃષ્ણ રૂપે ભજી ભાવકાઓએ અનાચાર વધારી નાંખ્યા છે." પણ એ સંપ્રદાયનાં બધાં પાપો અને રહસ્યો જાણવાને માટે તો તમારે મુંબઈના કોઈ શેઠિયાએ ઘણાં વર્ષ પર પ્રગટ કરેલો 'પુષ્ટિમાર્ગ સંપ્રદાય'નો ગ્રંથ વાંચવો જોઈએ.

પાશુપત અને ઇતર શૈવ માર્ગો ઘણા વિચારવા જેવા છે, એમ મને પ્રો. મણિલાલ જે થોડુંએક લખે છે તે પરથી દેખાય છે. એ સંબંધમાં તમે કાંઈ વધારે માહિતી મેળવી શકો, તો મને લખી મોકલશો.

બીજા જે જે પંથો અને પંથપ્રવર્તકો પ્રો. મણિલાલ ગણાવે છે, તે બધામાં કંઈ કંઈ ગંભીર ધર્મસત્ય સમાયેલું છે, એમ હું સમજું છું. રામાનંદ, અને તેના અનુયાયી સૂરદાસ, તુલસીદાસ, વગેરે; કબીર, અને તેના અનુયાયી કમાલ, હંસકબીર, દાસકબીર, વગેરે; દાદુ અને તેના અનુયાયી નિશ્ચલદાસ, સુંદર-દાસ, વગેરે; અને મીરાં તથા ચૈતન્ય વગેરે સર્વના ઉપદેશમાં ઘણું ઘણું જાણવાનું છે. પ્રો. મણિલાલે એ લોકો સંબંધી વિસ્તારથી લખ્યું હોત, તો સિદ્ધાંતસારનું ગૌરવ ઘણું વધારે થાત, એમ મારું માનવું છે. સહજાનંદ સ્વામીના ગ્રંથો પણ એક વખત વાંચી જવાની જરૂર છે; જોકે સ્વામીનારાયણના અને બીજા બધા પંથોની હાલ ઘણે અંશે અવદશા જ છે, એ પ્રત્યક્ષ કરવામાં મુશ્કેલી નથી.

છેવટે પ્રો. મણિલાલ લખે છે, કે "અદ્વૈતદર્શનને જ અન્યદેશીય લોક પણ રૂપાંતરે સ્વીકારે છે, તેથી તે સર્વમાન્ય મનુષ્યધર્મ છે;" અને ઉમેરે છે કે "આ વાત ધીમે ધીમે સિદ્ધ થતી જશે." મને લાગે છે કે જો અન્યદેશીય લોક પણ અદ્વૈતદર્શનને સ્વીકારવા જેટલી ઊંચી પદવીએ ચડ્યા હોય, તો પ્રો. મણિલાલ એમને બીજા પ્રસંગોમાં જે પ્રહારો કરે છે તે ન કરવા જોઈએ. "તમે નાસ્તિક છો," એમ કહેવું; અને "તમે અમારા મતને જ રૂપાંતર માનો છો," એમ પણ સાથે કહેવું, એ ન્યાય નથી.

નવમા પ્રકરણની શરૂઆતમાં પ્રો. મણિલાલ લખે છે, કે બ્રહ્મને સાકાર કે નિરાકાર કંઈ પણ કેમ કહી શકાય ? પણ ન્યાયશાસ્ત્રનો મધ્યમાભાવ-નો નિયમ જો ખરો હોય, તો આપણે સુખેથી કહી શકીએ, કે બ્રહ્મ કાં તો આકારસહિત અથવા આકારરહિત–પણ બેમાંથી એક તો હોવું જ જોઈએ. જો પ્રો. મણિલાલ એમ માનતા હોય, કે બ્રહ્મને નિરાકાર કહેવાથી પરિચ્છેદ થાય છે, તો તે બરાબર નથી. કારણ કે બ્રહ્મને નિરાકાર કહેનારાઓનો આશય એ જ છે, કે તે પરિચ્છેદરહિત અનાદ્યનંત છે.

આગળ જતાં પ્રો. મણિલાલ કહે છે, કે ''સત્ થી જ સત્ થાય, અસત્ થી સત્ કે સત્ થી અસત્ થાય નહીં, ત્યારે પરમ ચૈતન્યરૂપ ઈશ્વરમાંથી કેવળ વિલક્ષણ અચિત્ અને કંઈક વિસદશ ચિત્ એ બે કેમ થઈ શકે ? માટે ઐક્ય સ્વીકારવું એ જ પરમ રહસ્ય છે.'' આ સંબંધમાં હું આગળ લખી ગયેલો જ છું; અને મેં કબૂલ પણ કરેલું છે, કે જીવ અને ઈશ્વર વચ્ચે અમુક અભેદ માન્યા વગર તો છૂટકો જ નથી. બધી શંકા ઉપાધિની પ્રતીતિથી થાય છે; અને પ્રો. મણિલાલ વિશુદ્ધાદ્વૈતના પૂર્વપક્ષનું જે સમાધાન આપે છે, તેથી શંકા કરનારને સમાધાન થતું નથી.

પ્રો. મણિલાલ જ્યારે જડ ભક્તિને ઉદ્દેશીને બોલે છે, ત્યારે તે ભક્તિ માત્રને જડ કહે છે એવું નહીં સમજતાં; પણ જે ભક્તિ જડ છે તેને માટે જ બોલે છે એવું સમજજો. પણ જે ભક્તિમાર્ગનું ગીતામાં પણ માહાત્મ્ય બતાવેલું છે, તે પર તો તેમનો આક્ષેપ હોય જ નહીં; અને લાગે ત્યાં પણ લેખિનીદોષ સમજી લેવો. ખરે, આગળ જતાં તેઓ સ્પષ્ટ કહે છે કે ''જાણવું તે ભજવું, અને ભજવું તે જાણવું એ જ રહસ્ય છે. x x x ભક્તિ જ્ઞાન ઉભય એક જ હોવાં જોઈએ ને છે.'' અને કાન્તે, જ્યારે તેઓ કહે છે, કે ''નિષ્કામતા એ જ સંન્યાસનું ને જ્ઞાનનું તેમ જ પરાભક્તિનું રહસ્ય છે, ને એમ ઉભય એક જ છે.'' તથા ''ભક્તિ અને જ્ઞાનની એકતા કરી લઈ ધર્મદ્વેષ ઘટાડવો,'' ત્યારે તો મને એમ લાગ્યા વગર નથી જ રહેતું કે ''કોઈ કોઈને દ્વેષ નથી'' એવા ઉત્કૃષ્ટ સિદ્ધાંતના સ્વીકાર પછી દોષના દ્વેષને માટે પણ ક્યાં અવકાશ રહ્યો ?

પણ બેશક પ્રો. મણિલાલ એ પ્રમાણે દ્વેષરહિત નથી. મારા આવતા પત્રમાં હું તમને બતાવી આપીશ, કે પાશ્ચાત્ય તત્વદષ્ટિના અથવા ''સુધારો-સમાજ'' એ નામના પ્રકરણમાં તેમણે જે લખ્યું છે, તેમાં ઘણે અંશે તેઓ ક્ષમા અને નિષ્પક્ષપાતવૃત્તિ બતાવી શક્યા નથી.

વિ. તમારો શુભચિંતક

**કાન્ત**

□

# પત્ર-14

**સુજ્ઞ કાન્તે,**

તમે મને તમારા સિદ્ધાંતસારના અધ્યયનમાં મદદ આપવાની પ્રથમ આજ્ઞા કરી, ત્યારે મને જે આશાઓ હતી તે દિન-પ્રતિદિન શિથિલ થતી ગઈ છે. હું તમને ધર્મ સંબંધી ઘણું કહેવાનું કહી શક્યો નથી, કારણ કે જે ઉત્તેજનની મને લગભગ ખાતરી હતી, તે તમારા તરફથી મળ્યું નથી; તમારી જાતિના સ્વભાવ પ્રમાણે તમે ઉતાવળે વિચારો બાંધી દીધા છે, અને અસ્પ-ષ્ટ વાત નહીં સ્વીકારવાનો આગ્રહ છોડી દીધો છે. પણ રૂબરૂ મળ્યા વગર આ બધા આરોપો હું તમારી પાસે બિલકુલ કબૂલ કરાવી શકું તેમ નથી. દરમિયાન સિદ્ધાંતસારનાં બાકીનાં પ્રકરણોને માટે હું ઘટે તેટલા તો નહીં પણ થોડાઘણા માત્ર માર્ગદર્શક વિચારો લખી મોકલવાનો છું, અને તે વિશેષે કરીને એટલા માટે, કે વધારે લખવાથી તમને કે મને કંઈક લાભ થાય, એવો થોડો જ સંભવ દેખાય છે.

સુધારાનો સંગ્રામ શરૂ થયો ત્યારે અત્રત્ય સંપ્રદાયો અને પંથોની અવદશા હતી, એમ પ્રો. મણિલાલ જાતે કબૂલ કરે છે. એ બધી અવદશા અને તેને વધારનાર ''ગુરુઓની સ્વાર્થી અનીતિ''ને દૂર કે નષ્ટ કરવાનો સુ-ધારાવાળાઓએ જેટલે અંશે યત્ન કીધો છે, તેટલે અંશે તેમણે દેશની સેવા જ બજાવી છે, એ સ્પષ્ટ છે. કરસનદાસ મૂળજીનું નામ તો અધર્મના પ્રકાશનને માટે ચિરંજીવ રહેવાનું છે.

પણ પ્રો. મણિલાલના સમજવા પ્રમાણે સુધારાવાળાઓ એટલું જ કરીને

અટક્યા નથી. તેમણે જે ઉચ્છેદ કીધો છે, તેમાં ઇષ્ટનો પણ ઉચ્છેદ થયો છે; અને તેમણે જે સંસ્થાપન કીધું છે, તેમાં અનિષ્ટનું પણ સંસ્થાપન થયું છે. આમ શી રીતે થયું, તે બતાવવાને પ્રો. મણિલાલ ઇંગ્રેજી કેળવણીના, ઇંગ્રેજોના, અને યૂરપના ઇતિહાસમાં ઊતરે છે.

ક્રિશ્ચિયન ધર્મ માટે બોલતાં તેઓ કહે છે, કે એ ધર્મ પ્રમાણે "ધર્મ, કર્મ, આદિ માનનારા અનંત નરકના નિરંતર અધિકારી છે." આ ઉપરથી તમારે એમની સત્યપ્રીતિની કસોટી કરી લેવી. હું બેધડક કહી શકું છું, કે ક્રિશ્ચિયન ધર્મ તો શું પણ દુનિયાના કોઈ પણ ધર્મે ધર્મ, કર્મ, વગેરેની એવી અવગણના કરી નથી. પણ આવાં સ્થાનો સિદ્ધાંતસારમાં વિરલ નથી.

આગળ ઉપર શિક્ષણ સંબંધી બોલતાં તેઓ લખે છે, કે "જડ પરમાણુના યોગથી જ સર્વ વ્યવહારનો સંભવ સ્વીકારતો જડવાદ ઉદભવ્યો, એટલે આત્મા, ચૈતન્ય, જીવ, ઇત્યાદિ વાત ખોટી જ ઠરી; મોક્ષ, પુનર્જન્મ, ભક્તિ, મૂર્તિપૂજાદિ સંગતિ વ્યર્થ થઈ; સુખદુઃખનો સંભવ પણ એક આકસ્મિક અકારણ યથાકાલ થવાનો રહ્યો; – એટલે ધર્મ, કર્મ, આચાર, વિચાર, નાત, જાત, બધું વહેમરૂપ જ હોવું જોઈએ, સ્વાર્થી ધર્મગુરુઓએ ઉઠાવેલું હોવું જોઈએ; અને જે તે રીતે. આ દુનિયામાં ખાઈપીને આનંદમાં જિવાય, એ જ પરમ પુરુષાર્થ–મોક્ષ–ગણાવો જોઈએ, – અર્થાત્ સ્વચ્છંદાચાર (પુનર્લગ્ન, જ્ઞાતિભેદનું નિકંદન, ધર્મનું સત્યાનાશ, ઇત્યાદિ) પ્રવર્ત્યો. આટલું ટૂંકામાં જે વર્ણન કર્યું, તેટલામાં જ 'સુધારાનો' સમાવેશ થઈ શકે છે."

હું ખાતરીથી કહું છું, કે આ વાક્યોની કોઈ પણ માણસ જે તુલના કરે, તે પરથી તેની પોતાની તુલના થવી જોઈએ. એમાં એટલું બધું અસત્ય છે, કે કોઈ મૂર્ખને પણ થોડુંએક દેખાયા વગર રહે નહીં. ઉદાહરણ તરીકે, કોઈ મૂર્ખને પણ લાગ્યા વગર ન રહે, કે આત્મા, ચૈતન્ય, જીવ વગેરેને ખોટી ઠરાવનાર કેળવણી હાલ કૉલેજોમાં અપાતી નથી, અને કોઈ પણ વખત અપાતી નહોતી. પણ મૂર્તિપૂજાની સાથે ભક્તિ પણ વ્યર્થ થઈ એમ કહેવામાં, નાત, જાતની સાથે ધર્મ કર્મ અને વિચારને પણ વહેમરૂપ ઠરેલા પદાર્થોની અંદર ગણી લેવામાં, અને સુધારાના ધર્મનો ચાર્વાકમત સાથે અભેદ કરવામાં તેમણે જે સહોક્તિ અલંકાર વાપરીને અદભુત કોટિ કરેલી છે, તે તો તમારા સરખી સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજાઈ શકે. પ્રિય કાન્તે, આવું આવું વાંચ્યા પછી પ્રો. મણિલાલ પાસેથી અમુક જ્ઞાન મેળવવાની આશા રહે, પણ તેમના પર

વિશ્વાસ તો શી રીતે ટકી શકે ? તમારે કબૂલ જ કરવું જોઈએ, કે તેમણે સુધારાનો ઇતિહાસ આપ્યો નથી, પણ સુધારાને ગાળો જ આપી છે.

કારણ કે જે પ્રમાણે વેદાંત સમજવાને દાંભિક વેદાંતીઓના આચરણ પર નહીં પણ શુદ્ધ વેદાંતના વિચારો તરફ જ દૃષ્ટિ કરવાની પ્રો. મણિલાલની પદ્ધતિ છે, તે પ્રમાણે સુધારો સમજવાને પણ તેમણે પોતાને સુધારાવાળા કહે-વરાવનાર પર જ નહીં પણ શુદ્ધ સુધારાના વિચારો પર દૃષ્ટિ કરવી જોઈતી હતી. બેશક જે પ્રવૃત્તિને આપણે સુધારાનું નામ આપીએ છીએ તે કાંઈ એક-સરખા વિચારોની પ્રવૃત્તિ ન હતી. બેશક સુધારાને નામે ઘણું એવું બોલાયું, લખાયું, અને કરાયું છે, કે થોડા જ સુધારાવાળાઓ તે સર્વનું સમર્થન કરવાની દરકાર કરે. પણ જેને હું શુદ્ધ સુધારાના વિચારો કહું છું, તે શુદ્ધ પાશ્ચાત્ય તત્વદૃષ્ટિથી પ્રાપ્ત થયેલા વિચારો છે; અને તે શા છે, તે સંબંધી તમારે વધારે જાણવાની જરૂર છે.

નવલરામભાઈ એ સંબંધમાં પોતાના સુધારાના સંક્ષિપ્ત ઇતિહાસમાં અને કવિ નર્મદાશંકરના જીવનચરિતમાં જે કહે છે, તે ધ્યાનથી વાંચજો. એ સ્થિર અને પ્રૌઢ વિદ્વાનને નર્મદાશંકર પોતાના સ્નેહી હોવા છતાં તેના પાછલા પ્રયત્નનું ખંડન કરવાની આવશ્યકતા લાગી હતી; અને એ કાર્ય કરતાં તે કેટલીએક એવી હકીકતો જણાવે છે, કે જે જાણ્યા વગર ઘણી બાબતો સમજવી મુશ્કેલ પડે. ઉદાહરણ તરીકે, ''ગુજરાતીઓની સ્થિતિ''માં ત્રીશ વર્ષની અંદર અમુક સુધારા થશે, એમ લખતી વખતે તે ''તડાકા'' જ છે એમ કવિને ખબર હતી; અને ઇતિહાસનું તત્ત્વગ્રહણ કરતાં ન આવડ્યું તેથી જ તેમણે રણમાં પાછાં પગલાં કીધાં, એ તમને નવલરામભાઈ સમજાવશે. ઉપરાંત, રા. ત્રિપાઠીના જીવનચરિતમાંથી તમને એમ પણ માલૂમ પડશે, કે આગ્રહ અને પ્રામાણિકતા ઓછાં થતાં ''ધૂળેટીને દહાડે ઘેરમાં એકઠા થઈ ફરનાર ભાંડ બોલવાનો પક્ષ કરનાર નવા બી. એ. સુધીના માસ્તરો નીકળ્યા છે;'' અને તેની તથા પ્રાચીન પક્ષની વચ્ચે બહુ તફાવત નથી. બીજી તરફ, દારૂડિયા સુધારા તરફ પણ આક્ષેપ કરવા નવલરામ ચૂકતા નથી.

એકંદરે તમને પ્રતીતિ થશે, કે સુધારો પડી ભાંગ્યો નથી; કારણ કે પા-શ્ચાત્ય શિક્ષણ એ જ સુધારાનું બીજ છે. ખરી રીતે જોતાં તો ઉત્તરોત્તર તેની વૃદ્ધિ થાય છે, એમ જ દેખાવું જોઈએ.

પણ પ્રો. મણિલાલને કોણ જાણે શાથી ઊંધું જ દેખાય છે. કોણ જાણે

શાથી તેમને સુધારાવાળા ઈશ્વરને માને તે પણ વિચિત્ર લાગે છે. પણ કદાચ એમાં વિસ્મય પામવા જેવું નથી. તેમને એવી એવી બાબતો વિચિત્ર લાગે છે, કે જે દુનિયામાં કોઈકને જ લાગે. ઉદાહરણ તરીકે,

''જે આત્મા એવી વસ્તુ સ્વીકારે છે, તે પુનર્જન્માદિને પણ સ્વીકારતો હોવો જ જોઈએ, ને તેમ હોય તો જેને આર્ય વિચારો વહેમરૂપ લાગે છે તે તેવા ન લાગવા જોઈએ.''

પણ એ સ્પષ્ટ છે કે ક્રિશ્ચિયનો આત્માને સ્વીકારે છે, અને છતાં પુનર્જન્મને નથી સ્વીકારતા; અને પુનર્જન્માદિ સ્વીકારનારને પણ આર્ય વિચારોમાં કંઈ પણ વહેમ જેવું ન જ લાગે, એવો નિયમ થઈ શકે નહીં.

પણ બેશક સુધારાવાળાના શિષ્ટ ભાગના હાલ શા સિદ્ધાંતો છે, તે સવિસ્તર તમને જણાવવાનો હાલ મને અવકાશ નથી; તેમ સુધારાનો કોઈ ખાસ એક જ સમાજ ન હોવાથી તેમ કરવામાં મુશ્કેલી પણ છે.

સ્વામી દયાનંદ સંબંધી પ્રો. મણિલાલ જે લખે છે તે તેમની હમેશાંની પદ્ધતિ પ્રમાણે છે, અર્થાત્ અપૂર્ણ અને અનૃજુ છે, એમ સમજજો. સ્વામીએ સુધારાનું ખંડન કર્યું એમ કહેવા છતાં જે સિદ્ધાંતો તેઓ આપે છે તેમાંના ઘણાખરા સુધારાવાળાઓને માન્ય છે. ખરી હકીકત એ જ છે, કે સ્વામી દયાનંદ સુધારાના નહીં પણ મુખ્ય અંશે વહેમના દુશ્મન હતા; અને તેમને જૂનું તેટલું બધું સારું મનાવવાનો નહીં પણ જેટલું જૂનું તેમને ખોટું લાગ્યું તેના ઉચ્છેદનો જ બહુધા પ્રયત્ન કીધો છે. પ્રો. મણિલાલને જો એમને ઈશ્વર જેવા ગણવાનું મન થતું હોય તો એ વિચિત્ર છે, કારણ કે સ્વામીનો કોઈ પણ અનુયાયી તેમના વેદાંતમતને અનુસરતો નથી.

સ્વામી દયાનંદ પછી પ્રો. મણિલાલ મૅડમ બ્લેવેટ્સ્કી સંબંધી બોલે છે, અને એવું બોલે છે, કે તમને એ અપ્રતિમ વિદુષીના ગ્રંથો વાંચવાની ઇચ્છા થયા વગર રહે જ નહીં. પણ એ ડહાપણના ભંડાર મેં જોયા નથી. અને તેમાંનાં રત્નો સંબંધી પોતાના અનુભવથી હું કશું કહી કશું તેમ નથી. સાંભળેલું બહુ છે, પણ તે જણાવવાથી શું ફળ ?

છેવટે માત્ર તમે માગો છો તે ખરા સુધારાવાળાની વ્યાખ્યા આપવાની રહી. એ શી રીતે આપવી, તેની મને ચિંતા થાય છે. વિશેષે કરીને એટલા માટે, કે કદાચ સાધારણ પત્રમાં પણ નૈયાયિક સૂક્ષ્મતાની તમે અપેક્ષા રાખો. મારે એ જ જવાબ આપવાનો છે, કે સુધારાવાળાની શાસ્ત્રીય વ્યાખ્યા આપવાને

હું તત્પર નથી. સામાન્ય વર્ણનની પદ્ધતિએ માત્ર એટલું કહી શકાય, કે સુધારાવાળા તે અર્વાચીન હિંદુસ્તાનના એવા માણસો છે, કે જેઓ (अ) કોઈ પણ પ્રકારના માત્ર उवाच(ipse dixit)ને સત્ય માનતા કે માની શકતા નથી; તથા જેઓ (ब) પોતાના વિચારોનો આગ્રહ ક્રિયાના વિષયમાં પણ અક્ષત રાખે છે, અને હાનિકારક ક્રિયાઓથી દૂર રહેવાનો તથા લાભકારક ક્રિયાઓને દાખલ કરવાનો યત્ન કરે છે. આ આંતર વિચાર અને બાહ્ય આચરણની પ્રામાણિકતાને લીધે તેઓ રામ, કે કૃષ્ણ, કે સહજાનંદ સ્વામી, કે નૃસિંહ મહારાજને પરમેશ્વર માની શકતા નથી; સંપ્રદાયોનાં ભોપાળાં પ્રગટ કરવાની પોતાની ફરજ સમજે છે; દેશની ઉન્નતિને માટે નવું શીખવું પડે તે વખતે પોતાનામાંથી બધું શોધવાનો મિથ્યાગ્રહ છોડી દે છે; ‘‘તમે બધા ખરાબ અને અમે બધા સારા’’ એમ બોલવામાં લઘુતા સમજે છે; ઇ૦ ઇ૦. તમને એમ નથી લાગતું, કે તમારી જાતિએ તો અમારો જ ઉપકાર માનવો ઘટે છે ? કારણ કે તમારું આટલું બધું માન શ્રુતિ કે સ્મૃતિના સમયમાં પણ ક્યારે હતું ? તમારી, શૂદ્રની, અને ગાય વગરનાં પશુઓની સ્થિતિમાં કેટલો થોડો તફાવત હતો ? હાલ તો એ જ.

વિ. તમારો કૃપાકાંક્ષી
**કાન્ત**

□

# પત્ર-15

**સખિ કાન્તે,**

સિદ્ધાંતસારના સંબંધમાં હું તમને આ છેલ્લી જ વાર લખું છું. અત્યાર સુધીમાં મેં તમને ઘણું લખ્યું છે. એ બધું સ્વસ્થતાથી વિચારી જજો, અને પછી જ ઉપસંહાર વાંચજો. તમને લાગ્યું હશે, કે એ પુસ્તકના અધ્યયનથી જે અપૂર્વ લાભની તમે આશા રાખી હતી તે સફળ થઈ શકે તેમ નથી.

ઉપસંહારની શરૂઆતમાં પ્રો. મણિલાલ કહે છે, કે ''ચૈતન્યવાદ, જડવાદ, એમ ઉભયની ઘટિચક્રન્યાયે પરંપરા ચાલ્યાં જ જાય છે, ને લગભગ સાત સાત શતકે એક એકનું પ્રબલ થાય છે.'' તમને લાગશે, કે ચૈતન્યવાદ અને જડવાદ એ શબ્દો કેવળ અનિશ્ચિત અર્થના છે. વળી પ્રો. મણિલાલનો કાલક્રમ સ્વીકારતાં બુદ્ધ અને મહંમદ ચૈતન્યવાદમાં તથા ક્રાઇસ્ટ જડવાદમાં આવે છે; અને તોપણ એ જ ક્રાઇસ્ટને માટે નીચેના શબ્દો લખાયલા છે : ''પ્રેમમય, પરમ ધર્મરૂપ, આત્માર્પણપરાયણ, પૂજ્ય પવિત્ર ક્રાઇસ્ટનું તમને આખા વિશ્વને નિયમનાર પરમ चैतन्यरूपे દર્શન થશે'' ! જડવાદીને આ વિશેષણો ઘટે કે કેમ તેનો નિર્ણય, સુજ્ઞ કાન્તે, તમને જ સોંપું છું.

પછી બધા ધર્મોમાં અદ્વૈતનો જ સ્વીકાર છે એવો નિર્દેશ પ્રગટ થાય છે. હવે એટલું તો ખરું છે, કે ઇતિહાસની અંદર જુદા જુદા જમાનાઓમાં અને જુદાં જુદાં સ્થળોમાં અદ્વૈતને મળતા કેટલાએક વિચારો જોવામાં આવે છે;

પણ એ બધામાં પુષ્કળ ભેદો છે, અને કોઈ પણ એક મત સર્વમાન્ય નથી. ઉપરાંત, હું ધારું છું, કે એ જો સર્વમાન્ય હોય, તો પછી પ્રો. મણિલાલને કે કોઈને ઉપદેશ આપવાનો રહે જ નહીં.

પણ પ્રો. મણિલાલ એ સિદ્ધ માને છે, એટલું જ નહીં, પણ અમેરિ-કામાં ઘણા જૂના વખતમાં પણ આર્ય ધર્મને મળતો અમુક ધર્મ હતો એવાં પ્રમાણો મળવાથી એવા અનુમાન ઉપર આવે છે, કે ''પુરાણોની કથાઓને જ ખરો ઇતિહાસ ગણો, અને સપ્તખંડ, સપ્તલોક, ઇત્યાદિ ભૂગોળ પણ વાસ્તવિક'' માનો. થોડાંએક પાનાં પહેલાં આપણને એમ કહેવામાં આવ્યું છે, કે ''પુરાણોમાં અનેક દેવાદિ કલ્પના, અવતારાદિ વ્યવસ્થા, ધર્મના ફાંટા, વગેરે નાના પ્રકારની વિરુદ્ધ વિરુદ્ધ, અદભુત, માનવામાં પણ ન આવે તેવી તથા વહેમ ભરેલી, અને કહીં કહીં અયોગ્ય પણ વાતો આવે છે.'' અને એવી પણ સૂચના કરવામાં આવી છે, કે પુરાણોની ''સ્થૂલ અતિશયોક્તિ અને રૂપક''ને ''અક્ષરશઃ સત્ય ન માનતાં'' તેમનું રહસ્ય માત્ર વિચારવું. તે હવે ફરીને પુરાણોને ખરો ઇતિહાસ કેમ ગણવામાં આવે છે તે સમજાતું નથી.

આગળ ચાલતાં કોણ જાણે શી રીતે જડવાદને સુધારાનો પિતા ઠરાવવા-માં આવે છે ! મને લાગે છે, કે જો સુધારા તરફથી બદનક્ષી કરવાની ફરિયાદ થાય, તો પ્રો. મણિલાલને સિદ્ધ કરવું ઘણું આકરું પડે. બીજું તો શું કહું ?

પણ જડવાદ અને સુધારાના સંબંધ વિષે તો ઘણું કરીને પ્રો. મણિલાલે લાગતાવળગતાઓએ ચલાવેલી ખોટી અફવા જ માની લીધી છે. પાછળથી તેઓ જણાવે છે, કે ''ગુરુત્વાકર્ષણના મહા નિયમનું મૃત્યુ થયું છે,'' એ હકીકત પણ તેટલી જ નિરાધાર દેખાય છે. અને આ પ્રમાણે સિદ્ધ વસ્તુઓ અસિદ્ધ થઈ છે એવું જણાવીને આપણને એમ જણાવવામાં આવે છે, કે ''જ્યારે ચૈતન્યવાદ જ સિદ્ધ ઠર્યો, ત્યારે જીવ, પુનર્જન્મ, કર્મ, ધર્મ, સર્વે સ્વતઃ જ પ્રાપ્ત થઈ સત્ય થયું; અને મન્વાદિપ્રોક્ત આચાર જ પાળવો આવશ્યક ઠર્યો.''

પ્રિયે, જરા આ વિચારસંગતિની પરીક્ષા કરો. ચૈતન્યવાદ સિદ્ધ ઠરવાથી અમુક પરિણામ થાય છે એમ કહીને એ જ વાક્યમાં તેને સ્વતઃ પ્રાપ્ત જણાવવામાં આવે છે ! અને એ પરિણામ શું છે ? જીવ, પુનર્જન્મ, કર્મ અને

ધર્મનું સત્ય થવું ! તમે એ વાક્ય સમજો છો ? અને તે પરથી મન્વાદિપ્રોક્ત આચાર જ પાળવાનું શી રીતે આવશ્યક ઠરે છે તે બેસાડી શકો છો ? આ અદભુત નિર્ણય આપીને તરત સિદ્ધાંતસારના વિદ્વાન લેખક આપણને કહે છે કે, ‘‘સુધારો તો એક આકાશપુષ્પ જ થઈ ગયો ! ગંધર્વનગર જ થયો ! અમે દિલગીર છીએ, પણ સત્યને શરમ નથી એટલે લાચાર.’’

ખરે, સુધારો જો આકાશપુષ્પ જ થયો હોય, તો પ્રો. મણિલાલને દિલગીર થવાનું કશું કારણ નથી. અને બેશક સત્યને શરમાવાનું કશું કારણ નથી. પણ કાન્તે, મને તો લાગે છે કે અસત્યને પણ શરમ નથી; અને સુધારો યોગ્ય હોય કે અયોગ્ય, પણ તેને ખપુષ્પવત ગણવો એ તો અસત્ય જ છે.

ભ્રમણ કરતાં કરતાં પ્રો. મણિલાલ નીતિમીમાંસાના પ્રદેશમાં આવી ચડે છે, અને કહે છે, કે ‘‘યથાર્થ વસ્તુગતિરૂપ સિદ્ધ વિશ્વવ્યવસ્થાનુસાર જે વાત હોય તે જ પરમાચાર.’’ પ્રિયે, તમે જો સંસ્કૃત શબ્દોથી ગભરાશો નહીં, તો તમને તરત માલૂમ પડશે, કે કોઈ પણ આચાર यथार्थ वस्तुगतिरूप હોઈ શકે જ નહીં; તથા વિશ્વવ્યવસ્થાનુસાર તો નીતિ અને અનીતિ બંને છે. અને જોકે પ્રો. મણિલાલ કહે છે, કે ‘‘ચૈતન્યવાદ સ્વીકારી પરમ રહસ્ય વિચારો, તો નીતિ, રીતિ, બધું પરમસત્યરૂપ, સર્વમાન્ય, એકરૂપ સમજાશે,’’ તોપણ તમને એ બધાં વાક્યો અર્થરહિત લાગવાનો સંભવ છે. ‘‘D—n your સર્વમાન્ય, એકરૂપ n—e’’ એમ અવિવેકી, અશુદ્ધ, પ્રાકૃત, અને પ્રો. મણિલાલ સરખા પૂજ્ય લેખકના સંબંધમાં કદાપિ ન કરવા યોગ્ય ઉદગાર પણ તમે ભાગ્યે જ દબાવી શકશો. ખરે ! સત્યને પણ શરમ હોવી જોઈએ.

આગળ ફરી આપણા વિદ્વાન લેખક સુધારાને પ્રહાર કરવા ઊપડે છે; અને કહે છે, કે ‘‘હાથમાં માળા ને પેટમાં લાળા’’ એ આજકાલ સુધારો અને નીતિ ગણાય છે. મને તો એ સ્થળે સુધારાનું નામ ન હોત તો જરૂર તેના પ્રતિપક્ષીઓનો બોધ થાત; કારણ કે સુધારાવાળાઓ નહીં પણ કુધારાવાળાઓ જ માળાને એટલું મહત્ત્વ આપે છે.

આ પછી જે એક-બે પાનાં છે, તેની અંદરની ગાળો કોને લાગુ પડે છે તે તમે જાતે સમજી શકશો. મને ખાતરી છે, કે એ પાનાં આખા પુસ્તકને કલંકિત કરે છે. દુરાચાર તરફ તિરસ્કાર દર્શાવાય તે ઉચિત છે; પણ જ્યારે

દુરાચાર તરફ નહીં પણ એ નિમિત્તે ભિન્ન વિચારો અને તેના હિમાયતીઓ તરફ તિરસ્કાર દર્શાવાય, ત્યારે તો એ તિરસ્કાર પણ તિરસ્કારપાત્ર જ થાય છે. પણ સખિ, મને આશા છે, કે બીજી આવૃત્તિમાં પ્રો. મણિલાલ પોતે જ એ પાનાંઓને દૂર કરશે.

કારણ કે છેવટે એઓ પોતે જ ઉપદેશ આપે છે, કે તિરસ્કાર નહીં, પણ ‘‘પ્રેમ પ્રેમ ને પ્રેમ એ જ આચારમાત્રનું રહસ્ય છે.’’ આ પ્રસંગે એ સૂત્રનો લાભ લઈ હું તમારા હૃદય પર આપણા ખાનગી સંબંધ વિષે કશી અસર કરવા ઇચ્છતો નથી; પણ માત્ર તેને અનુસરીને મારા સમગ્ર અવલોકનનો ઉપસંહાર કરું છું.

તો કાન્તે, મારે તમને જણાવવું જોઈએ, કે અનેક વિરોધો, પુષ્કળ એક-પક્ષી સમર્થન, અને બીજા એ પ્રકારના દોષો છતાં એકંદરે હું પ્રો. મણિલાલના પ્રસ્તુત લેખને પરમ આદરણીય ગણું છું. બેશક એમણે સુધારાને ગાળો દીધા વિના અને વાચકવૃન્દને મૂર્ખ ગણ્યા વિના પોતે જે વિચારોને ખરા ગણે છે તેનું વધારે ગંભીર અને ન્યાયપુરસ્સર વિવેચન કીધું હોત, તો ગુજરાત પર તેમનો ઘણો વધારે ઉપકાર થાત. પણ પ્રસ્તાવનામાં એમણે પોતે જ લખેલું છે, કે ‘‘આ લેખ અનેક સ્થળે અપૂર્ણ હશે, દોષવાન્ હશે, પણ એ અપૂર્ણતા કે દોષ જાણીજોઈને કર્યાં નથી. વિષયનાં ગહનતા અને વિસ્તારને લીધે ક્વચિત્ આવી ગયાં હશે. x x x સમવિષમ ભાવ સમજાય તો દોષ મારે માથે લઈ હું અનંત વાર ક્ષમા માગું છું.’’ અને પુસ્તક પરમવિષમ સંસ્થિતિમાં લખાયલું છે. આ બધું ધ્યાનમાં લેનારને જરૂર લેખક તરફ પૂજ્ય બુદ્ધિ જ થવી જોઈએ. અને પુષ્કળ વિદ્વત્તા, સત્યાગ્રહ, અને પરોપકાર છતાં પણ દોષોનું દર્શન થતાં માત્ર અફસોસ થવો જોઈએ. મારી જાતને માટે બોલું, તો હું પ્રો. મણિલાલને આપણા પ્રાચીન ધર્મના આદરણીય અંશ તરફ ધ્યાન ખેંચવાને માટે ગુરુ ગણું છું; અને મારા વર્ગ તરફ તેમના એટલા નિષ્ઠુર અને અયેગ્ય પ્રહાર છતાં એકંદરે તેમના લેખને માન આપું છું.

અને હવે ? હવે મારા ધારવા પ્રમાણે માત્ર સુધારકોએ પોતાના સિદ્ધાંતો-નો સાર આપવો બાકી રહે છે. મને ખાતરી છે, કે એ વર્ગના સિદ્ધાંતસારમાં આટલું પાંડિત્ય અને આટલો પક્ષપાત નહીં આવે. પણ અમારા વર્ગમાં જો

કોઈ સમર્થ અને આગ્રહી લેખક નીકળી પડશે, તો તે અવશ્ય લોકોનું વધારે આકર્ષણ કરશે; ધર્મને પુનરુજ્જીવિત કરશે અને દેશ સમગ્રની દશા ફેરવશે. નિમિત્તો દેખાવા માંડ્યાં છે. પ્રો. મણિલાલ પોતે જ લખે છે, કે પરાશક્તિના કલાંશરૂપ નારીમાત્ર જે સ્વાતંત્ર્ય ઇચ્છે છે, તે માત્ર પોતામાં રહેલા પરપ્રેમમય પૂજ્ય ચૈતન્યાંશને પ્રાધાન્ય અપાવવાની જ માગણી કરે છે,'' અને તે યોગ્ય છે. આ દિવસો સ્વાતંત્ર્યના બંધનમોક્ષના, વિકાસના છે. આખા જગતની સાથે મારે અને તમારે પણ તેમાં કેટલુંએક કરી બતાવવાનું છે. किं बहुना ?

વિ. તમારો સ્નેહાકાંક્ષી
**કાન્ત**

□

# સિદ્ધાંતસારનું અવલોકન

ઓગણીસમી સદીમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સંઘર્ષ થયો તે દરમ્યાન પ્રાચીન આર્ય ધર્મને દુનિયાના તમામ ધર્મોના કરતાં શ્રેષ્ઠ સાબિત કરવાનો પ્રયત્ન થયો હતો એ સંદર્ભમાં પુસ્તક 'સિદ્ધાંતસાર'નું અવલોકન કવિ કાન્તે, કાન્તાને પત્રોરૂપે, લખી મોકલેલું, તીક્ષ્ણ કટાક્ષ અને મીઠા પ્રહારોથી શરૂ થયેલું કાન્તનું વક્તવ્ય અધવચથી તેમનું માનસપરિવર્તન થતાં કેવું બદલાય છે, તેનું રસિક પ્રતિબિંબ આ પત્રોમાં પડેલું જોવા મળે છે. મૂળ 'જ્ઞાનસુધા' માસિકમાં ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં પ્રગટ થયેલા આ પત્રો ૧૯૨૭માં પુસ્તકરૂપે કાન્તે પ્રગટ કર્યા હતા, પરંતુ પછી ઘણા વખતથી તે ઉપલબ્ધ નહોતા. યોગ્ય ભૂમિકા સહિત સંપાદિત સ્વરૂપમાં ગુજરાતી સાહિત્યના એક રસિક પ્રકરણનો સાહિત્યરસિકોની નવી પેઢીને પરિચય થશે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન